
# યુગ શક્તિ ગાયત્રી






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. લોકમાનસના પ્રવાહ પરિવર્તન પર યુગ પરિવર્તનનો આધાર | ૧ |
| ૨. કસોટી પર ખરા ઊતરીએ | ૨ |
| ૩. આ સમય ચૂકી જવાનો નથી | ૪ |
| ૪. આપણે પોતાને યુગ પરિવર્તનને અનુરૂપ ઢાળીએ | ૬ |
| ૫. કેવો હશે પ્રજ્ઞા યુગ ? | ૧૧ |
| ૬. પ્રગતિનાં ચાર ચરણ | ૨૦ |
| ૭. લાભને બદલે નુકસાન કેમ થઈ રહ્યું છે ? | ૨૧ |
| ૮. સત્તયુગનો સૂર્યોદય થઈ ગયો, હવે પ્રકાશ ફેલાવવાનો બાકી છે | ૨૩ |
| ૯. આગામી લક્ષ્ય કયું હશે ? | ૨૬ |
| ૧૦. જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્ | ૨૯ |
| ૧૧. સર્જનાત્મક જીવનના કેટલાક સારગર્ભિત સૂત્રો | ૩૫ |
| ૧૨. બલિહારી ગુરુ આપને, ગોવિંદ દિયો બતાય | ૩૮ |
| ૧૩. શબ્દ તરંગોની પ્રભાવોત્પાદકતા | ૪૧ |
| ૧૪. ત્યાગ અને બલિદાનની સંસ્કૃતિ-દેવસંસ્કૃતિ | ૪૩ |
| ૧૫. આત્મીય અનુરોધ | ૪૭ |


## શિવ દેવોનાં દેવ મહાદેવ

*શિવ તો દેવોના દેવ મહાદેવ છે. તેમની નસે-નસમાં ગુણોનો ભંડાર ભરેલો છે. તેમના રોમે-રોમમાં હજારો સૂર્યના પ્રકાશની ચમક છે. તેમની હડ્ડીઓમાં વિશ્વ-કલ્યાણની યોજનાઓને ક્રિયાશીલ કરવાની દૃઢતા છે. તેમનું ડમરૂ ડમ-ડમ કરી કહે છે કે શિવ કલ્યાણના દેવતા છે. તેમના વિચારો રૂપી ખેતરમાં કલ્યાણકારી યોજનાઓ સિવાય કોઈ જ વસ્તુ ઉપજતી જ નથી. વિચારોમાં કલ્યાણનાં સમૂહની લહેરો ઉમડતી રહે છે. તેમના પ્રત્યેક શબ્દમાંથી કલ્યાણની ધ્વનિ નીકળે છે. એમના નેત્રોમાંથી આસુરી શક્તિનાં સંહાર માટે તીવ્ર અંગાર નીકળે છે, દુષ્ટ વિચારો અને દુર્ભાવનાઓ નષ્ટ કરવા ત્રિશૂળ સ્વયં ભાગે છે. એમનાં હાથોના સ્પર્શ માત્રથી દિવ્ય સંચાર થાય છે. એમના પગ અસુરોને દબાવી દે છે. દિવ્ય અસ્ત્ર સ્વાર્થ રૂપી શત્રુનો શિકાર કરે છે. શિવ જીવનાં સમસ્ત બંધનો સમાપ્ત કરે છે અને ભક્તને બ્રહ્મમાં લીન થવા સહાયક બને છે. મહા શિવરાત્રિ પર્વની હાર્દિક શુભકામનાઓ.*




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગશક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહસંપાદક :
ઘનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા

આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ :
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ US ડૉલર
રૂા. ૬૦૦=૦૦

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ US $
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦

વર્ષ - ૩૨ અંક - ૨

પ્રકાશન તારીખ ૨૫-૧-૨૦૦૧

ફેબ્રુઆરી - ૨૦૦૧

## લોકમાનસના પ્રવાહપરિવર્તન પર યુગપરિવર્તનનો આધાર

આજના લોકમાનસના અનિચ્છનીય પ્રવાહને ઉલટાવીને સીધી દિશામાં ગતિશીલ કરવો તે યુગપરિવર્તનનો મૂળભૂત આધાર હશે. એમાંથી સૌ પ્રથમ એ વ્યકિતવાદ અને લોભલાલચ પર પ્રહાર થશે, જે અનેક સ્તરની મહત્ત્વાકાંક્ષાઓ, લાલચ તથા લિપ્સાઓ ઉત્પન્ન કરે છે. બીજાઓની તુલનામાં વધુ સુવિધા અને સગવડો ભેગી કરવા અને મોટાઈ દર્શાવતો સરંજામ પ્રાપ્ત કરવામાં લાગ્યા રહેવું એ એવી દૃષ્ટિ છે જે ચિંતન અને ચરિત્રમાં અત્યંત નિકૃષ્ટતા વધારતી જાય છે. વાસના, તૃષ્ણા અને અહંકાર પર આધારિત ભ્રષ્ટ ચિંતન તથા દુષ્ટ આચરણ એમાંથી જ પેદા થાય છે, જેમનો વિચાર કરવાથી સંગ્રહ, ઉપભોગ અને પ્રદર્શનની નિકૃષ્ટતા બિનજરૂરી માત્રામાં ઘૂસી ગયેલી છે. આવા વ્યક્તિત્વના સ્તરને બધે વર્જિત ગણવામાં આવશે અને એ આધારે આગળ વધવાને બદલે પાછળ હટવા માટે વિવશ કરવામાં આવશે.

પ્રજ્ઞાયુગમાં દરેક વ્યકિત સામાજિક નીતિ અને મર્યાદાઓને મહત્ત્વ આપશે. કોઈ કામ એવું નહિ કરે કે જેથી માનવી ગરિમા તથા સમાજ વ્યવસ્થાને આંચ આવતી હોય. શિષ્ટાચાર, સૌજન્ય, સહયોગ, ઈમાનદારી, વચનપાલન અને નિષ્કપતા જેવી કસોટીઓ પર પરસ્પર વ્યવહાર સાચો ઠરવો જોઈએ. અનીતિને ન સહયોગ આપવામાં આવે કે ન પ્રત્યક્ષ કે પરોક્ષ સમર્થન. સામાજિક સુવ્યવસ્થા માટે એ જરૂરી છે કે મૂઢ માન્યતાઓનો, અનિચ્છનીય પ્રથાઓનો અને હાનિકારક કુરિવાજોનો વિરોધ કરવામાં આવે. એ જ રીતે છળ, શોષણ અને ત્રાસ જેવા અત્યાચારો સામે પણ અસહયોગ, વિરોધ અને સંઘર્ષનો રાહ અપનાવવામાં આવે. અનીતિનું આચરણ અને બિનજરૂરી પ્રથાઓને સમાનરૂપથી અહિતકર માનવામાં આવશે તથા તેમને અપનાવવી તો દૂર રહી પરંતુ કોઈ તેમનું સમર્થન પણ કરવા માટે સહમત નહિ થાય.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કસોટી પર ખરા ઊતરીએ

મહાકાળની કૃપા કોના પર ઊતરી ? કોનું સુષુપ્ત અંતઃકરણ સમયનો પોકાર સાંભળતાં જ ટટ્ટાર ઊભું થઈ ગયું ? યુગદેવતાનું વરદાન કોના પર વરસ્યું ? આવા સૌભાગ્યશાળીઓની શોધ કરવી હોય તો તેમની તપાસ અને પરખ કરવાનો એક જ માપદંડ હોઈ શકે છે કે કોણે યુગધર્મને ઓળખ્યો અને તેને અપનાવવા માટે કયા સ્તરનું બલિદાન-ત્યાગ, શૌર્ય-પરાક્રમ ચરિતાર્થ કરી બતાવ્યું ? અર્ધમૃતકોથી ભરેલા જનસમુદાયમાં પણ કોઈ વાર કેટલાંક એવાં નરરત્નો નીકળી આવે છે, જે માથું કપાઈ જાય તો પણ ધડના હાથમાં આવેલી તલવારથી જોહર બતાવવાનું ચૂકતાં નથી.

રાણા સાંગાને એંશી ઘા વાગ્યા હતા તેમ છતાં એ શરીરમાં લોહીનું એક ટીપું રહેવા સુધી સંગ્રામની કર્મભૂમિ પર લડતા રહ્યા હતા. આવા લોકો તો ઓછા જ હોય છે, પરંતુ કોલસાની ખાણ હીરાઓથી સંપૂર્ણ ખાલી તો નથી જ હોતી. કાદવમાં કમળ ખીલે છે. વીરોને પેદા કરતી ધરતી વાંઝણી નથી હોતી. તેનો પ્રજનનક્રમ પણ કોઈ ને કોઈ રૂપમાં ક્યાંક ને ક્યાંક ચાલતો જ રહે છે. આવા લોકો આત્મબોધ થતાં જ એવી સ્થિતિમાં પહોંચી જાય છે કે મહાકાળનું આમંત્રણ સાંભળી શકે અને એ હુંકારની દિશામાં શબ્દવેધી બાણની જેમ સણસણતા આગળ વધી શકે. ભૂતકાળમાં પણ આવું થતું રહ્યું છે અને આજની આવશ્યકતા પણ એમને કયાંક ને કયાંકથી પકડીને નિર્ણાયક મોરચે ઊભા થવા માટે ફરજ પાડશે.

યુગપરિવર્તન માટે જે સૌથી મોટા સાધનની, માધ્યમની જરૂર છે તે એ કે મનસ્વી પ્રતિભાઓ ક્ષુદ્રતાની બેડીઓ ઢીલી કરે અને મહાનતાના સુવર્ણ સિંહાસન ઉપર વિરાજમાન થાય. જે બીજા પાસે કરાવવું છે તે સ્વયં કરી બતાવવાનું સાહસ કેળવે અને વિશિષ્ટતાની કસોટી પર પોતાને ખરો સિદ્ધ કરી બતાવે.

ભગવાનની કૃપા જો કોઈની ઉપર સાચે જ વરસે તો તેનું એક જ રૂપ દેખાય છે કે એણે ભગવાનના કામમાં સહયોગ આપ્યો. તેની સૃષ્ટિને વધુ ને વધુ સંતુલિત, સમૃદ્ધ, સુંદર અને સુસંસ્કારી બનાવવા માટે એ કરી બતાવ્યું કે જેના બદલામાં કેવળ સ્રષ્ટાની જ કૃપા નહીં, પરંતુ સૃષ્ટિમાં નિવાસ કરતા હરકોઈનો સ્નેહ, સૌજન્ય અને સન્માન અનાયાસે જ વરસતા જોઈ શકાય છે.

નેતૃત્વ એક ગૌરવની વાત છે. તેને માટે દરેકને સહજ લાલસા રહે છે, પરંતુ એવો અવસર ભાગ્યે જ કોઈને મળે છે. આજના સમયનો આ એક સુયોગ જ છે કે સ્રષ્ટાની વિધિવ્યવસ્થાને પોતાની કૃતિ બતાવવા અને જણાવવાનું શ્રેય-સૌભાગ્ય પ્રાપ્ત કરવાની સંભાવના ઊભી થઈ છે. આવા અવસરને ઉપેક્ષિત કે તિરસ્કૃત કરવા અને ગુમાવી બેસનાર વ્યક્તિમાં સમજદારીનો એક અંશ પણ નથી એમ માનવું પડશે. ફક્ત અણસમજનો જ દોર ચાલે એવા કુયોગથી બચી શકાય તો એ સારું જ છે.

વિશ્વવસુધા પર છવાયેલી અસંખ્ય સમસ્યાઓના સમાધાન અને સંકટોના નિરાકરણ માટે આ સમય જ યોગ્ય છે. પૌરુષ અને ગૌરવ પ્રગટ કરવાના અવસરો હંમેશાં આવતા નથી. જેઓ સમયની ગરિમાને ઓળખે છે અને યોગ્ય સમયે યોગ્ય કદમ ઉપાડવાની સમજદારી બતાવી શકે છે તેમને જ સંતોષ, ઉલ્લાસ, આનંદ અને સત્કારનો સુયોગ મળે છે. જેઓ ચૂકી જાય છે તેમને પશ્ચાતાપ કરવા સિવાય કશું બાકી રહેતું નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**ખોવાઈ ગયેલી અન્ય વસ્તુઓ તો કોઈપણ રીતે પાછી મેળવી શકાય છે, પરંતુ સુયોગનો અવસર એવો હોય છે કે જે ચાલ્યો જાય તો ફરી ક્યારેય કોઈના હાથમાં આવતો નથી. આવી ભૂલનું નથી પરિમાર્જન થઈ શકતું કે ન પ્રાયશ્ચિત્ત.**

યુગસંધિનો હાલનો સમય એવો છે કે જે સૃષ્ટિના અનાદિકાળથી અત્યાર સુધી ભાગ્યે જ આવ્યો હશે અને ભવિષ્યમાં પણ ભાગ્યે જ આવશે. તેનું કારણ એ છે કે ભૂતકાળમાં સમસ્યાઓ આવતી રહી છે અને તેમનાં સમાધાન પણ મળતા રહ્યાં છે, લોકો પણ પ્રભાવિત થતા હતા, પરંતુ હવે એવી સમસ્યાઓ સામે આવી છે, જે સમગ્ર સંસારના સમસ્ત માનવસમુદાયના ભાગ્યપરિવર્તનનું પ્રયોજન સાથે લઈને આવી છે.

વિકાસ કે વિનાશની ચિરસ્થાયી સંભાવનાઓ સાકાર થવાનો આ અભૂતપૂર્વ સમય છે. જો વિનાશ આવે તો એવું થશે કે આ સુંદર ધરતીને ધૂળ બનીને અંતરિક્ષમાં ઊડી જવાની મહાવિપત્તિ જ બાકી રહેશે. સાથે જ એ પણ નિશ્ચિત છે કે આ વખતનો ફેરફાર તેનો ચિરસ્થાયી પ્રભાવ પાડશે. બુદ્ધિશાળી માનવામાં આવતા મનુષ્યને એ પૂર્ણપણે સારી રીતે સમજી લેવું પડશે કે જો જીવવા અને જીવવા દેવાની સંભાવનામાં અભિરુચિ હોય તો તેને જ અપનાવવું પડશે જે નવેસરથી નવા રૂપમાં સમજવામાં, નિર્ધારિત અને વિનિર્મિત કરવામાં આવી રહ્યું છે.

**સૈન્ય ભાગતી વખતે પોતાના ક્ષેત્રને નષ્ટ કરતું જાય છે કે જેથી શત્રુના હાથમાં કોઈ સુવિધાજનક પરિસ્થિતિ ન આવી જાય. આજકાલ સાફસફાઈની ચાવી જ રણનીતિ ચાલી રહી હોય એવું લાગે છે. નાલી સાફ કરતી વખતે બહાર આવતી બદબૂની જેમ આજે જે અસુખદ ઘટી રહ્યું છે તેની પાછળ સુખદ સંભાવનાઓ જ દેખાય છે. મહાપુરુષ, દેવમાનવ, અવતાર, સંત સુધારક અને શહીદ એ પરિસ્થિતિઓને પહેલાથી જ પારખીને સુખદ સંભાવનાઓ લાવવા માટે પ્રબળ પુરુષાર્થમાં જોડાઈ જાય છે અને વિપરીત પરિસ્થિતિઓ પ્રત્યે જાગૃત થઈ જાય છે. મનુષ્યના જન્મથી માંડીને મૃત્યુ સુધી તથા પૃથ્વીની ઊથલપાથલોથી માંડીને બ્રહ્માંડના વિસ્ફોટો સુધી આ એક જ તથ્ય સામે આવે છે કે પરિવર્તન લાંબા કાળથી ચાલી આવતી પ્રક્રિયાનું પરિણામ છે. કોઈ આકસ્મિક પ્રતિક્રિયાનું પરિણામ નથી.**


ગોમૂત્રમાંથી નિર્મિત દવાઓ

આ પત્રિકાના વિગત અંકોમાં ગોમૂત્રમાંથી દવાઓ બનાવવાની વિધિ આપવામાં આવી છે. વાચકોના પત્રો આવતા રહે છે કે આ તૈયાર દવાઓ ક્યાં મળે છે. વાચક કૃપા કરીને નીચે આપેલ સરનામે વ્યવહાર કરે.

(१) आदर्श गौसेवा एवं अनुसंधान प्रकल्प
विघ्नहर्ता एपार्टमेन्ट
चित्रा टोकीज के पीछे
रजपुतपुरा, अकोला - ४४४००१ (महाराष्ट्र)
फोन : ४२५६७३

(२) गौ विज्ञान अमुसंधान केन्द्र
कामधेनु भवन, पंडित बच्छराज व्यास चौक
चितार औली, महाल, नागपूर (महाराष्ट्र)
फोन नं. - ७७२२७३





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આ સમય ચૂકી જવાનો નથી

ભક્તજનો મોટેભાગે ભગવાનને પોકારે છે અને તેમની સહાયતા પ્રાપ્ત કરવા માટે વિનમ્રતાપૂર્વક કાકલૂદી કરતા રહે છે, પરંતુ ક્યારેક એવા અવસરો પણ આવે છે, જ્યારે ભગવાન એ ભક્તજનો પાસે આવશયક યાચના કરે છે અને બદલામાં એમને એટલું મહત્ત્વ આપે છે જે એમની પોતાની મહાનતાથી પણ વધારે હોય છે.

હનુમાનની વરિષ્ઠતાના સંબંધમાં જાણકારી મેળવ્યા બાદ રામ-લક્ષ્મણ એમને શોધવા માટે ઋષ્યમૂક પર્વત પર પહોંચ્યા હતા અને કોઈ રીતે એમને સીતાની શોધમાં સહાયતા કરવા માટે મનાવ્યા હતા. ગંગાઘાટ પાર કરવા માટે એમણે આગ્રહ કરીને કેવટને મદદ કરવા માટે કોઈ રીતે મનાવ્યા. વિપત્તિના સમયે કામમાં આવનાર જટાયુને છાતીએ લગાડી કૃતજ્ઞતા વ્યક્ત કરી, જેની અનુભૂતિ સાંભળનાર દરેકને ભાવવિભોર બનાવી દે છે. સમુદ્ર પર પુલ બાંધવા માટે જે શસ્ત્રરહિત રીંછવાનરોએ મદદ કરી એમની ઉદાર ચેતનાને હજારો લાખો વરસો વીતી જવા છતાં કથાકારો ભુલ્યા નથી.

મહાભારત અનિવાર્ય હતું. તેની લગામ સંભાળવા માટે અર્જુન જેવા મનસ્વીની આવશયકતા હતી. અર્જુનને પૂછવામાં આવ્યું તો એ આનાકાની કરવા લાગ્યો. ક્યારેક ભીખ માગીને ખાઈ લેવાનો તો ક્યારેક કુટુંબીઓ ઉપર શસ્ત્ર ન ઉઠાવવાનો સિદ્ધાંતવાદ તર્કરૂપે રજૂ કરવા લાગ્યો. ભગવાને તેના મનની કમજોરી વાંચી અને તિરસ્કારભર્યા કડવા શબ્દોમાં દબાણ કર્યું કે એણે એ કઠોર કાર્ય માટે પ્રવૃત્ત થવું જ જોઈએ. ભગવાન આમ તો સર્વશક્તિમાન હોવાથી એકલા પણ મહાભારત જીતી શકતા હતા, પરંતુ અર્જુનને શ્રેય આપવાનું હતું, એને યશસ્વી પણ બનાવવાનો હતો. તેથી રણભૂમિ વચ્ચે ઊભા રહીને અર્જુનને વિસ્તારપૂર્વક દર્શનશાસ્ત્ર સમજાવી પોતાના પ્રયોજનમાં ભાગીદાર બનવા માટે મનાવવો પડ્યો. અર્જુન નુકસાનમાં નહીં, ફાયદામાં જ રહ્યો.

સુદામાં બગલમાં દબાવી રાખેલી તાંદુલની પોટલી આપવા ઈચ્છતા નહોતા, શરમાઈ રહ્યા હતા, પરંતુ એમણે એ દૂરતાના ભાવને બળપૂર્વક છીનવી લીધો અને તાંદુલ આપવાની ઉદારતા પારખી લીધા પછી જ દ્વારકાપુરીને સુદામાપુરીમાં ફેરવી દીધી. ભક્ત અને ભગવાનના મધ્યવર્તી ઈતિહાસની પરંપરા આવી જ રહી છે. પાત્રતા પારખ્યા પછી જ કોઈને કાંઈક મહત્ત્વપૂર્ણ મળ્યું છે. જેઓ આંખો નચાવી, આંસુ સારી અને રામધુનની તાળી વગાડીને મોટામોટા ઉપહારો પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેમની અનુદારતા ખાલી હાથે જ પાછી વળે છે. ભગવાનને ઠગી શકાતા નથી. તેઓ ગોપીઓ પાસેથી પણ છાશ પ્રાપ્ત કર્યા વિના પોતાની કૃપા આપતા ન હતા, જેઓ ગોવર્ધન ઉઠાવવામાં મદદ કરવાની હિંમત કરી શક્યા તેઓને જ કૃષ્ણના સાચા સખાઓ ગણવામાં આવ્યા.

આ સમયયુગ પરિવર્તન જેવા મહત્ત્વપૂર્ણ કાર્યનો છે. આને આદર્શવાદી કઠોર સૈનિકો માટે પરીક્ષાની ઘડી કહેવામાં આવે તો એમાં જરાય અતિશયોક્તિ માનવી ન જોઈએ. જૂનો કચરો હટે છે અને તેના સ્થાને નવીનતાનાં ઉત્સાહભર્યાં આયોજનો થાય છે. આ મહાન પરિવર્તનની અને ક્રાંતિની વેળા છે. એમાં કાયર, લોભી, ડરપોક અને વિદૂષકો જ્યાં ત્યાં છુપાયેલા હોય તો તેમની તરફ ઘૃણા અને તિરસ્કારની નજર નાંખી એમને અવગણી પણ શકાય છે. જેમણે આપત્તિની સ્થિતિમાં પણ પ્રમાદ સેવ્યો અને પોતાનું તથા દેશનું ગૌરવ ધૂળમાં મેળવી દીધું એવા યુગસૈનિકો જ જો સમયની મહાનતા અને જરૂરિયાતને ન સમજતાં જ્યાં ત્યાં સહેલ-સપાટો કરતા ફરે અને જરૂર વખતે હથિયાર ન મળવાને કારણે સમગ્ર સેનાને હારી જવું પડે તો એવી વ્યક્તિઓ પર દરેકનો રોષ જ ઊતરશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવંતો, જાગૃતો અને પ્રાણવાનોમાંથી દરેકે અનુભવ કરવો જોઈએ કે આ સમય એવો વિશેષ છે, જે લાખો-હજારો વર્ષો બાદ ક્યારેક એકાદ વાર આવે છે. ગાંધીના સત્યાગ્રહી અને બુદ્ધના પરિવ્રાજક બનવાનું શ્રેય, સમય ચાલ્યો ગયો હોવાથી હવે તેને કોઈપણ મૂલ્યે મેળવી નહિ શકે. હનુમાન અને અર્જુનની ભૂમિકા માટે ફરીથી ઉત્સુક થનાર કોઈ માણસ ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ હવે બીજી વખત તેવો અવસર પ્રાપ્ત કરી શકાતો નથી. સમયની પ્રતીક્ષા તો કરી શકાય, પરંતુ સમય કોઈની પણ પ્રતીક્ષા કરતો નથી. ભગીરથ, દધીચિ અને હરિશ્ચંદ્ર જેવું સૌભાગ્ય હવે તેમના કરતાં પણ વધુ ત્યાગ કરવા છતાં મેળવી શકાતું નથી.

સમય બદલાઈ રહ્યો છે. અત્યારે પ્રભાતકાળનું બ્રહ્મમુહૂર્ત છે. અત્યારે અરુણોદયનાં દર્શન થઈ શકે છે. કેટલાક કલાક એવા હોય છે, જે પ્રમાદમાં ગુમાવી દેવામાં આવે તો વહી ગયેલો સમય પાછો કેવી રીતે આવશે ? યુગપરિવર્તનની વેળા ઐતિહાસિક, અસાધારણ અવધિ છે. એમાં જેનો જેટલો પુરુષાર્થ હશે એ એટલો જ ઉચ્ચ કોટિનો શૌર્યપાદક મેળવી શકશે. સમય જતો રહે પછી, સાપ ચાલ્યો જાય પછી એના લીસોટાને લાકડીથી પીટવાનું જ બાકી રહી જાય છે.

આ દિવસોમાં મનુષ્યનું ભાગ્ય અને ભવિષ્ય નવી જ રીતે લખવામાં અને ઘડવામાં આવી રહ્યું છે. આવો વિલક્ષણ સમય હજારો વર્ષો પછી આવે છે. એને ચૂકી જનારા સદા પસ્તાતા જ રહે છે અને જે એનો સદુપયોગ કરી લે છે તે પોતાને સદા-સર્વદાને માટે અજર-અમર બનાવી દે છે. ગોવર્ધન એક જ વાર ઉપાડવામાં આવ્યો હતો. સમુદ્ર પર સેતુ પણ એક જ વખત બન્યો હતો. કોઈ એમ વિચારતું રહે કે આવો સમય તો વારંવાર આવતો જ રહેશે અને આપણી જ્યારે ઇચ્છા થશે ત્યારે એનો લાભ ઉઠાવી લઈશું, તો આમ સમજનારા ભૂલ કરે છે. આ ભૂલનું નિવારણ ફરી ભાગ્યે જ થઈ શકે.

લોકો પોતાના પુરુષાર્થથી તો પોતાને અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન કરતા જ રહે છે; પરંતુ ભગવાનના ઉપાયોનું શ્રેય મનુષ્યને અનાયાસ જ મળી જાય એવું ક્યારેક જ બને છે. અર્જુનનો રથ એક જ વાર કૃષ્ણે ચલાવ્યો હતો. એ એના માત્ર સારથિ નહોતા કે જ્યારે હુકમ કરે ત્યારે તેમની પાસે કામ કરાવી શકાય. ભગવાન રામ અને લક્ષ્મણને ખભે ઉઠાવવાનું શ્રેય હનુમાનને એક જ વાર મળ્યું હતું. હનુમાન ઇચ્છે ત્યારે એમને ખભે બેસાડતા તથા સહેલ કરાવતા. આવા અવસર ઇચ્છીશું ત્યારે મળી જશે એવી આશા કોઈએ પણ રાખવી જોઈએ નહીં.

બ્રહ્માએ સૃષ્ટિ એક જ વખત રચી હતી. તે પછી તો એ જ પ્રક્રિયા કોઈપણ રીતે ચાલતી જ રહી છે. નવયુગનું સર્જન આ દિવસોમાં થઈ રહ્યું છે. સમુદ્રમંથન એક જ વખત થયું હતું અને એમાંથી ચૌદ રત્ન એક જ વાર નીકળ્યાં હતાં. એવી ઘટનાઓ મન ચાહે ત્યારે બનશે એવી આશા રાખવી જોઈએ નહીં.

અનિચ્છનીયતાના પલાયન અને ઔચિત્યની સ્થાપનાનું બ્રહ્મમુહૂર્ત આજ પહેલી જ વાર આવ્યું છે. ફરી ક્યારેય આપણે આ મનુષ્ય જન્મમાં આવું જોઈ શકીશું એવી આશા કરવી એક પ્રકારે અયોગ્ય છે. સારું તો એ જ છે કે આવા પુણ્ય અવસરનો લાભ ઉઠાવવાની તક આજના વિચારશીલો તો જતી કરવાની ભૂલ કરે જ નહીં.

ભગવાન બુદ્ધ પ્રવજ્યા કરતા હતા એક દિવસ એક બ્રાહ્મણના ઘેર પહોંચ્યા. જ્યારે બ્રાહ્મણને ખબર પડી કે આ બુદ્ધ છે તો એણે મન મૂકીને ગાળો આપી, અપશબ્દો કહ્યા અને તરત જ નીકળી જવા માટે કહ્યું. બુદ્ધ ઘણી વાર સુધી સાંભળતા રહ્યા. જ્યારે એ સજ્જને બોલવાનું બંધ કરી દીધું ત્યારે એમણે પૂછયું - દ્વિજવર ! આપને ત્યાં કોઈ અતિથિ આવતા હશે તો આપ એમનું સુંદર ભોજન અને મિષ્ટાન્નોથી સ્વાગત કરતા હશો. એમણે જવાબ આપ્યો - એમાં કોઈ શંકા નથી. બુદ્ધ બોલ્યા - જો કોઈ કારણવશ મહેમાન તેનો સ્વીકાર ન કરે તો આપ એ પકવાનો ફેંકી દેતા હશો. બ્રાહ્મણે જવાબ આપ્યો - શા માટે ફેંકી દઈએ, અમે સ્વયં ગ્રહણ કરી લઈએ છીએ. બુદ્ધ આટલું કહી સ્તિત કરતા જતા રહ્યા. તો અમે આપની ગાળોની ભેટ સ્વીકારતા નથી. આપની વસ્તુ આપ ગ્રહણ કરી લો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આપણે પોતાને યુગપરિવર્તનને અનુરૂપ ઢાળીએ

નવયુગનું સ્વરૂપ શું હશે ? આપણે તેની રૂપરેખા અત્યારથી જ આપણા મનમાં સારી રીતે ઠસાવી લેવી જોઈએ. મનુષ્યોની આકૃતિ તો આજે છે તેવી જ રહેશે, પરંતુ તેમની પ્રવૃત્તિમાં પૂરેપૂરું પરિવર્તન થઈ જશે. વસ્તુઓનાં રૂપ અને ગુણ એ જ રહેશે, પરંતુ તેમનો ઉપયોગ આજે કરવામાં આવે છે તે આધાર પર નહિ થાય. આચારવિચાર, રહેણીકરણી, રીતરિવાજ, પ્રથા, પરંપરા, કાયદો, શાસનપદ્ધતિ તથા ધર્મધારણાનું વર્તમાન નીચલું સ્તર કૂડા-કચરાની જેમ વાળીને ફેંકી દેવામાં આવશે અને તેના સ્થાને એક અતિ ઉત્કૃષ્ટ અને આદર્શ, વિવેક, ન્યાય તથા સચ્ચાઈથી ભરપૂર વિધિ-વ્યવસ્થાનો વિકાસ થશે. લોકોનો સદ્વ્યવહાર લોકો સુધી જમર્યાદિત નહિ રહે, પરંતુ કૌટુંબિકતા અને આત્મીયતાની ભાવના પ્રાણી માત્ર સુધી વિસ્તરશે અને ત્યારે વસુધૈવ કુટુંબકમ્‌નો સિદ્ધાંત સર્વત્ર કાર્યાન્વિત થતો દેખાશે. વિનાશાત્મક પ્રવૃત્તિઓને જ્યારે સર્જન માટે પ્રવૃત્ત અને પરિવર્તિત કરવામાં આવશે ત્યારે આ વિશ્વવસુધામાં સર્વત્ર વિખરાયેલી વિભૂતિઓ હરિયાળીથી ઓતપ્રોત થઈ પત્ર-પુષ્પોથી લદાયેલા આ વિશ્વ-ઉપવનને નંદનવનમાં ફેરવી દેશે અને આ ધરતી પર સ્વર્ગનું અવતરણ થયેલું દેખાશે.

આપણામાંથી પ્રત્યેક બુદ્ધિશાળી અને વિચારશીલ મનુષ્યે પોતાનું મન અને મગજ આ ભાવિ સંભાવનાઓને અનુરૂપ ઢાળવાની તૈયારીમાં અત્યારથી જ લાગી જવું જોઈએ કે જેથી સમય આવ્યે એ ફેરફાર દુઃખદાયી ન લાગે. જેઓ પહેલેથી જ અનુકૂળ થઈ જશે તેઓ તોફાની પ્રવાહની સાથે વહી જવાની સુવિધાનો અનુભવ કરશે, પરંતુ જેમણે વિરોધી અને પ્રતિગામી માન્યતાઓ પોતાની સાથે જકડી રાખી હશે એમને ભારે અડચણ, વ્યથા, પ્રતિકૂળતા અને વિપત્તિનો અનુભવ થશે. પરિવર્તનનો પ્રવાહ રોકાવાનો નથી. ઈશ્વરનો નિર્દેશ અને મહાકાળનું પ્રત્યાવર્તન રોકી શકવાનું તુચ્છ મનુષ્યના સામર્થ્યની બહાર છે, તેથી શાણપણ એમાં જ છે કે આપણે ઋતુપરિવર્તનની સાથે વસ્ત્ર, રહેણકરણી વગેરેની જેમ યુગપરિવર્તનના અવસર પર પોતાના ચિંતન, કાર્યો અને અભ્યાસને પણ બદલી નાખીએ. એમાં જ સુવિધા અને સરળતા રહેશે.

બદલાતા યુગમાં મુખ્ય પરિવર્તનો આ પ્રમાણે થશે :

(૧) ધન પર સમાજનું સ્વામિત્વ, વ્યક્તિગત સંપદાનો અંત (૨) જાતિ અને લિંગના નામે ચલાવવામાં આવતી અસમાનતાનો અંત અને મનુષ્યમાત્રના સમાન નાગરિક હકકોની સ્થાપના (૩) વિશ્વબંધુત્વની માન્યતા, દરેક કાર્યપદ્ધતિમાં સહયોગ, કૌટુંબિકતાની પ્રવૃત્તિની શ્રેષ્ઠતા, વિશ્વરાષ્ટ્રની સ્થાપના, એક ધર્મ, એક સંસ્કૃતિ, એક ભાષા, એક આધાર વગેરે એકતાનાં સૂત્રોનું સાર્વભૌમ પ્રચલન. (૪) વ્યક્તિવાદનો અંત, સમૂહવાદનો ઉદય, અધિકારની ઉપેક્ષા અને કર્તવ્યની પ્રતિષ્ઠા, તત્પરતા, ઉદારતા અને સજ્જનતાની માત્રા અનુસાર માનવી ગરિમાનું મૂલ્યાંકન. આ ચાર આધાર ભાવિ યુગનિર્માણના મૂળભૂત આધાર, તથ્ય અને આદર્શ હશે. આ સિદ્ધાંતો પર જ વ્યક્તિના હક્કો અને કર્તવ્યો નક્કી કરવામાં આવશે. આ આધારોને જ સાકાર કરવા માટે નવયુગ ઝડપી ગતિથી દોડતો આવી રહ્યો છે સમયની ગતિને ઓળખવાનું જ પૂરતું નથી, તેને અનુરૂપ ઢળવું પણ જરૂરી છે. શકય હોય તો માનવમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું સર્જન કરી શકવામાં સમર્થ આ દિવ્ય અવતરણનું સ્વાગત અને સત્કાર કરવા માટે આપણે અર્ધ્ય-આરતી લઈ આગળ વધવાનું સાહસ પણ એકઠું કરવું જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૧) આગામી દિવસોમાં ઉત્પાદન, વિતરણ, શ્રમ, મૂડી અને સંપત્તિ પર વ્યકિતનો નહીં, પણ સમાજનો અધિકાર રહેશે. સમાજની સ્થિતિને અનુરૂપ જે યોગ્ય અને શક્ય હોય તેટલો જ લાભ વ્યકિત પોતાના શારીરિક અને માનસિક શ્રમ દ્વારા ઉઠાવી શકશે. શેષ ક્ષમતાનો લાભ સમાજને મળશે. જે જેટલું અને જે રીતે પણ કમાઈ શકે છે તેનો પૂરો લાભ પોતાના માટે ઇચ્છે તે કામમાંખર્ચી શકવાની આજની આ મનમરજી આગામી દિવસોમાં નહિ રહે. રાષ્ટ્રના બાળક, વૃદ્ધ, અપંગ સુધીની દરેક વ્યકિતની નિર્વાહ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને પ્રગતિની જવાબદારી જ્યારે સમાજ ઉઠાવશે તથા આજકાલ વ્યકિતગત ઉદારતા અને દાનદક્ષિણા પર નભતા એ બધાં જ લોકોપયોગી કાર્યોની જવાબદારી પણ જ્યારે સમાજના ખભે અનિવાર્ય જરૂરિયાતની જેમ આવશે ત્યારે ચોક્કસપણે શાસનનો ખર્ચ વધશે. વ્યકિતની યોગ્યતાનો પૂરો લાભ જ્યારે સમાજને મળશે અને પરિસ્થિતિને અનુરૂપ સમાનતાના સિદ્ધાંતના આધારે સંભવ હોય તેટલાં જ સાધનો જ્યારે વ્યકિતને નિર્વાહ માટે મળે ત્યારે જ એની પૂર્તિ શકય છે. આજે એશઆરામ, સંગ્રહ અને વ્યાજ કમાવામાં જે મૂડી ફસાયેલી છે તે વ્યકિતગત માલિકીમાંથી નીકળીને સમાજને મળી જશે ત્યારે ચોક્કસપણે તેને વધુ ઉપયોગી લોકમંગલના કાર્યોમાં ખર્ચી શકાશે. આ પ્રકારના ધનના નિયંત્રણથી જ સામાન્ય જનતાની સગવડ, સુરક્ષા અને પ્રગતિ શક્ય છે. આજે વ્યકિતને કોઈપણ રીતે ગમે તેટલું કમાવાની અને ખર્ચ કરવાની છૂટ છે. આ ઉદ્દંડતાએ એક તરફ અમીરોને વિલાસી બનાવ્યા છે તો બીજી તરફ ગુનાઓ કરવા માટે પ્રેરિત કર્યા છે. આગામી દિવસોમાં જ્યારે નિયંત્રણ આવશયક બની જશે ત્યારે ન કોઈ હરામખોર રહેશે કે ન બેકાર. ન કોઈ વિલાસી રહેશે કે ન અહંકારી. ઈર્ષ્યા અને દ્વેષનાં કારણો પણ ખતમ થઈ જશે અને ધન માટે ગુનાઓ કરવાનો પણ કોઈ આધાર રહેશે નહીં. વ્યકિતગત વ્યાપાર-ધંધો કરવાનો પણ કોઈ આધાર નહિ રહે. વ્યાપર ધંધો સહયોગના આધારે થશે અથવા તો સરકાર કરશે. વ્યકિતગત માલિકીના નામે માત્ર જરૂરી નિર્વાહનાં સાધનો જ મળશે. એવી સ્થિતિમાં આજની ત્રણ ચતુર્થાંશ દુષ્પ્રવૃત્તિ જે ધનના સ્વેચ્છાચારી હાથોમાં રહેવાથી વિકસી છે તે સ્વયં ખતમ થઈ જશે અને જે અત્યાચાર-ભ્રષ્ટાચાર ચારે તરફ ફેલાયેલો દેખાય છે તેને માટે કોઈ અવકાશ નહિ રહે.

આવક, મૂડી અને શ્રમનું રાષ્ટ્રીયકરણ થવાનું જ છે. આ વ્યવસ્થા સંપૂર્ણ વિશ્વમાં થઈને જ રહેશે. આને સામ્યવાદ, સમાજવાદ, અધ્યાત્મવાદ, અપરિગ્રહ, અનિવાર્ય દાનશીલતા કે બીજું કોઈ નામ આપવામાં આવે તો પણ આ થવાનું જ છે. તે વિના આજના વ્યાપક પાપ-તાપ અને શોકસંતાપનું કોઈ સમાધાન નથી. ધનના સ્વેચ્છાચારી આવક અને ઉપભોગે આપણા ભાવનાત્મક, માનસિક, વ્યાવહારિક, કૌટુંબિક અને સામાજિક માળખામાં અસંખ્ય વિકૃતિઓ પેદા કરી છે. આ તથ્યને દરેક જણ થોડા દિવસોમાં જ સમજી લેશે અને સ્વેચ્છાચાર વર્તમાન અર્થવ્યવસ્થાને બદલવા માટે પૂરો ઉત્સાહ પ્રગટ કરશે. આ પદ્ધતિથી જ લોકવ્યવસ્થા શક્ય છે. તેથી યુગની જરૂરિયાત પૂરી કરી શકતી આવી જ અર્થવ્યવસ્થા થોડા દિવસોમાં વિશ્વવ્યાપી બની જશે. આપણે આપણી વિચારપદ્ધતિ અને કાર્યપદ્ધતિમાં અત્યારથી જ ફેરફાર કરવાનું શરૂ કરી દઈએ તે સારું છે કે જેથી પરિવર્તનની ક્ષણોમાં આપણને સ્તબ્ધ અને દુઃખી થવાની સ્થિતિનો સામનો ન કરવો પડે.

(૨) જાતિ અને લિંગના નામે ચલાવવામાં આવતી આજની અસમાનતા અન્યાયજનક છે. કોઈ વંશમાં જન્મ લેવાથી કોઈને સન્માન કે તિરસ્કાર મળે અને તેને ઊંચ કે નીચ કહેવામાં આવે, કોઈને વિશેષ સુવિધાઓ મળે અને કોઈના માનવી હક્કો પણ છીનવાઈ જાય, આ પદ્ધતિ અનીતિ અને અન્યાય પર જ ઊભી છે. ગોરા-કાળાનો અને બ્રાહ્મણ-શૂદ્રનો આજનો ભેદભાવ દરેક રીતે અનુચિત છે. સત્કર્મોને કારણે કોઈને સન્માન મળે અને દુષ્કર્મોથી કોઈ તિરસ્કૃત થઈ જાય એ વાતને સમજી શકાય, પરંતુ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહેવાતા આધારરહિત નાતજાતની કલ્પિત કલ્પનાને પથ્થરની લકીર માની કોઈને ઊંચ અને કોઈને નીચ માનવામાં આવે તથા એ આધારે જ માનવી-માનવી વચ્ચે ભેદભાવની દીવાલો ઊભી કરવામાં આવે તો એ દરેક રીતે અનુચિત કહેવાશે. આ અનુચિતતાનો આગામી દિવસોમાં અંત આવીને જ રહેશે. મનુષ્યમાત્રને એક જ સ્તરના નાગરિક હક્કો પ્રાપ્ત થશે. ત્યારે જ્ઞાન અને કર્મ જ કોઈના મૂલ્યાંકનનો આધાર બનશે.

સ્ત્રી અને પુરુષોના અધિકારો લગભગ એકસરખા થઈ જશે. આજના સમાજમાં પુરુષને સ્ત્રીની તુલનામાં અનેક વિશેષ અધિકારો મળેલા છે. પુરુષને અધિપતિ સમજવામાં આવે છે અને નારીને દાસી. રાજનૈતિક પરાધીનતા જેવી જ આ ગુલામીની પ્રથા અનિચ્છનીય છે. પાછલા દિવસોમાં પશુઓની જેમ જ મનુષ્યોને પણ ખરીદવામાં અને વેચવામાં આવતા હતા તથા કોઈ સ્વામી તો કોઈ દાસ બનતા હતા. આ માન્યતા કાયદાકીય રીતે ખતમ થઈ ગઈ, પરંતુ કૌટુંબિક જીવનમાં નારીને જકડી રાખતાં અનેક બંધનો અને પેટાબંધનો આજે પણ મોજૂદ છે અને તેમને ધર્મનો, પરંપરાઓનો અને સંસ્કૃતિનો જામો પહેરાવવાની કુચેષ્ટા કરવામાં આવે છે. આગામી દિવસોમાં આ દુષ્ટતાનો અંત આવી જશે અને નરનારી પરસ્પર મિત્ર બનીને સામાજિક આચાર તથા મર્યાદાઓનું પાલન કરતાં દેખાશે. નરને પોતાને માટે જે બંધનો સ્વીકાર્ય હોય તે જ બંધનો નારી માટે રહેશે. બંને માટે કાયદા અને પરંપરાઓ સમાનતાના આધારે બનશે. નારીને ગર્ભ ધારણ કરવો પડે છે અને શિશુપાલનમાં તેને જ વધુ ધ્યાન આપવું પડે છે. ગૃહસ્થજીવનના આ અસંતુલનને પૂરું કરવા માટે નારી માટે વિશેષ સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવશે. ગૃહસ્થી શરૂ કરવાની સાથે જ દરેક પુરુષને એ પ્રતિબંધ સ્વીકારવો પડશે કે સંતાનોત્પાદનને કારણે ઊભી થતી મુશ્કેલીઓ વેઠવામાં નારીને જે વિશેષ નુકસાન ભોગવવું પડે છે તેની પૂર્તિ તે વિશેષ સુવિધાઓ આપીને કરશે. આ રીતે આજે પુરુષને જે વિશેષ લાભો મળે છે તે આગામી દિવસોમાં નારીના પક્ષે જતા રહેશે.

સારું થાય કે આપણા નાતજાતના આધારે ઊભી થયેલી ભેદભાવની દીવાલો દૂર કરવાનો પ્રયત્ન કરીએ. સારું એ જ છે કે વાતવાતમાં નારી પર ધાક જમાવવાની અને તેને ડગલેને પગલે દબાવવા, સતાવવા, ડરાવવા અને તિરસ્કૃત કરવાની દુષ્ટતાને સમય રહેતાં છોડી દઈએ. સમાનતાના આદર્શો પર પરસ્પર એકબીજાના સાચા મિત્ર બનીને રહીએ. કન્યા અને પુત્રનું આજનું અંતર કાલે ખતમ થવાનું જ છે. તેથી યોગ્ય એ જ છે કે એવી માન્યતા અત્યારથી જ મનમાં ઠસાવવાની શરૂઆત કરી દઈએ.

(૩) ભાષા, સંપ્રદાય, પ્રદેશ, રંગ વગેરેના આધારે જે ખેંચતાણ સર્વત્ર ચાલી રહી છે અને એક વિશેષ વર્ગ તથા પ્રદેશ સાથે આત્મીયતા જોડવામાં આવતી રહી છે તેને આગામી દિવસોમાં માનવી માનવીને જુદા કરતી સંકુચિતતાથી ભરેલી તુચ્છતા માનવામાં આવશે. સમસ્ત વિશ્વ એક રાષ્ટ્ર બનશે. ભૌગોલિક સુવિધાઓના આધારે દેશોની સીમા નક્કી કરવામાં આવશે. કોઈ દેશ અલગ નહિ રહે. વિશ્વરાષ્ટ્રના પ્રાંત માત્ર બનીને તે નવનિર્મિત પ્રાંત કે પ્રદેશ બનીને રહેશે. સેના ફક્ત વિશ્વરાષ્ટ્રની કેન્દ્રીય સરકાર જ રાખશે. ધર્મના આધારે જાતિઓ નહીં બને અને માનવી માનવી વચ્ચે દીવાલ ઊભી કરવાની ધૃષ્ટતા કોઈ ધર્મ કરી નહિ શકે. ધર્મ, ઈશ્વર અને અધ્યાત્મની એક વિશ્વપરિભાષા અને માન્યતા બનશે, જેની પાછળ કલ્પિત કલ્પનાઓ નહીં, પરંતુ વિવેકશીલતા, સામાજિક, સજ્જનતા અને લોકમંગલના બધા ઉચ્ચ તથા ઉત્કૃષ્ટ આદર્શો જોડાયેલા હશે. ત્યારે ધર્મના નામે કોઈ મહંત કે મઠાધીશ લોકશ્રદ્ધા અને ધનનું શોષણ કરી શકશે નહીં. સંપૂર્ણ દુનિયામાં એક જ ભાષા રહેશે, કેમ કે પરસ્પરના સંબંધોની અભિવૃદ્ધિ તથા જ્ઞાનના આદાનપ્રદાન માટે ભાષાની એકતા અત્યંત અને પોતપોતાની ધરતીનો મોહ છોડીને એક કેન્દ્ર પર આવવું પડશે. મર્યાદિત સ્થાનોના આધારે ઊભી થયેલી આજની આ બધી વિભેદની દીવાલો આગામી દિવસોમાં જ નષ્ટ થઈ જશે. લોકો વિશાળ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દષ્ટિકોણથી વિચારશે અને વિશ્વવ્યાપી એકતા, એકરૂપતા, એક સત્તા અને વ્યવસ્થાની ઉપયોગિતાને સમજી આજની દોડધામ પોતે જ છોડી દેશે. એકતા માટે સંકુચિતતા છોડવી પડશે જે લોકો હસીખુશીથી છોડી પણ દેશે. સારું તો એ છે કે આપણે અત્યારથી જ આ વિભેદની દીવાલોને બિનજરૂરી સમજવાનું શરૂ કરી દઈએ અને એમનું સિંચન કરવાના બદલે એમને તોડી નાખવાની વાત વિચારીએ. અંતે આપણે વસુધૈવ કુટુંબકમ્‌ના, વિશ્વ એકતાના માર્ગને જ અપનાવવો પડશે. વર્ગ અને ક્ષેત્રના સંઘર્ષોનો અંત આ જ રીતે આવશે. આ જ થવાનું છે તો આપણે અત્યારથી જ મંદ કે તીવ્ર ગતિએ એ જ દિશામાં આગળ વધવું જોઈએ.

(૪) વ્યકિતવાદી સ્વાર્થીપણું મનુષ્યને વિલાસી, સ્વાર્થી અને સંકુચિત બનાવે છે. લોકો પોતાના જ ધનની, યશની અને સુવિધાની વાત વિચારે તથા તે માટે જ જીવે અને મરે તો એમની પ્રવૃત્તિઓ સમાજમાં અસંખ્ય વિકૃતિઓ પેદા કરશે. માણસ જેટલો સ્વાર્થી અને સંકુચિત થતો જાય છે, સમાજની ઉપેક્ષા કરી પોતાના સીમિત લાભોમાં રચ્યોપચ્યો રહે છે તેટલો જ એ બીજા માટે બિનઉપયોગી અને વિઘાતક બનતો જાય છે. વ્યકિતની ઉપયોગિતા અને મહાનતા તે સમાજના અને બીજાના હિતને મહત્ત્વ આપે એમાં છે. આપણે ત્યાં પુણ્ય, દાન, સ્વર્ગ, નરક, સ્વાધ્યાય, સત્સંગ, પૂજન વગેરેની વ્યવસ્થા એ માટે ઊભી કરવામાં આવી છે કે વ્યકિત સંકુચિત સ્વાર્થીપણું છોડી વિશાળ દષ્ટિકોણ અપનાવે અને ઉદાર આચરણની રીતિનીતિ અપનાવે, ચરિત્રનિષ્ઠાનો એ જ આધાર હોઈ શકે છે. આત્મા જ્યારે તુચ્છતાથી મહાનતા તરફ, લઘુતાથી વિભુતા તરફ અગ્રેસર થાય છે ત્યારે એ પરમાત્માનો જ આત્મવિસ્તાર કહેવાય છે. સૌમાં પોતાને તથા પોતાનામાં સૌને જોવાં એ જ તો તત્ત્વજ્ઞાન છે. લોભ અને મોહનાં બંધનો કાપીને વિશ્વમાનવ પ્રત્યે પોત-પોતાની સંપદા અને વિભૂતિઓનું સમર્પણ કરવું એનું જ નામ યોગસાધના છે. સ્વાધ્યાય અને સત્સંગ જો સાચો હોય તો તેનું પ્રશિક્ષણ આ માન્યતાઓનું જ પ્રતિપાદન હોઈ શકે છે. ધર્માત્માનું જ બીજું નામ સદાચારી તથા ઈશ્વરભક્તનું જ બીજું નામ સમાજનિષ્ઠ છે. શબ્દોમાં અંતર ભલે રહે, તથ્ય એક જ છે. લોભી, સ્વાર્થી, સંકુચિત અને દોડધામમાં વ્યસ્ત વ્યકિત ભકિત કે ધર્મનો ઢોંગ ભલે કરતી રહે, વાસ્તવમાં એને ઉચ્ચ સ્થિતિથી બધી રીતે જુદી માનવામાં આવશે.

વ્યકિતવાદી સ્વાર્થીપણું મનુષ્યને ખરાબમાં ખરાબ કુકર્મ કરવા પ્રેરિત કરે છે આવી વ્યક્તિ વિલાસી, શોષક અને સંગ્રહી જ બની શકે છે, તેથી સામ્યવાદમાંથી આ દુષ્પ્રવૃત્તિને બળપૂર્વક કચડી નાખવા અને અનિવાર્યપણે સમાજનિષ્ઠ બનવા માટે વિવશ કરવામાં આવે છે. ધર્મ અને અધ્યાત્મનો એ તકાજો છે કે આવી જ ઉદાર સમૂહવાદી પ્રક્રિયાને અનુરૂપ પોતાના વિચારો અને પ્રવૃત્તિઓને બદલી આત્મસંતોષ, શ્રદ્ધા, સન્માન, સ્વર્ગ વગેરે વિભૂતિઓને પ્રાપ્ત કરવામાં આવે. સામ્યવાદ દુષ્ટતાને અને વ્યકિતવાદી સ્વાર્થીપણાને બળપૂર્વક કચડી નાખવાનું કહે છે. એ જ પ્રક્રિયાને ધર્મ સ્વેચ્છાપૂર્વક આત્મકલ્યાણ અને પરમાત્માની ખુશી માટે કરવાની પ્રેરણા આપે છે. એકમાં વિવશતા છે તો બીજામાં ઉદારતા. ફરક સ્તર અને તથ્યનો જ છે. સામ્યવાદ અને અધ્યાત્મવાદ બંને વ્યકિતને સ્વાર્થીપણું, સંગ્રહ અને વિલાસીપણાનાં બંધનો કાપીને સમાજનિષ્ઠ બનવાની પ્રેરણા આપે છે. લોભ અને મોહનાં, તૃષ્ણા અને વાસનાનાં વ્યકિતવાદી બંધનો કાપી નાખવાં એ જ મુકિત છે, જેને સૌથી મોટો જીવનલાભ માનવામાં આવ્યો છે. સ્વર્ગ વાસ્તવમાં સ્નેહ અને સદ્‌ભાવભર્યા દષ્ટિકોણનું જ બીજું નામ છે. સ્વર્ગસુખનો અર્થ આંતરિક સંતોષ અને મુકિતનો અર્થ સ્વાર્થનાં સહાયક ભવબંધનોને કાપી સર્વાત્મા, વિશ્વાત્મા, પરમાત્મા અથવા સમષ્ટિને અનુરૂપ બનીને રહેવું એવો થાય છે.

આગામી દિવસોમાં સમગ્ર વિશ્વ સાચા અર્થોમાં ધર્માત્મા અને આસ્તિક બનશે તથા આ જ ધરતી પર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્યમાં દેવત્વનો ઉદય અને અને સમાજમાં સ્વર્ગીય વાતાવરણનો આનંદ ફેલાયેલો દેખાશે. મનુષ્ય ધન અને યશ મેળવવાનો, અહંકાર અને સુખસગવડો વધારવાનો તથા પુત્ર-પૌત્રો માટે અપાર ધન છોડી જવાનો વિચાર નહિ કરે. દરેક વ્યકિત ઉદાર દૃષ્ટિએ લોકમંગલને પોતાનું જીવનલક્ષ્ય માનશે અને તેની યોગ્યતા, ક્ષમતા તથા વિભૂતિઓને નિયોજિત કરવામાં પોતાના અસ્તિત્વની સાર્થકતા અનુભવશે.

આગામી સમય આવી જ ઉદાર માન્યતાઓ જનમાનસમાં ભરવા માટે ઝડપી ગતિએ દોડતો આવી રહ્યો છે. ત્યારે સ્વાર્થી, લોભી અને મોહગ્રસ્ત લોકોને ધૃણિત અને દુષ્ટ સમજવામાં આવશે અને એમને બધે જ તિરસ્કૃત અને બહિષ્કૃત કરવામાં આવશે. આજે તો સમૃદ્ધ લોકોનું સન્માન થાય છે, પરંતુ કાલે સમાજ માટે વ્યકિતગત સગવડોનો ત્યાગ કરનારાઓ જ શ્રદ્ધાસ્પદ હશે. તે સમયે ઈશ્વરભક્ત અને ધર્માત્માને કોઈ રિદ્ધિ-સિદ્ધિનાં વખાણની મોહમાયા સંભળાવનાર ઢોંગી નહિ કહે. વ્યકિતની ગરિમા પૂજાપાઠથી નહીં, પરંતુ તેના ધર્માચરણ તથા આદર્શવાદી સદ્‌ભાવયુક્ત જીવનક્રમથી જ આંકવામાં આવશે.

આપણે સમય રહેતાં જ આપણી વિચારવાની રીત અને ઉપયોગની રીત બદલી નાખીએ એ સારું છે. મોજમજા કરવાની અને સંતાન માટે બેઠાંબેઠાં હરામની કમાણી ખાતા રહેવા માટે ભેગું ન કરીએ. આ નિરર્થક પ્રવૃત્તિમાંથી વહેલા છૂટી જઈએ કે જેથી આગામી દિવસોમાં ફિટકાર અને ધિક્કારની ધૂળ પોતાના માથે ઊડવાની સ્થિતિમાંથી બચી શકાય. આપણે પોતાનો મૂલ્ય સમય, શ્રમ, મન, મગજ, પુરુષત્વ, વર્ચસ્વ તથા વૈભવ લોકમંગલ માટે નિયોજિત કરવાની તૈયારી કરવી જોઈએ કે જેથી આત્મસંતોષ તથા આત્મસન્માનનો આનંદ પ્રાપ્ત કરતા રહી સમય પૂર્વે ચેતી જતા બુદ્ધિશાળીઓમાં પોતાના ગણના કરાવી શકીએ.

યુગપરિવર્તન અવશ્ય થવાનું છે. આજના માણસની ચિંતનપ્રણાલી અને જીવનનીતિ બધી રીતે બદલાઈ જશે. સમાજનું માળખું પણ આજે છે એવું નહિ રહે. ઉપરોકત ચાર આદર્શોની આધારશિલા પર નવનિર્માણનું ભવન ઊભું કરવામાં આવશે. ઈશ્વરની ઈચ્છા એવી જ છે. તેથી તેની બધી તૈયારીઓ ક્રમશઃ અનાયાસે જ પૂરી થઈ રહી છે. વિરોધી તત્ત્વોનો નાશ કરવા માટે મહાકાળનું તાંડવનૃત્ય ઉગ્રમાંથી અતિ ઉગ્ર બની રહ્યું છે. ચોમાસામાં સૂકું ઘાસ આપોઆપ જ લીલું થઇ જાય છે અને જમીનમાં દબાયેલાં બીજ આપોઆપ અંકુરિત થઈને વિશ્વવસુધાની શોભા-સુષ્મા વધારવા લાગે છે. ઠીક એવી જ રીતે આગામી દિવસોમાં અસંખ્ય સુષુપ્ત આત્માઓ એક દૈવી આવેશમાં આવશે અને નવનિર્માણ માટે રચનાત્મક તથા સંઘર્ષાત્મક જેવાં મહાન કાર્યો વ્યકિતગત અને સામૂહિક રીતે પૂરાં કરશે, જેનો પ્રભાવ અને પરિણામ જોઈને દરેક સ્તબ્ધ થઈ જશે. યુગનિર્માણ આંદોલનનું કાર્ય કે લેબલ આ પુણ્ય પ્રયોજનો સાથે ભલે મેળ ખાતું ન હોય, તેઓ સ્વયં આ અભિયાનના કાર્યક્ષેત્ર સાથે પ્રત્યક્ષ રીતે ભલે પરિચિત ન હોય, છતાં તેમની પ્રેરણાનો સ્રોત નિશ્ચિતપણે એ જ રહેશે, જેના પ્રકાશથી આપણે બધાં અતિ મહત્ત્વના કાર્યો પૂરાં કરવામાં લાગેલા છીએ.

ઝાડીઓ કાપીને બગીચા લગાડવા અને ટેકરા સમતલ કરીને ખેતર તૈયાર કરવામાં લાગતો સમય આમ તો ખૂંચે છે, પરંતુ તેના નિયોજનકર્તા વિશ્વાસપૂર્વક એ જ કહે છે કે આ બધું સુખદ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. તેને ભલે તાત્કાલિક તોડફોડની સંજ્ઞા આપવામાં આવે અને કર્તાને વિનાશક કહેવામાં આવતો હોય.

સેવાધર્મના સમર્પિત સાધક પણ પોતાને જો કાર્યમાં નિયોજિત કરે છે, પછી એ કાર્ય ભલે નાનું જ કેમ ન હોય, એ કાર્યને તેઓ પૂજા-ઉપાસના માની ચાલે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કેવો હશે પ્રજ્ઞાયુગ ?

આવનારો સમય પ્રજ્ઞાયુગ કહેવાશે. આ પ્રજ્ઞાયુગમાં દરેક વિષયમાં અણધાર્યા ફેરફાર જોવા મળશે, દિવસ અને રાત જેવા. આજે દરેક વ્યક્તિનો દષ્ટિકોણ સ્વાર્થી તથા સંકુચિત થઈ ગયો છે. બધાંને પોતપોતાની સગવડોનું ધ્યાન છે. બસ, ગમે તે રીતે લોભ, મોહ અને અહંકારની પૂર્તિ થવી જોઈએ. વાસના અને તૃષ્ણાની તૃપ્તિ માટે શકય એટલાં સાધનો ભેગાં કરવામાં આવે. પછી ભલેને એના માટે કુકર્મો કેમ ન કરવાં પડે ! પોતાનાં કર્તવ્યો અને બીજાના અધિકારની ઉપેક્ષા કેમ ન કરવી પડે ! સ્વાર્થ સિવાય બીજું કશું સૂઝતું જ નથી. આજના બુદ્ધિશાળી મનુષ્યને વિવેકની આંખો બંધ કરવામાં સહેજ પણ સંકોચ થતો નથી. ઈશ્વર, ધર્મ, પરલોક અને કર્મફળના સંબંધમાં તો એવું લાગે છે કે જાણે એમનું અસ્તિત્વ જ નથી, સમાજમાં મર્યાદા નામની કોઈ ચીજ જ નથી રહી.

નવયુગમાં ફરીથી એકવાર આ બધાં તત્ત્વોને મહત્ત્વ આપવામાં આવશે. જેમ કે ઉનાળાની ગરમી પછી વર્ષા ઋતુ આવે છે અને ધરતી લીલી ચાદર ઓઢી લે છે, તરસી ધરતી પર ચારે બાજુ સરોવરો ભરેલાં જોવા મળે છે.

મનુષ્ય આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરશે અને પરમાત્માને અદશ્ય મહાશક્તિના રૂપમાં માન્યતા આપશે. તે કર્મફળના સિદ્ધાંતને માનશે અને નીતિ-અનીતિ વચ્ચેનું અંતર સમશે. કમાણીમાં ફક્ત ધનને જ મહત્ત્વ નહિ અપાય, ધર્મ અને પુણ્ય-પરમાર્થના સંચયને પણ જરૂરી માનવામાં આવશે. મનુષ્ય ગાંડા હાથીની જેમ નહિ ચાલે, પરંતુ એના માથા પર વિવેક રૂપી મહાવતનો અંકુશ પણ રહેશે.

આ આંતરિક ફેરફારનો પ્રભાવ બાહ્યજીવનનાં કાર્યો પર પણ જોવા મળશે. ''आत्मवत् सर्वभूतेषु'' ના સિદ્ધાંતને ચારે દિશાઓમાંથી માન્યતા મળશે અને ''वसुधैव कुटुम्बकम्'' ના આદર્શને આચરણમાં મુકવામાં આવશે. લોકો પરમાર્થમાં સ્વાર્થનો અનુભવ કરશે અને જેમાં પરમાર્થ હશે એને જ સ્વાર્થ માનવામાં આવશે.

વિચાર જ કર્મની માતા છે. મનુષ્ય જેવું વિચારે છે એવાં જ કાર્યો કરે છે. જ્યારે વિચારો-માન્યતાઓ બદલાશે ત્યારે ક્રિયા પણ બદલાશે જ. મન બદલાય છે ત્યારે કર્મમાં અંતર આવ્યા વગર રહેતું નથી. જ્યારે મનુષ્ય શ્રેષ્ઠ વિચારો, આદર્શ ચરિત્ર અને સદ્આચરણ કરશે ત્યારે એનું દેવત્વ જાગી ઊઠશે અને દરેક કર્મ એના ગૌરવને અનુરૂપ કરશે.

વ્યક્તિમાં આવા ફેરફારો થશે તો સમાજની પ્રવૃત્તિઓ પણ બદલાશે. વાતાવરણમાં ફેરફાર થશે તો એના પ્રભાવથી કોઈ પણ વ્યક્તિ બચી શકશે નહીં. આ ફેરફારમાં કૌટુંબિક વ્યવસ્થામાં શાલીનતાનો સમાવેશ થયા વગર નહિ રહે.

વ્યક્તિને એવું જ વિચારવું અને કરવું પડશે, જેનાથી સમાજનું હિત થાય. સમાજનો ઢાંચો એવો બનશે, જેમાંથી સજ્જન વ્યક્તિ પેદા થશે. આ પરિવર્તનોમાં સ્વાભાવિક છે કે માનસિક સ્થિતિ બદલાતાં પરિસ્થિતિઓ પણ બદલાય. તોફાન-ઝઘડાની જગ્યા સહકાર લે, બીજાના હિતમાં પોતાનું હિત દેખાય. આવા પ્રચલનમાં સ્વાર્થ અને પરમાર્થ બીજામાં ભળી જશે. પરમાર્થમાં જ સ્વાર્થ દેખાશે. જે સાચો સ્વાર્થી હશે તેને પરમાર્થનો માર્ગ અપનાવવો પડશે.

આ યુગપરિવર્તનનો યશ શિક્ષણને મળશે. આજકાલ બહુમુખી જાણકારીઓને જ શિક્ષણ માનવામાં આવે છે. નિકટના ભવિષ્યમાં વ્યક્તિત્વ અને પ્રતિભાનો પૂર્ણ વિકાસ કરે એવી પ્રક્રિયાને વિદ્યાના રૂપમાં સન્માન અપાશે અને એના માટે પ્રયત્નો કરશે. વિદ્યા એને કહેવામાં આવશે, જેનાથી મનુષ્યની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મહાનતાનો વિકાસ થાય. જન્મ લીધા પછી સૌથી પહેલું મહત્ત્વ વિદ્યાને આપવામાં આવશે.

બાળકોને સ્કૂલમાં મોકલતા પહેલાં ઘરની પાઠશાળામાં એવા સંસ્કાર આપવામાં આવશે, જેનાથી ગૃહસ્થાશ્રમને નરરત્નોની ખાણના રૂપમાં માન્યતા મળે. બાળકો પર નાની ઉંમરમાં જ સારા કે ખરાબ સંસ્કાર પડે છે. એટલા માટે જેમને પોતાના ઘરમાં નરરત્નો પેદા કરવાં હશે તે સૌ પોતાના સ્વભાવમાં એવી વાતોનો સમાવેશ કરશે, જેનાથી એમના ખેતરમાં ચંદનના, કલ્પવૃક્ષના છોડ ઊગી શકે. પ્રજનનકાર્ય કરતાં પહેલાં શારીરિક અને માનસિક રૂપથી એવા સમર્થ બનશે, જેથી બાળક ધરતી પર દેવાત્માના રૂપમાં અવતરે. જે કુટુંબોમાં એમને ઉછેરવાના અને ભણાવ્યાના છે એ કુટુંબોની સ્થિતિ એવી હશે, જેનાથી એમને શ્રેષ્ઠ સંસ્કારોરૂપી ખાતરપાણી મળી શકે.

સ્કૂલોમાં સાંસારિક પદોર્થોની અને બીજા વિષયોની માહિતી આપવામાં આવશે, પરંતુ એના પહેલાં એ વાતનું ધ્યાન રાખવામાં આવશે કે સુસંસ્કારોનો વિકાસ થાય એવી જાણકારી બાળકોને મળે. મનુષ્ય સંસારમાં રહે છે. એટલા માટે એને જે સમાજમાં રહેવાનું છે એનું સ્વરૂપ અને મર્યાદાઓ તો બતાવવામાં આવશે, પણ એવું કંઈજ નહિ બતાવવામાં આવે, જેનાથી તે પોતાનું મૂળ સ્વરૂપ જ ભૂલી જાય. પદાર્થોની વચ્ચે તે ઊછરે છે, પરંતુ સ્વયં પદાર્થ નથી. આ વાત તેને સારી રીતે યાદ કરાવવામાં આવશે. નવયુગમાં એવું શિક્ષણ આપવામાં આવશે કે તે પદાર્થોનો સાચો ઉપયોગ કરી શકે. એને પદાર્થના સંબંધમાં એટલી બધી જાણકારી નહિ આપવામાં આવે કે તે પદાર્થને જ સર્વસ્વ માનવા લાગે.

શિક્ષણ મનુષ્યને નિભાડામાં રાખવામાં આવેલા વાસણની જેમ પાકો બનાવે છે. એટલા માટે તે સાચો મનુષ્ય બની શકે એવું શિક્ષણ શરૂઆતથી અંત સુધી આપવામાં આવશે. પાઠ્યપુસ્તકોના વિષયો પણ આવા જ હશે. શિક્ષકો ગોખવાની પદ્ધતિ છોડી દેશે. તેઓ પોતાના આચરણનું ઉદાહરણ આપીને વિદ્યાર્થીઓને સુસંસ્કારી બનાવશે. સંસારમાં વેરવિખેર પડેલા પદાર્થોનો પરિચય એવી રીતે આપવામાં આવશે કે એનો સદુપયોગ કરી શકાય. સર્જનાત્મક પક્ષ પર વધારે ભાર મૂકવામાં આવશે. પુસ્તકોની સાથે શિક્ષકો પણ એવા પસંદ કરવામાં આવશે કે એમની છત્રછાયા હેઠળ ભણનારા વિદ્યાર્થીઓ કાળા કોલસામાંથી હીરા બની જશે. એના માટે એમને કુદરતના ખોળામાં રહેવું પડશે. એમને સ્કૂલની ઈમારતમાં કેદ નહિ કરવામાં આવે. 'विद्या ददाति विनयं' ના આધાર પર વિદ્યાર્થીઓની કસોટી લેવામાં આવશે અને જોવામાં આવશે કે વિદ્યાર્થી શરીર, મન, કુટુંબ અને સાધનોનો સદુપયોગ કરવાની કળા શીખ્યો કે નહીં.

આવો પાઠ્યક્રમ બનાવવા કે ચલાવવા માટે કામચોર અને ચરિત્રભ્રષ્ટ શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે નહીં. શિક્ષકની નિમણૂક કરતાં પહેલાં જોવામાં આવશે કે તેને જે વિષય ભણાવવાના છે તેમાં તે સ્વયં પારંગત છે કે નહીં. પ્રશ્નપત્રના આધાર પર બૌદ્ધિક ક્ષમતા આંકવામાં આવશે નહીં, પરંતુ એ જોવામાં આવશે કે સમજદારી, ઈમાનદારી, જવાબદારી અને બહાદુરીના ગુણોનો કેટલો વિકાસ થયો.

પ્રાચીનકાળમાં ભારતમાં દેવમાનવોનું સર્જન કરવામાં આવતું હતું. બાળકોને ગુરુકુળોમાં અને પ્રૌઢોને આરણ્યકોમાં ભણાવવામાં આવતા હતા. હવે એ પદ્ધતિ ફરીથી અપનાવવામાં આવશે. શિક્ષણપદ્ધતિમાં ફેરફાર થતાં નવયુગનું પરિવર્તન થશે. લોકો સંગ્રહ નહિ, સદુપયોગ કરતા શીખશે. કિશોરાવસ્થાની ઉંમર શિસ્તપાલનની અપેક્ષા રાખે છે. આ સમયમાં ઉદ્દંડતાથી બચવું પડે છે. આ સમય એવા વાતાવરણમાં ગુજારવામાં આવશે, જેનાથી વિદ્યાર્થી પરાક્રમી, સાહસિક અને સદાચારી બને.

પ્રૌઢાવસ્થાનું મૂલ્યાંકન એ આધાર પર કરવામાં આવશે કે સમાજના હિત માટે કોણે કામ કર્યું. એણે કેટલા લોકોને જ્ઞાનનો પ્રકાશ આપ્યો. એના દ્વારા કરવામાં આવેલાં જનકલ્યાણનાં કાર્યોનો હિસાબ કરવામાં આવશે. પ્રાચીન કાળમાં આપણા દેશના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેવમાનવો દુનિયાના ખૂણેખૂણામાં એટલા માટે ફરતા હતા કે અભાવ, અજ્ઞાન, અન્યાય અને અંધકારને દૂર કરીને વિશ્વમાં સુખશાંતિનું સામ્રાજ્ય સ્થપાય.

પેટ તો કીડામંકોડા પણ ભરે છે. મનુષ્ય અને કીડાપતંગિયામાં એટલો જ ફરક છે કે કીડા પોતાના પેટ અને સ્વાર્થ માટે જીવે છે, જ્યારે મનુષ્ય પરમાર્થ માટે જીવે છે. મનુષ્ય બીજાને આદર્શ અને મર્યાદાનું પાલન શીખવવા માટે જીવે છે. ભવિષ્યમાં ધનની નહિ, પણ આદર્શ જીવનની પૂજા કરવામાં આવશે.

નવયુગમાં શિક્ષણ માટે ફી કે ડોનેશન આપવું પડશે નહીં. નાલંદા-તક્ષશિલા જેવાં વિશ્વવિદ્યાલયોમાં અમીર-ગરીબ સૌનાં બાળકો મફત શિક્ષણ મેળવશે. સુદામાં જેવા પ્રાધ્યાપક જ વિશાળ વિદ્યાલયોનું સંચાલન કરી શકશે. સંદીપનોને કૃષ્ણ જેવા વિદ્યાર્થીઓ મળશે અને રામલક્ષ્મણ જેવા પ્રતિભાશાળી યુવકોને ભણવા માટે વિશ્વામિત્ર પોતાના આશ્રમમાં ખેંચી લાવશે.

અપરિગ્રહી ગૃહસ્થ, સાધુ અને બ્રાહ્મણ જગદ્‌ગુરુ કહેવાશે. વિદ્યાર્થી દુનિયામાં સુખ, શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ વધારશે, પરંતુ એ વિદ્યા મેળવવા માટે કોઈને ગ્રેજ્યુએશન કરવું પડશે નહિ. એનું મૂલ્યાંકન એ આધાર પર કરવામાં આવશે કે એણે લોકમંગલ માટે શું કર્યું ? અનીતિ સામે લડવા માટે કેટલા દ્રોણાચાર્યો અને પરશુરામોને કર્મક્ષેત્રમાં ઉતાર્યા ? એવાં વિદ્યાલયોના સંચાલન માટે સમ્રાટ અશોક આમળાનું પણ દાન કરશે અને હર્ષવર્ધન રાજપાટનો ત્યાગ કરીને એક લંગોટી માત્ર પહેરશે. ત્યારે વિક્રમાદિત્ય અને અશ્વઘોષ જેવા પરદુ:ખભંજન, મહાપરાક્રમી રાજાઓ સિંહાસન પર બેસશે. ધંધારોજગાર તો ચાલશે, પણ તેની પાછળ ભ્રષ્ટાચારનાં અસામાજિક તત્ત્વો નહિ હોય. ખેડૂતો પણ હશે, પરંતુ તેઓ જલારામની જેમ પોતાની આવક પરમાર્થમાં વાપરશે. આવો હશે નવયુગ, પ્રજ્ઞાયુગ.

આવા અભૂતપૂર્વ, અનુપમ તથા આશ્ચર્યજનક ફેરફારો કેવી રીતે થશે ? કોણ કરશે ? શું કરશે ? આવા અનેક પ્રશ્નોનો એક જ જવાબ છે - આ કામ યુગ શક્તિ મહાપ્રજ્ઞા ગાયત્રીના અવતરણથી જ થઈ શકશે. આ ચોવીસમો નિષ્કલંક અવતાર છે. આ સંસારમાં એક જ તત્ત્વ નિષ્કલંક અવતાર છે-દૂરદર્શી વિવેક. એને આદ્યશક્તિ કહવામાં આવે છે. જે મહાશક્તિ બ્રહ્માજીના હાથે સૃષ્ટિનું સર્જન કરાવી શકે છે તે સૃષ્ટિને વિનાશમાંથી પણ બચાવી શકે છે.

એના માટે લોકોના વિચાર બદલવા પડશે. વિશ્વસમાજમાં પશુ અને પિશાચ જેવા દુષ્ટ લોકો પણ છે અને દેવતા જેવા લોકો પણ છે. દુષ્ટ લોકોની સંખ્યા વધી જતાં સજ્જનોની વીરતા, પરાક્રમ, બહાદુરી દબાઈ ગયાં છે. હવે એમના આ દેવત્વને જગાડવાનું છે. એના માટે ઋષિઓએ ઘેર ઘેર જઈને અલખ જગાડવો પડશે. નાના સરખા બીજમાં વિશાળ વડ છુપાયેલો છે. જો એને અંકુરિત કરવામાં આવે તો લઘુમાંથી મહાન બનવાની વાત અસંભવ નથી.

કામ બહુ મોટું છે. એના માટે મોટાં સાધનોની જરૂર પડશે. જરૂરી સાધનો મેળવવા માટે સમુદ્રમંથન જેવો ભગીરથ પુરુષાર્થ કરવો પડશે. વિજ્ઞાનના રાક્ષસો અને અધ્યાત્મના દેવો જો હળીમળીને પ્રયત્ન કરશે તો સૂર્ય, ચન્દ્ર, લક્ષ્મી, અમૃત, ધન્વંતરિ જેવાં રત્નો મળી શકશે. પ્રાચીનકાળમાં સમુદ્રમંથન માટે મંદરાચળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વખતે હિમાલયનો ઉપયોગ થશે. આ વખતે મત્સ્યાવતારનું પ્રજ્ઞાવતારના રૂપમાં પુનરાવર્તન થશે. આજના વિશ્વસમાજમાંથી એવા દેવમાનવો નીકળશે, જે પ્રાચીનકાળની ઋષિપરંપરાનું પુનરાવર્તન કરશે. મહાન આત્માઓ પહેલાં પણ હતા અને આજે પણ છે. વાત ફક્ત એમને જગાડવાની છે. આ કામ અશક્ય નથી. વાંસના ઘર્ષણથી જ્યારે દાવાનળ પ્રગટી શકે છેતો એવું કોઈ કારણ નથી કે મહાકાળનો પોકાર સાંભળીને નવસર્જન માટે મહાન આત્માઓ કટિબદ્ધ ન બને.

સંસાર બહુ મોટો છે. એમાં ૫૦૦ કરોડ લોકો રહે છે. એમાંથી કેટલાક એવા છે, જે અંધકાર દૂર કરી શકે છે, મરણપથારીએ પડેલા લોકોમાં પ્રાણ ફૂંકી શકે છે, વાનરો પાસે સમુદ્ર પર પુલ બનાવી શકે છે અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાળકોની મદદથી ગોવર્ધન ઉઠાવી શકે છે. એમને શોધવા પડશે. મોતી શોધવા માટે ઊંડા સમુદ્રમાં ડૂબકી મારવી પડે છે. વગર મહેનતે તો હાથનો કોળિયો પણ મોઢામાં નથી જતો. જનજાગરણ માટે પ્રજ્ઞાઅભિયાન ચાલ્યું છે અને તે સુદર્શન ચક્રની જેમ લક્ષ્ય પૂરું કરશે જ.

ગંગાના અવતરણ માટે જેવી સાધના થઈ હતી એવી જ સાધના આજે થઈ રહી છે. દરરોજ ૨૪૦ કરોડ જપ અને ૨૪૦ લાખ ગાયત્રી ચાલીસાના પાઠ થઈ રહ્યા છે. તપના બળથી શેષનાગ પૃથ્વીને ધારણ કરે છે. તપના બળથી જ સૂર્ય તપે છે અને પવન ચાલે છે. તો પછી એવું કોઈ કારણ નથી કે આ તપસાધનાથી સતયુગનું અવતરણ ન થઈ શકે.

દરેક વ્યક્તિની શક્તિ મર્યાદિત હોય છે, પરંતુ જ્યારે ઉચ્ચકોટિના આત્માઓ ભેગા મળીને એક સાથે કામ કરે છે ત્યારે પ્રચંડ શક્તિ પેદા થાય છે. સાધનાની સાથે પ્રાણ જોડાતાં ચમત્કાર સર્જાય છે. રીંછવાનર તથા ગોવાળિયાઓનો ઈતિહાસ જુનો છે, બૌદ્ધ ભિક્ષુ અને સ્વતંત્રતા સૈનિકોનો નવો છે. ઈસુના શિષ્યોએ બે હજાર વર્ષોમાં એક તૃતીયાંશ વસ્તીને પોતાની છત્રછાયા હેઠળ લાવી દીધી. કાર્લમાર્કસે સંસારની અડધી વસ્તીને સામ્યવાદી બનાવી દીધી તો પછી ચોવીસ લાખ પ્રજ્ઞાપરિજન ખભે ખભા મિલાવીને ચાલે તો એવું કોઈ કારણ નથી કે તેઓ ડૂબતા સૂરજને ફરીથી ઊગવા માટે વિવશ ન કરી શકે. આજે દુનિયાના ખૂણેખૂણામાં પ્રજ્ઞાઅભિયાનનો તોફાની પ્રવાહ વહી રહ્યો છે.

જેમણે સન ૧૯૮૬ ના મહાન સંકલ્પ ધ્યાનથી સાંભળ્યા અને સમજ્યા છે તેઓ સહેજે અનુમાન કરી શકે છે કે પ્રજ્ઞાઅભિયાનના માધ્યમથી ભારતને મહાભારત બનાવી શકાય છે. જેમણે મિશનની ભૂતકાળની સફળતાઓ જોઈ છે, વર્તમાનનું સમુદ્રમંથન જોઈ રહ્યા છે તેઓ સરળતાથી વિશ્વાસ કરી શકે છે કે સૂર્ય ઊગતાંની સાથે અંધકાર આપમેળે દૂર થઈ જાય છે. વાવાઝોડાના પ્રવાહમાં કાળાં વાદળાં ક્યાંનાં ક્યાં ઊડી જાય છે. ચોમાસાનો વરસાદ સૂકી જમીનને લીલીછમ બનાવી દે છે. જ્યારે આટલાં અશક્ય કાર્યો શક્ય બને છે, તો આજના નિરાશાજનક વાતાવરણને આશા અને ઉમંગોથી શા માટે ન ભરી શકાય ?

કામ બહુ મોટું છે. એક લાખ યુગશિલ્પી તૈયાર કરવા સાત લાખ ગામડાંમાં પ્રજ્ઞાઆયોજન કરવાં, ઉપાસનાનો વિસ્તાર કરવો, ખંડેર મંદિરોને જન જાગૃતિનાં કેન્દ્ર બનાવવાં, યુગાંતરીય ચેતનાનો પ્રકાશ કરોડો લોકો સુધી પહોંચાડવો. આટલું કામ કરવું હોય તો સામાન્ય રીતે સદીઓ લાગી જાય, પરંતુ આપણે મહાકાળના સંકલ્પ પર વિશ્વાસ રાખવો જોઈએ. આગલાં પાંચ વર્ષોમાં આ કામ પૂરું થઈ જશે. આ સર્જનકાર્ય માટે પ્રચંડ સાધના જોઈએ. જનશક્તિ અને ધનશક્તિ પણ જોઈએ, પરંતુ જ્યાં તપશક્તિ હોય છે ત્યાં કોઈ વાતની ખોટ રહેતી નથી. જેમને તપની શક્તિ પર વિશ્વાસ નથી તેઓ જ મૂંઝવણમાં પડી શકે છે, પરંતુ જો મનમાં મહાશક્તિ પર પૂર્ણ વિશ્વાસ હોય તો કશું અશક્ય નથી. ભવિષ્ય સોનેરી, સુખી તથા ઉજ્જવળ છે. આજકાલ જે ઝઘડા, શોક, સંતાપ વગેરે જોવા મળે છે તેનું મૂળ કારણ અલગતાની ભાવના છે. જો એકતાની સ્થાપના થાય તો ક્યાંય અભાવ જોવા મળે નહીં.

નવયુગના ચાર આધાર હશે. એક રાષ્ટ્ર, એક ભાષા, એક સંસ્કૃતિ, એક વ્યવસ્થા. ત્યારે સાચા અર્થમાં ''वसुधैव कुटुम्बकम्'' ના સિદ્ધાંતનું પાલન થશે.

પૃથ્વી જુદા જુદા ભાગોમાં વહેંચાઈ ગઈ છે એટલે ખર્ચ વધી ગયો છે. એનાથી અગવડો ઊભી થાય છે અને સંઘર્ષ, શોષણ તથા બરબાદી થાય છે. જો આખો સંસાર સરહદોનાં બંધન તોડીને હળીમળીને રહે, હસતી હસાવતી જિંદગી જીવે તો આજે જે ભય અને આતંક જોવા મળે છે તેનું નામનિશાન પણ ન રહે. આદમી સમજુ તો છે, પણ એની સમજદારી ઠોકર વાગે ત્યારે જાગે છે. ઠોકરો ખાતાં ખાતાં એવી સ્થિતિ ઊભી થઇ છે કે લોકો સમસ્યાઓનો ઉકેલ શોધવા લાગ્યા છે. સમાધાન આજે થાય કે હજાર વર્ષો પછી, પણ સમાધાન થતાં લોકો એકતા અને સમતા અપનાવશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાનતા આવશે તો ઈર્ષ્યા અને દ્વેષ નાશ પામશે. કોઈને કોઈનાથી ડરવું નહિ પડે. ગુનાખોરી નાશ પામશે. નવયુગના અવતરણની સાથે લોકો એકતાનો માર્ગ અપનાવશે. જે લોકો ષડ્‌યંત્રો રચે છે તેઓ શક્ય છે કે કાલે ઊઠીને શાંતિ તથા સમૃદ્ધિની યોજનાઓ બનાવે. સંસારને એકસૂત્રમાં કેવી રીતે બાંધવામાં આવે ? આ તો બહુ સરળ કામ છે. દુનિયાના દેશો ભેગા મળીને એક આચારસંહિતા બનાવે. ભૌગોલિક આધાર પર નવેસરથી દેશોની રચના કરવામાં આવે. સૌનું કેન્દ્ર એક હોય. પારસ્પરિક ઝઘડા દૂર કરવા માટે એક ન્યાયાલય હોય. મુદ્રાનું ચલણ પણ એક જ હોય.

દુનિયામાં લગભગ ૬૦૦ ભાષાઓ છે. એક ભાષા જાણનારા લોકો બીજી ભાષાવાળા લોકો સામે મૂંગા, બહેરા જેવા બની જાય છે. જુદીજુદી ભાષાઓના જુદા પ્રેસ બનાવવા પડે છે. એમની વચ્ચે અનુવાદ અને જ્ઞાનની આપ-લે કરવામાં મુશ્કેલી પડે છે. જો દુનિયામાં એક જ ભાષા હોય તો વ્યક્તિ ગમે ત્યાં જઈને કામકાજ ચલાવી શકે છે. એક ભાષામાં છપાયેલાં પુસ્તકો સંસારમાં ફેલાશે અને સસ્તાં પણ પડશે.

એક જ સંસ્કૃતિ હોય તો તહેવાર, ઉત્સવ, ખાનપાન, પોશાક વગેરે એક જ પ્રકારનાં રહેશે. એનાથી પારકાપણાનો ભાવ દૂર થશે, સમસ્ત સંસાર એક કુટુંબ જેવો લાગશે.

એક જ પ્રકારની વ્યવસ્થા હશે તો જમીનના ઝઘડા ઊભા નહિ થાય. જ્યાં ખાલી જમીન હશે ત્યાં લોકો વસી શકશે. એક ક્ષેત્રમાં ખનીજતેલ નીકળતું હોય તો એનો ઉપયોગ આખો સંસાર કરી શકશે. દુકાળમાં કોઈને ભૂખે નહિ મરવું પડે. ઉત્પાદનનો માલ દરેક ગામડે પહોંચશે. ગામડાં વધે અને શહેરો ઘટે તો ન રહે અમીરી કે ન રહે ગરીબી. અનુભવ અને પ્રામાણિકતાના આધાર પર પદ મળશે. વિદ્યાલયોમાં જીવન જીવવાની કળા શીખવવામાં આવશે. વધારાના વિષય ભણવા ન પડે અને આવશ્યક જાણકારીથી વંચિત નહીં રહી જવાય. હળીમળીને ખાવાનો નિયમ હોય તો કોઈ ભૂખે ન મરે. આ જ પ્રમાણે જો એકતા-સમતાનો આધાર અપનાવવામાં આવે તો જાતિભેદ, લિંગભેદ, વર્ણભેદની કોઈ ઝંઝટ જ ન રહે. ન રહે કોઈ માલિક કે ન રહે કોઈ નોકર.

આ સમતામાં જો પશુઓનો પણ સમાવેશ કરવામાં આવે તો લોકો માંસાહાર જેવી ક્રૂરતા અપનાવવી ન પડે. ધરતીમાં હજુ પણ એટલી ગુંજાશ છે કે અનાજ, શાક અને ફળોથી તે બધાંનું પેટ ભરી શકે. રબર, પ્લાસ્ટિક વગેરે રાસાયણિક પદાર્થોથી ચામડા જેવી ચીજો બની શકે છે. મનુષ્ય બ્રહ્મચર્યનું મહત્ત્વ સમજે. કામુકતાની જગ્યાએ પિતાપુત્રી, ભાઈબહેન જેવા દૃષ્ટિકોણનો વિકાસ થાય. ધર્મપત્ની રમણી કે કામિની નહીં, પણ સાચા અર્થમાં જીવનસાથી બને. ધરતીનો ભાર ઉપાડવાની ક્ષમતા હોય તેટલાં જ સંતાનો પેદા કરવામાં આવે. કચરાને ખાતરના રૂપમાં બદલવામાં આવે. આવા કેટલાય ઉપાયો છે, જેનાથી સંસારમાં સમૃદ્ધિ વધે અને બધાં હસીખુશીથી જીવન જીવી શકે છે. નહિ ચાલે હથિયારોની ફેક્ટરી, કે નહિ થાય સૈનિકોની ભરતી. વિનાશનાં કામો કરતો મનુષ્ય શિક્ષકોનું, ખેડૂતનું, શિલ્પીનું કામ કરવા લાગશે.

દુનિયામાં જો જીવવું હોય તો આવી વ્યવસ્થા વિચારવી, બનાવવી અને ચલાવવી પડશે. જો કે સૌને સામૂહિક મૃત્યુ નહિ, પણ સહજીવન જ પસંદ છે. એટલા માટે ઠોકરો ખાઈને પણ લોકો આ રસ્તા પર ચાલશે અને નવયુગનું અવતરણ થશે.

યુગઅવતરણ આ રૂપમાં થશે. દુર્બુદ્ધિ પર સમજદારીનો વિજય થશે. એટલા માટે એને પ્રજ્ઞાયુગ કહેવામાં આવશે. રોગચાળાની જેમ આખી માનવ જાતિને હેરાનપરેશાન કરતી દુર્બુદ્ધિનો નાશ થાય તો આ ધરતી પર નરકની જગ્યાએ સ્વર્ગનું વાતાવરણ જોવા મળે.

આવું થવાનું છે, આવું જ થશે. ભગવાનની ઇચ્છા અને મનુષ્યની સમજદારીનું મિલન થાય તો એવું કોઈ કારણ નથી કે આપણે ડરવું પડે. આપણે વિનાશ કરી શકીએ છીએ તો સર્જનની યોગ્યતાનો પણ વિકાસ કરી શકીએ છીએ. વિપત્તિઓ આકાશમાંથી નવી વરસી,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એને આપણે જાતે જ જાણીબૂઝીને પેદા કરી છે. મનુષ્ય ઇચ્છે તો સ્વર્ગને ધરતી પર ઉતારી શકે છે.

જ્યારે સરકાર બરાબર કામ નથી કરતી ત્યારે રાષ્ટ્રપતિશાસન અમલમાં આવે છે. ભગવાને ધર્મના રક્ષણ અને અધર્મના નાશ માટે વચન આપ્યું છે. આજે ચારે બાજુ આસુરી તત્ત્વોએ હાહાકાર મચાવ્યો છે. ભગવાન વ્યક્તિના રૂપમાં નહિ, પણ તાફાની પ્રવાહના રૂપમાં અવતરે છે. એ તોફાનની સાથે તણખલાં, પાંદડાં અને રજકણ આકાશમાં ચડી જાય છે. લોકો વિનાશનાં ષડ્યંત્રો રચી શકે છે. તેઓ ભેગા મળીને સર્જન જેવું વાતાવરણ પણ ઊભું કરી શકે છે. તેઓ એવું કરશે પણ ખરા.

ભગવાનની કૃપા અને મનુષ્યના સૌભાગ્યનું જ્યારે મિલન થાય છે ત્યારે તપની શક્તિ પેદા થાય છે. ઘરમાં કોઈ મૃત્યુ થાય છે ત્યારે સફાઈ અને શુદ્ધિ કરવી પડે છે. જન્મ અથવા લગ્ન કે તહેવારો પર પણ સફાઈ કરવી પડે છે. યુગ પરિવર્તનની વેળા પણ એવી છે, જેને અરુણોદય સમાન કહી શકાય છે. આ અવસર પર ઋષિમુનિ પોતાની સાધનામાં ઉગ્રતા લાવે છે, ફૂલ ખીલે છે, આળસુ લોકો આળસ છોડે છે અને કર્મઠ લોકો સર્જનાત્મક કાર્યોમાં લાગી જાય છે. આ પ્રભાતનાં લક્ષણ છે. યુગપરિવર્તનની ક્ષણોમાં પણ આવું જ થાય છે. યુગ બદલાય છે ત્યારે તપસ્યા વધે છે. જે રીતે ભગવાનનો અવતાર વ્યક્તિના રૂપમાં નહિ, પણ પ્રવાહની જેમ થાય છે, એ રીતે યુગપરિવર્તનની ક્ષણોમાં તપસ્યાનું વાતાવરણ સર્જાય છે. આ એનાં પ્રત્યક્ષ લક્ષણ છે. ભૂતકાળમાં પણ આવું જ થયું હતું અને આજે પણ થઈ રહ્યું છે. જ્યારે લંકા બાળવાની હતી ત્યારે રામરાજ્યની સ્થાપના નિશ્ચિત હતી. એ સમયે વિશ્વામિત્ર જેવા પ્રતિભાશાળી ઋષિ, ઉગ્ર તપસ્યા કરી રહ્યા હતા અને બધા ઋષિઓ થોડું થોડું લોહી ભેગું કરીને ઘડો ભરી રહ્યા હતા. જનક રાજા હળ ચલાવી રહ્યા હતા ત્યારે સીતાજી ઉત્પન્ન થયાં હતાં. નિમિત્ત બની ગયું અને ઘટનાચક્ર ચાલુ થઈ ગયું.

આજકાલ એક વિશ્વામિત્ર એક દુર્વાસા, સૂક્ષ્મીકરણનું પ્રચંડ તપ કરી રહ્યા છે. દક્ષપુત્રીએ યજ્ઞમાં પડતું મૂક્યું ત્યારે એમના મૃત શરીરમાંથી એકાવન શક્તિપીઠો સ્થપાઈ હતી અને પાર્વતીના જન્મની દૈવીયોજના તૈયાર થઈ શકી હતી. શિવવિવાહ થયો, કાર્તિકેય જન્મ્યા અને દુષ્ટ રાક્ષસોનો સંહાર થયો. આવી જ આશ્ચર્યજનક ઘટનાઓ આજકલ બની રહી છે. યુગપરિવર્તનની વેળામાં દૃશ્ય અને અદૃશ્ય જગતમાં અદ્‌ભુત ઐતિહાસિક ફેરફારો થઈ રહ્યા છે. આજકાલ હિમાલય તપી રહ્યો છે. એના માળામાં બચ્ચાં પાંખો ફફડાવતાં જોઈ શકાય છે. વિશ્વને અભિનવ શક્તિથી ભરવાનો દૈવી પ્રયત્ન ચાલી રહ્યો છે. કેટલાય ચ્યવન અને વાલ્મિકિ તપ કરી રહ્યા છે. વરસાદ પડતો જોવા મળે છે, પણ ચોમાસુ તો દૂર સમુદ્રમાં ક્રિયાશીલ હોય છે. સૂર્ય પૂર્વમાં પ્રગટ થાય છે, પણ એનો પ્રકાશ ચારે દિશાઓમાં રેલાય છે. કેટલાક તપસ્વીઓ પોતાના જ હાડપિંજરને ભઠ્ઠીની જેમ ગરમ કરી રહ્યા છે અને એનો પ્રભાવ આજે વાતાવરણમાં જોવા મળી રહ્યો છે અથવા જોવા મળશે.

જેમને ભાવિ યોજનાનો આભાસ મળ્યો છે તેઓ જોઈ રહ્યા છે કે આજે એવી કેટલીય ઘટનાઓ બની રહી છે, જેને અભૂતપૂર્વ કહી શકાય છે. ઋષિ, મુનિ, બ્રાહ્મણ અને સંતો આગ પર ચઢેલી રાખ ખંખેરી ફરીથી તપી રહ્યા છે. પંચજન્યનો નાદ સંભળાઈ રહ્યો છે. આખી સેનાએ પોતાનાં ધનુષબાણ સંભાળી લીધાં છે. મહાકાળે જાગૃત અને સાહસિકોને કહ્યું છે કે સ્વાર્થ છોડો અને હથેળીમાં જીવ રાખીને વિજય માટે સંકલ્પ કરો.

પહેલાંના જમાનામાં આપણા દેશમાં સાધુ અને બ્રાહ્મણો ચંદનવનની જેમ મહેંકતા હતા, પણ આજે તેઓ ઠૂંઠાં થઈ ગયા છે. પાનખરે એમના માથા પર કલંક લગાડ્યું છે, પરંતુ હવે આશાનું કિરણ ફૂટ્યું છે. વસંતનું આગમન થયું છે. કૂંપળો ફૂટી છે. સુંદર ફૂલો ખીલ્યાં છે. જેમનામાં પૂર્વજન્મોના સુસંસ્કાર હતા તેઓ થોડી પ્રેરણા મળતાં ફરીથી જાગૃત થઈ રહ્યા છે. જે આજે જાગૃત થયા છે તે કાલે ફૂલશે ફાલશે. આ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આશા છે, કામના છે, સંભાવના છે, પણ છે સત્ય. આવું જ થશે. ચારે દિશાઓમાંથી બરબાદીનાં, વિનાશનાં નહિ, પણ સુખદ ભવિષ્યની આશાનાં સોનેરી કિરણો ફૂટી રહ્યાં છે.

એક લાખ યુગશિલ્પીઓનો બગીચો તૈયાર કરવાનો સંકલ્પ છે. છોડ ઊગી રહ્યા છે, માળી પોતાની યોજનામાં વ્યસ્ત છે, હવામાં અનુકૂળતા છે અને મોસમમાં ઉમંગ છે.

યોજનાઓ તો કેટલીય છે. ખંડેર મંદિરોનો જીર્ણોદ્ધાર, દરેક ગામમાં પ્રજ્ઞા આયોજન, લાખો પરિજનો દ્વારા આદ્યશક્તિની આરાધના, નાના નાના એક લાખ યજ્ઞ, એક લાખ પ્રજ્ઞાપ્રચારકો, યુગસાહિત્યનું સર્જન. કલમ અને વાણીનો બેધારી તલવાર જેવો ઉપયોગ. ધર્મક્ષેત્રના આવા કેટલાય કાર્યક્રમો છે. પ્રતિભાશાળીને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. રાતદિવસ સ્વાર્થ અને છળકપટની યોજનાઓ બનાવતી બુદ્ધિ હવે બીજા રસ્તે વળી રહી છે. શિક્ષણ, સંપદા, પ્રતિભા, કળા હવે સન્માર્ગ પર ચાલવાનો સંકલ્પ લઈ રહી છે. તે નગરવધૂ આમ્રપાલી નહિ રહે, પરંતુ સંઘમિત્રાની બહેનપણી બનીને દેશ દેશાંતરોમાં ધર્મની ધજા ફરકાવવાનો નિશ્ચય કરી ચૂકી છે. જેમના માથા પર સ્વાર્થનું, વાસના, તૃષ્ણા અને અહંકારનું ભૂત નાચતું હતું, જેઓ પાગલ અને ઉન્માદીની જેમ ધમાલ મચાવતા હતા તેઓ હવે ભાનમાં આવી ગયા છે. સાહિત્યકારો હવે અશ્લીલતાનો ત્યાગ કરશે, ગાયકો હવે અંતઃકરણની પવિત્ર ભાવનાઓ જાગે એવાં ભજનો અને આરતી ગાશે. ધનવાનોનું ધન હવે વેશ્યાલયો અને દારૂનાં પીઠાં પાછળ વેડફાશે નહીં, પરંતુ એવી યોજનાઓમાં વપરાશે, જેનાથી ધનનું ગૌરવ વધે. લોહીની નદીઓ વહેતી કરનાર અશોક હવે પોતાની સેનાને યુદ્ધ બંધ કરવાની આજ્ઞા આપશે અને વિહારો, પરિવ્રાજકો માટે પોતાની ક્ષમતાનો સદુપયોગ કરશે. પરિણામે અહિંસા અને વિવેકનો પ્રકાશ દુનિયાના ખૂણેખૂણામાં પહોંચી જશે. રાજનેતાઓની વિચારપદ્ધતિ બદલાઈ જશે. અધિકારીઓ પોતાનો દૃષ્ટિકોણ બદલશે. વૈજ્ઞાનિકો શસ્ત્રો નહિ, પણ સંસ્કૃતિનો વિકાસ થાય એ માટે પ્રયત્ન કરશે, એવું નહિ કહી શકાય કે 'ડાયનાસોર'ની જેમ બ્રહ્મવેત્તાઓનો વંશ નાશ પામ્યો. એકવાર પરિવર્તનનો ક્રમ ચાલુ થઈ જશે તો પછી ઘણું બધું બદલાઈ જશે. યુગની સાથે સાથે ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં પણ ધરમૂળ ફેરફારો થશે. દુષ્ટતાને પદભ્રષ્ટ કરીને સજ્જનતા સિંહાસન પર બેસશે.

આ બધું કેવી રીતે થશે ? એમાં પ્રત્યક્ષ પુરુષાર્થ કોણ કરશે ? એના જવાબમાં વિશ્વાસપૂર્વક કહી શકાય છે કે પ્રજ્ઞા અભિયાન કરશે. આ મનુષ્યોનાં અંતઃકરણોને ઢંઢોળનારું આંદોલન છે, પણ એની સ્ફૂર્તિ સૈનિકો જેવી છે. આહ્વાન ગમે તેનું કરવામાં આવે, પણ એ ચેલેન્જનો સ્વીકાર કરવા માટે જાગૃત આત્માઓ આગળ આવશે. અલખ જગાડવાની પરંપરાને હવે યોજનાબદ્ધ બનાવવામાં આવશે. આ કામમાં બિનજરૂરી વિલંબ થશે નહીં. જે થવાનું છે તે થઈને જ રહેશે. કાલે, પરમદિવસે નહીં, આજે નહીં, હમણાં જ થશે. પરિવર્તન ભવિષ્યના ગર્ભમાં બેસી રહેશે નહીં. વર્તમાનમાં એનો પ્રસવ થઈ રહ્યો છે.

શાંતિકુંજ છે તો એક નાનો આશ્રમ, પણ તે વિરાટનું પ્રતિનિધિત્વ કરશે. યુગશિલ્પીઓ દેડકાની જેમ ડ્રાઉં ડ્રાઉં નહિ કરે, પણ બટુકોની જેમ પાઠ કરશે. બુદ્ધના પરિવ્રાજકો પર્વતોની યાત્રા પગપાળા કરતા હતા. વિદેશોમાં જવા માટે એમની પાસે નાની હોડીઓ હતી. હવે તો હિમાલયમાં પણ ડામરના રસ્તા બની ગયા છે. વિજ્ઞાને પણ ઝડપી અવરજવર માટે વાહનો બનાવ્યાં છે. એટલા માટે યુગદેવતાનો પોકાર સંભળાવવા માટે જીપગાડીઓ જરૂરી સાધનો અને યોદ્ધાઓને બેસાડીને દેશના ખૂણેખૂણામાં દોડશે. ભારતનાં સાત લાખ ગામડાંમાંથી દરેકમાં પ્રજ્ઞા આયોજન થાય અને વાતાવરણમાં નવ ચેતના જાગે, યુગચેતનાનો પ્રકાશ એટલો બધો ફેલાય કે ક્યાંય કોઈને ઠોકર ખાવી ન પડે. કોઈને શોષણની ફરિયાદ ન કરવી પડે. અંધકાર દૂર થાય અને જ્ઞાનના પ્રકાશમાં સન્માર્ગ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પર ચાલવાનું માર્ગદર્શન મળે.

મહાકાળે જાગૃત આત્માઓ પાસે સમયદાન અને અંશદાન માગ્યું છે. જોકે આટલા મોટા કામ માટે દધીચિની જેમ હાડકાં માગવામાં આવ્યાં હોત અને મોરધ્વજ, હરિશ્ચંદ્ર, ગુરુ ગોવિંદસિંહની જેમ પરમાર્થકાર્ય માટે બાળકોની માંગણી કરી હોત તો પણ ઓછી પડત, પરંતુ અહીંયાં તો વિશ્વામિત્ર રામ-લક્ષ્મણને બલા-અતિબલા વિદ્યા શીખવવા લંકાવિજય અને રામરાજ્યની સ્થાપના માટે દશરથો પાસે એમના પુત્રોની માંગણી કરી રહ્યા છે. સમયદાન તો સ્વયંસેવક પણ આપી શકે છે. અંશદાન તો ભિખારીઓને પણ મળી જાય છે. અહીંયાં હરિશ્ચંદ્ર જેવું રાજ્ય અને ભામાશા જેટલું ધન માગવામાં આવી રહ્યું નથી. રાજા શિબિની જેમ કબૂતરના વજન જેટલું માંસ પણ માગવામાં આવી રહ્યું નથી.

આપણે સમયની કિંમત કયાં સમજીએ છીએ ? સમજતા હોત તો આખો દિવસ કામધંધો કરીને પણ રાત્રિપાઠશાળામાં દાખલ થઈને વિદેશીઓની જેમ કારીગરમાંથી ગ્રેજ્યુએટ બની ગયા હોત. કાલિદાસની જેમ મૂર્ખ હોત તો પણ ઉચ્ચકોટિના વિદ્વાન બની ગયા હોત. પૈસાની કિંમત આપણે કયાં જાણીએ છીએ ? જાણતા હોત તો મથુરાની વિધવા પિસનહારીની જેમ દરરોજના બે પૈસા બચાવીને જિંદગીના અંતમાં એક કૂવો ખોદાવી શકત. પિપ્લાદ અને કણાદની જેમ ઓછાંમાં ઓછાં સાધનોમાં નિર્વાહ કરીને ઋષિ બની શક્યા હોત. રિટાયર્ડ ડ્રોઇંગ માસ્ટર સાતવલેકરની જેમ ઘડપણમાં સંસ્કૃત ભણીને વેદોના ભાષ્યકાર બન્યા હોત. સમયની કિંમત જાણતા હોત તો આળસ-પ્રમાદ ન કરત. દુર્વ્યસનોમાં પોતાની આવક વેડફવાની મૂર્ખતા શા માટે કરત ?

જો લોકો સમય અને પૈસાનું મૂલ્ય સમજતા હોત તો સદ્જ્ઞાનના ફેલાવા જેવા પુણ્યકાર્યમાં બે કલાકનો સમય અને વીસ પૈસા આપવામાં આનાકાની ન કરત. આઠ કલાક કમાવા, સાત કલાક ઊંઘવા અને પાંચ કલાક ઘરના કામકાજમાં ખર્ચવા છતાં પણ ચાર કલાકની બચત થાય છે. એનો ઉપયોગ પરમાર્થ માટે કરી શકાય છે. વીસ પૈસામાં તો અડધી ચા પણ નથી મળતી. આટલી બચત તો ગરીબ વ્યક્તિ પણ કરી શકે છે. આ બચતનો ઉપયોગ ઝોલા પુસ્તકાલય, જન્મદિવસોત્સવ અને દીવાલ પર આદર્શ વાક્યલેખન માટે કરવામાં આવે તો એનાથી હજારો લોકોના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાશે, વિચાર બદલાશે. મુખ્ય વાત રુચિની છે. જો આપણે આદર્શોના માર્ગ પર ચાલ્યા હોત તો પોતાની સાથે બીજાનું પણ કલ્યાણ કરી શક્યા હોય, પરંતુ એ દુર્બુદ્ધિને શું કહેવામાં આવે, જેને બરબાદીમાં જ પોતાની ભલાઈ દેખાય છે ?

આજનો સમય યુગસંધિનો ઐતિહાસિક અવસર છે. આજે નાના કુટુંબને સ્વાવલંબી અને સુસંસ્કારી બનાવવાની જરૂર છે. સાદું જીવન જીવતા પ્રાચીન કાળના બ્રાહ્મણોની જેમ પોતાનું આખું જીવન દેશ તથા ધર્મ માટે અર્પણ કરવું જોઈએ, પરંતુ સ્વાર્થદષ્ટિ કોઈને પોતાનું ભલું વિચારવા દેતી નથી. જો નીતિ પર ચાલવામાં આવે તો કોઈ પણ વ્યક્તિ ભૂખી ન રહે અને પુરુષાર્થ કરીને ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ આગળ વધી શકે છે. જો શોધવા બેસીએ તો પરમાર્થ માટે હજાર રસ્તા મળી શકે છે.

આવો અવસર લાખો વર્ષો પછી ક્યારેક જ આવે છે. આપણા જીવનનો ઉપયોગ દિવ્ય પ્રયોજન માટે કરવો જોઈએ. પેટ અને પ્રજનન માટે તો ચોરાસી લાખ યોનિઓ પડી છે. એમાં એક જન્મનો પોતાના આત્મકલ્યાણ માટે ઉપયોગ કરવામાં આવે તો શું વાંધો છે ?

મહાકાળની માંગ તો એક વર્ષનો સમય આપી દેવાથી પૂરી થઈ જાય છે. એક વર્ષ ઘરથી બહાર રહેવામાં કોઈ વિશેષ મુશ્કેલી પડતી નથી. આટલો સમય તો એક વર્ષ પરીક્ષામાં નાપાસ થવામાં, બીમારીમાં, કોઈ ઝઘડામાં પણ જતો રહે છે. એક વર્ષની કમાણી જેટલું નુકસાન ચોર, ઠગ, દુશ્મન પણ કરી શકે છે. મનને સમજાવવામાં આવે તો એવા હજારો તર્ક રજૂ કરી શકાય છે, જેના સહારે મહાકાળની એક વર્ષના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમયદાનની માંગ પૂરી કરી શકાય છે. એક વર્ષ પ્રજ્ઞા અભિયાન માટે આપવામાં આવે તો એના બદલામાં સારા વક્તા, આકર્ષક ગાયક, પુરોહિત, શ્રદ્ધા, સન્માન, વ્યક્તિત્વનો વિકાસ વગેરે એવા લાભો મળી શકે છે, જે અડધી જિંદગી સુધી ભણીએ તો પણ નથી મળતા. આ થઈ વ્યક્તિગત લાભોની ચર્ચા.

પરમાર્થનું તો કહેવું જ શું ? શરૂઆતના ત્રણ મહિનામાં દિવ્ય વાતાવરણમાં અમૂલ્ય વાતો શીખવાની તક મળશે. બાકીના નવ મહિના તીર્થયાત્રા માટે છે. જીપટોળીઓ દર ત્રીજા દિવસે એક ગાયત્રી યજ્ઞ કરે છે. રસ્તામાં દરરોજ એક નદીમાં સ્નાન, એક પ્રાચીન મંદિરનાં દર્શન, દીવાલો પર આદર્શ વાકયલેખન, ગાયત્રી પ્રજ્ઞાપીઠો અને પ્રજ્ઞાપુત્રોને મળવાનો સુયોગ પ્રાપ્ત થશે.

છ મહિના અધ્યાપન માટે છે. સમર્થ શાખાઓમાં પ્રજ્ઞા વિદ્યાલયો ચાલશે. દરેક શાખા એના માટે એક ટોળી તૈયાર કરશે. એના માટે અનુભવી શિક્ષકો હોવા જોઈએ. સ્થિતિને અનુરૂપ એક બે મહિનાનો કોર્સ રહેશે. આ પ્રમાણે ત્રણથી છ મહિના સુધી પ્રજ્ઞા શિક્ષકની ભૂમિકા ભજવવી પડશે. આ પ્રમાણે ધર્મ, દેશ, સમાજ અને સંસ્કૃતિની સેવા થશે.

આ એક વર્ષની સેવામાં કોઈને એક પૈસો મળશે નહિ અને ઘેરથી એક પૈસો મંગાવવો પડશે નહીં. શાંતિકુંજમાં, તીર્થયાત્રા પ્રવાસમાં, કાર્યક્રમમાં, અધ્યાપનમાં, વિદ્યાલયોમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. પહેરવાનાં કપડાં શક્ય હોય તો ઘેરથી લઈને આવવાં જોઈએ. વિશેષ રૂપથી શિયાળાનાં કપડાં સાથે લાવવાં જોઈએ. કાર્યક્રમોમાં પહેરવાનાં પીળાં વસ્ત્રો શાંતિકુંજમાં મળી જાય છે. આમ આ એક વર્ષની તીર્થયાત્રા, જ્ઞાન સાધના એવી છે, જેમાં કમાણી તો નથી થતી, પણ ઘેરથી પણ કશું મંગાવવાની જરૂર પડતી નથી.

સૌથી મોટી વાત છે-યુગપરિવર્તન જેવા ઐતિહાસિક કાર્યમાં સામેલ થઈને પુણ્યપરમાર્થની કમાણી. આ કામ એવું છે, જેમાં ઐતિહાસિક મહાપુરુષોની હરોળમાં ઊભા રહેવાનો અવસર મળે છે. મહાકાળના કાર્યમાં સામેલ થવાની સદ્‌બુદ્ધિ અને ભાવના જેને મળે એણે સમજવું જોઈએ કે આત્મસંતોષ, લોકસન્માન અને દૈવી કૃપાના ત્રણેય લાભ મળી ગયા. આ લાભોને આલંકારિક રૂપમાં પારસ, કલ્પવૃક્ષ અને અમૃતની ઉપમા આપી શકાય છે. દેવમાનવો આવી જ જિંદગી જીવે છે. એમને મહામાનવ, દેવાત્મા, ઋષિ તથા અવતાર કહેવામાં આવે છે. કમાણી એવી છે, જે જન્મજન્માંતરો સુધી સાથે ચાલેછે. જે આ તક ચૂકશે તે પાછળથી પસ્તાશે અને જે લાભ ઉઠાવશે તે ધન્ય બની જશે.

યુગ બદલાઈ રહ્યો છે. એને આપણે દુર્ભાગ્યનું સૌભાગ્યમાં પરિવર્તન કહી શકીએ છીએ. વિશ્વનું, માનવનું ભવિષ્ય ઉજ્જવળ છે. ભવિષ્યનું ઘડતર ભગવાન અને તપસ્વી બંને ભેગા મળીને કરી રહ્યા છે. જે આ કામમાં સહકાર આપશે તેમનું જીવન ધન્ય બની જશે.

યુગપરિવર્તનના મહાન કાર્યમાં કેટલી જનશક્તિ, કેટલી સાધનશક્તિની જરૂર પડશે એનું સંક્ષિપ્ત અનુમાન ઉપરોક્ત પંક્તિઓથી કરી શકાય છે. સૌના સહયોગથી અપેક્ષા છે. જેઓ સમય નથી આપી શકતા અથવા ઓછો આપી શકે છે તેઓ સમયના બદલામાં ધનદાન આપીને પણ આ પુણ્યકાર્યમાં ભાગીદાર બની શકે છે.

**જ્ઞાન અને વિજ્ઞાનને નીતિમત્તા સાથે જોડી દેવામાં જ તેમની ઉપયોગિતા છે. સદુપયોગી દરેક વસ્તુ સુખદ અને સુંદર બની શકે છે, પરંતુ જો દુર્બુદ્ધિ અપનાવીને વસ્તુઓનો દુરુપયોગ થવા લાગે તો સમજવું જોઈએ કે તેનાં ખરાબ પરિણામો ભોગવવાં જ પડશે અને મનુષ્ય પુરુષાર્થ કરતો હોવા છતાં અસંતુષ્ટ, અભાવગ્રસ્ત અને દીનહીન સ્થિતિમાં જ પડ્યો રહેશે. આજે આવું જ થઈ રહ્યું છે. વસ્તુઓનો અભાવ જ નહીં, તેમનો દુરુપયોગ પણ દરેકને હેરાન કરી રહ્યો છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રગતિનાં ચાર ચરણ

પુણ્ય પરમાર્થ માટે કયું ક્ષેત્ર પસંદ કરવું ? કઈ દિશાધારા અપનાવવી, ભાવિ જીવનના નિયોજન માટે કયો કાર્યક્રમ અપનાવવો ? સમયદાનની શ્રદ્ધાંજલિ કયા દેવતાના ચરણોમાં અર્પિત કરવી ? પ્રાણવાન પરિજનો સામે આ બધા જ પ્રશ્નોનો ઉત્તર એક જ છે કે જનજીવનમાં ઊંડે સુધી ઘૂસી ગયેલી વિકૃતિઓનું દૂર કરવી. કારણ કે સંસારમાં વ્યાપ્ત અસંખ્ય સમસ્યાઓ આસ્થા સંકટના કારણે જ ઉત્પન્ન થઈ છે. ભ્રષ્ટ ચિંતન જ દુષ્ટ આચરણોને જન્મ આપે છે અને તેના કારણે આખું વાતાવરણ દૂષિત થઈ ગયું છે. જો પ્રચલિત માનસિકતાને બદલી શકાય તો એ અગણિત સમસ્યાઓનું સમાધાન નીકળી શકે છે, જેના કારણે આજે ચારેય બાજુ હાહાકાર મચી ગયો છે.

લોકમાનસનો પરિષ્કાર, અનુપયુક્ત પ્રચલનોનું પરિવર્તન, શિષ્ટતાની રીતિનીતિને આશ્રય આ એક જ ઉદ્દેશ્યને વિચારક્રાંતિ-મહાક્રાંતિ-જનમાનસનો પરિષ્કાર 'યુગ પરિવર્તન' વગેરે નામોથી જાણી શકાય છે. વાત એક જ છે, પરંતુ નામ આપવાં હોય તેટલાં આપી શકાય છે. ધર્મધારણા અને સેવાસાધના પણ આ જ છે.

એમ તો સુવિધા વધારવા માટે બનાવવામાં આવેલા ચાર આધાર પણ દાનપુણ્યની પરિધિમાં આવે છે. ગરીબોને અનુદાન અને સંકટ દૂર કરવા માટે આપેલો આર્થિક સહયોગ પણ પરમાર્થની પરિધિથી બહાર નથી, પરંતુ અત્યારે લોકશિક્ષા-જનજાગરણના પ્રયત્નને જ પ્રમુખતા મળવી જોઈએ. તેના વગર નિકૃષ્ટતાનો પક્ષ લેનારી માનસિકતાને બદલવી શક્ય નથી. આ એક કામ સફળતાપૂર્વક પૂરું કરી લેવાથી અન્ય પારમાર્થિક કહેવામાં આવતાં કામ બહુ સરળ તથા સ્વાભાવિક બની જાય છે.

માનસિકતાને સુધારવામાં કલમ અને વાણીને મુખ્ય માધ્યમ માનવામાં આવે છે. તેને જ સ્વાધ્યાય અને સત્સંગ પણ કહી શકાય છે. કલમ સ્વાધ્યાય માટેનો સરંજામ ભેગો કરે છે અને વાણી દ્વારા કાનોનાં છિદ્રોમાં માન્યતાઓને પ્રવેશ કરાવવાના રૂપમાં મસ્તિષ્કને ઢંઢોળવામાં આવે છે. ધર્મતંત્રની અંતર્ગત આ બંનેને પ્રમુખતા આપવામાં આવી છે. કથા, પ્રવચન, કીર્તન વગેરેમાં વાણી કામ કરે છે. પાઠ, સ્વાધ્યાય વગેરેમાં કલમનું પ્રભુત્વ છે. ભણેલા અને અભણ બંને વર્ગમાં આ બે માધ્યમો દ્વારા કોઈને કોઈ રૂપમાં પ્રકાશ પહોંચાડી શકાય છે. ભણેલા લોકો અભણોને યુગસાહિત્ય વાંચીને સંભળાવી શકે છે.

આ સંદર્ભમાં સંજીવની વિદ્યાનું, પરિવર્તન પ્રયોજનનું વ્યાવહારિક પ્રશિક્ષણ પણ આવે છે. તેના માટે પાઠ્યક્રમ ચલાવવાનું કાર્ય એવું છે, જેની ઉપેક્ષા કરી શકાતી નથી.

ક્રિયાકલાપોમાં એક કાર્ય દેવમાનવોની સંયુક્ત શક્તિના વિકાસનું પણ છે, જેને દિવ્ય-સંગઠન કહી શકાય છે. તેના માટે જનસમૂહને એકત્રિત કરી, ધાર્મિક કર્મકાંડ વગેરેના માધ્યમથી ઉન્નત વિચારધારણાવાળા વર્ગને એકત્રિત કરવાની આવશ્યકતા પડે છે. ઘનિષ્ટતા, સામૂહિકતા, સંગઠન બનાવવા માટે પ્રદર્શન તથા આયોજનોની પણ જરૂર પડે છે.

ઉપરોક્ત નિર્ધારણને વર્ગીકૃત કરવામાં આવે તો તેનાં ચાર ચરણ બને છે : (૧) સ્વાધ્યાય માટે યુગસાહિત્યનો પ્રયોગ (૨) સત્સંગ માટે પ્રવચન, પરામર્શ, વિચાર-વિનિમય વગેરેની વ્યવસ્થા. (૩) પ્રશિક્ષણ તથા સાધના માટે રાખવામાં આવતાં સત્રોમાં ભાગ લેવો (૪) સામૂહિક સમારોહ, દીપયજ્ઞ, તીર્થયાત્રા, સરઘસ, પ્રદર્શન વગેરે દ્વારા અલખ જગાવવા જનસંપર્ક સાધવાની ક્રિયા-પ્રક્રિયાને અપનાવવી. યુગપરિવર્તન માટે આ ચારેય આધારોને પૂરતો આશ્રય મળવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# લાભને બદલે નુકસાન કેમ થઈ રહ્યું છે ?

ક્રૌંચ પક્ષીને આલાપ-વિલાપ કરતા જોઈ વાલ્મીકિની કરુણા જે ક્ષણે પ્રગટ થઈ તે જ સમયે તેઓ આદિ કવિના રૂપમાં પલટાઈ ગયા. ઋષિઓનાં આસ્થિપિંજરોની પર્વતમાળા જોઈ રામની કરુણા મર્મને સ્પર્શી ગઈ અને એમણે ભુજા ઉઠાવીને એ પ્રણ કરી જ નાખ્યો કે ''નિશિચર હીન કરૌં મહિ''. પૂર, ભૂકંપ, દુકાળ અને મહામારી જેવા આપત્તિકાળમાં જ્યારે અસંખ્યોને ચીત્કાર કરવા જોવાય છે ત્યારે નિષ્ઠુર ભલે મૂક દર્શક બની રહે, પરંતુ દયાળુઓને તો તેમના સામર્થ્ય અનુસાર સહાયતા માટે દોડવું જ પડે છે. તે વિના એમનો અંતરાત્મા આત્મ-પ્રતાડનાથી વ્યાકુળ થઈ ઉઠે છે. નિષ્ઠુરોને નરપિશાચ કહેવાય છે, એમનો મનુષ્યસમુદાયમાં અભાવ પણ નથી.

માનવતાના વિકાસની અંતિમ સીડી ભાવસંવેદનાના મર્મને સ્પર્શતી કરુણાના વિસ્તારમાં જ છે. આને જ આંતરિક ઉત્કૃષ્ટતા પણ કહેવાય છે. સંવેદના પ્રગટે ત્યારે જ સેવા-સાધના થઈ શકે છે. ધર્મધારણાનો નિર્વાહ પણ એથી ઓછામાં થતો નથી. તપસ્યા અને યોગસાધનાનું લક્ષ્ય પણ એ જ છે કે કોઈ રીતે સંવેદના જગાડીને એ દેવત્વનો સાક્ષાત્કાર થઈ શકે જે જરૂરિયાતવાળાને આપ્યા વિના રહી જ શકતો નથી. આપવું એ જ જેમની પ્રકૃતિ અને નિયતિ છે એમને જ આ ધરતીના દેવતા કહેવામાં આવે છે. વિવેકવાન ભકતજન એમનું જ અનુકરણ કરતા જોવા મળે છે.

જ્યાં આપવાની પ્રકૃતિ ધરાવતા આત્માઓનું સંગઠન-સમન્વય થતું રહે છે એ જ ક્ષેત્રને સ્વર્ગના નામથી સંબોધિત કરવામાં આવે છે. આ પ્રકારનો લોક કે સ્થાન ભલે ક્યાંય ન હોય, પરંતુ એ સાચું છે કે દયાળું, સેવાભાવી અને ઉદાર મનવાળા સ્વયં ફક્ત દેવમાનવ જ નથી હોતા, તેઓ પોતાના કાર્યક્ષેત્રને પણ કંઈક એવું બતાવ્યા વિના નથી રહેતા કે જેને સ્વર્ગ જેવું અથવા સતયુગનું સામયિક સંસ્કરણ કહી શકાય.

આજના સમયને અભૂતપૂર્વ પ્રગતિશીલતાનો યુગ કહેવામાં આવે છે અને ગર્વ સાથે તેના વખાણ કરવામાં આવે છે. આજે સુખસુવિધાનાં જેટલાં સાધનો ઉપલબ્ધ છે એટલા પહેલાના સમયમાં ક્યારેય પણ પ્રાપ્ત થઈ ન શક્યા એ અર્થમાં આ વાત સાચી પણ છે. જહાજ, વિમાન, રેલવે, મોટર જેવાં ઝડપી વાહનો, કોમ્પ્યૂટર, રેડિયો, ફિલ્મ અને દૂરદર્શન જેવાં સંચાર સાધનો આ પહેલાં ક્યારે કલ્પનામાં પણ આવ્યા નહોતાં. ઉદ્યોગો-કારખાનાઓનું વિક્રમ ઉત્પાદન, સર્જરી અને અંગ પ્રત્યારોપણ જેવી સુવિધાઓ ભૂતકાળમાં ક્યાં હતી ? કહી શકાય છે કે વિજ્ઞાને પૌરાણિક વિશ્વકર્માને ક્યાંય પાછળ મૂકી દીધા છે.

બુદ્ધિવાદની પ્રગતિ પણ ઓછી થઈ નથી. પુરાતન એકાકી ધર્મશાસ્ત્રની તુલનામાં હવે જ્ઞાન અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન જેવાં અસંખ્ય રૂપોમાં અસામાન્ય રૂપેથી વધ્યું છે અને ભવિષ્યમાં એથી પણ વધારે શોધવાનો દાવો કરી રહ્યું છે. શોધસંસ્થાનો અને પ્રયોગશાળાઓની ઉપલબ્ધિઓ ઘોષણા કરી રહી છે કે નિકટના ભવિષ્યમાં એટલું બધું જ્ઞાન અને વિજ્ઞાનની શોધો કરી લેશે કે પુરાતનકાળની બધી જ ઉપલબ્ધિઓને તેની સામે વામણી કહી શકાય.

આ કહેવાતી પ્રગતિએ એ પણ કહેવાનું શરૂ કરી દીધું છે કે ઈશ્વર મરી ગયો છે અથવા તેને મારી નાખવું જોઈએ. ધર્મના સંબંધમાં નવી વ્યાખ્યા કે નિરૂપણ એ છે કે તે અંધવિશ્વાસુઓનો માત્ર મેળો છે. તેને જેવો છે તેવો સ્વીકારવા માટે ગળાની નીચે ઉતારવામાં આવતી અફીણની ગોળી જ કહેવી જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અહીં ઉપલબ્ધિઓ અને શોધોના સદુપયોગ અને દુરુપયોગનું વિવેચન કરવામાં આવી રહ્યું નથી, એ સ્પષ્ટ છે કે આજે વિભિન્ન ક્ષેત્રોમાં જે પ્રગતિ થઇ તે અસામાન્ય અને અભૂતપૂર્વ છે. વિકાસ અને વિસ્તાર તો દરેક સારા-નરસા સાહસો પર લાગુ થઈ શકે છે. આ અર્થોમાં આજની પ્રગતિશીલતાની દાવેદારી પણ સ્વીકારવી જ પડે છે. તેમ છતાં એક પ્રશ્ન બધી રીતે વણઉકલ્યો જ રહી જાય છે કે આ કહેવાતી પ્રગતિ પોતાની સાથે દુર્ગતિનાં અસંખ્ય તોફાનો કેમ અને કેવી રીતે ઘસડાતી-સમેટાતી જાય છે ?

પ્રદૂષણ, યુદ્ધનું ગાંડપણ, ખાદ્ય સંકટ, ગુનાઓમાં વધારો વગેરે સમસ્યાઓ બધાં બંધનો તોડી રહી છે. અસ્વસ્થતા, દુર્બળતા, કલહ, વિગ્રહ અને છળ-પ્રપંચ જેવા દોષો, વ્યવહાર તથા ચિંતનને અસંખ્ય વિકૃતિઓથી કેમ ભરી રહ્યા છે ? નિકટ ભવિષ્યના સંબંધમાં વિદ્વાન વિચારકો એવી ભવિષ્યવાણી કરી રહ્યા છે કે આવી જ સ્થિતિ રહે અને ગાડી આવા જ પાટા ઉપર દોડતી રહે તો વિનાશ વધતો-વધતો મહાપ્રલય જેવી સ્થિતિમાં પહોંચી શકે છે. હવા અને પાણીમાં એવી ઝડપથી ઝેર વધી રહ્યું છે કે તેને ધીમી ગતિએ સર્વભક્ષી આત્મહત્યાનું નામ આપી શકાય છે. વધતું તાપમાન જો ધ્રુવપ્રદેશોનો બરફ પિગળાવી દે અને સમુદ્રમાં પાણીની સપાટી ભયજનક રીતે વધી જાય તો તેનાથી જમીન પર રહેતા નિવાસીઓ માટે ડૂબી મરવાનું સંકટ પેદા કરી શકે છે. જંગલોનું કપાવું, રણનો ઝડપી વિસ્તાર, ભૂમિની ઊપજશક્તિમાં ઘટાડો, પેટાળમાંથી ખનિજો બેફામ રીતે બહાર કાઢવાથી પેદા થયેલું ધરતીનું અસંતુલન, ઋતુઓમાં આશ્ચર્યજનક પરિવર્તન, ઍસિડનો વરસાદ, અણુવિકિરણ તથા વધતી જનસંખ્યાને અનુરૂપ જીવન-સાધનો ન વધી શકવાનું સંકટ જેવા અસંખ્ય જટિલ પ્રશ્નો છે. એમાંથી કોઈનો પણ વિચાર કરીએ તો જણાશે કે કહેવાતી પ્રગતિ જ એ બધા વિગ્રહો માટે સંપૂર્ણપણે જવાબદાર છે. એ પ્રગતિ શા કામની, જેમાં એક રૂપિયા કમાવવાના બદલામાં સો રૂપિયાનું નુકસાન ભોગવવું પડે ?

આશ્ચર્ય એ વાતનું છે કે છેવટે આ બધું શા માટે અને કેવી રીતે થઈ રહ્યું છે ? આ બધું કોણ કરાવી રહ્યું છે ? છેવટે એ ચતુરાઈ કેમ ચૂકી ગઈ જે ઘણું પ્રાપ્ત કરવાની વ્યવસ્થા કરીને અલાદીનનો નવો ચિરાગ પ્રગટાવવા ગઈ હતી. એને પહોંચવાનું હતું પ્રકૃતિ વિજયના લક્ષ્ય સુધી, પરંતુ એ દાવેદારી જોરદાર ચોટ વાગવાથી ભયથી કંપીને અધવચ્ચે જ હિંમત હારી ગઈ. તેને પણ આગળ કુવો અને પાછળ ખાઈ જેવી સ્થિતિમાં આગળ વધવાનું શક્ય લાગતું નથી. સાપ-ઉંદર જેવી આ સ્થિતિમાંથી બહાર કેવી રીતે નીકળી શકાય, જેમાંથી નથી બહાર નીકળી શકાતું કે નથી આગળ જવાતું.

ફૂટેલા ઘડામાં પાણી ભરીએ તો એ વધુ સમય સુધી ટકતું નથી. ચાળણીમાં દૂધ દોહવાથી દુધાળી ગાય પ્રાપ્ત કરનાર પણ ખિન્ન અને દુઃખી રહે છે. આવી જ કેટલીક ભૂલો મનુષ્ય દ્વારા પણ થઈ ગઈ છે, જેને કારણે અતિ મહેનતપૂર્વક કમાયેલી ઉપલબ્ધિઓને પ્રાપ્ત કરવા છતાં લાભને બદલે હાનિ થઈ રહી છે, પરંતુ યાદ રહે કે દુવિધાની સ્થિતિ લાંબો સમય સુધી ટકતી નથી. મનુષ્યની બુદ્ધિ એટલી કમજોર નથી કે તે ઉપસ્થિત સંકટોનું કારણ શોધી ન શકે અને શાંતચિત્ત થયા બાદ તેમના સમાધાન શોધી ન શકે.

મોટાઈ મેળવવી જ પૂરતું નથી પણ તેને ટકાયેલી રાખવા અને સદુપયોગ દ્વારા લાભ મેળવવા માટે વધુ સમજદારી, સતર્કતા અને સૂઝબૂઝ જોઈએ. ભાવસંવેદનાઓથી ભરપૂર વ્યક્તિ જ એ રીતિનીતિ સમજે છે, જેના આધારે સંપ્રદાયોનો સદુપયોગ કરવાનું શક્ય છે. આજના સમયના લોકો આ ભાવસંવેદનાઓનું જ મહત્ત્વ ભુલાવી બેઠા છે અને તે વિસરતા જઈ રહ્યા છે. આ કારણથી જ ઉપલબ્ધિઓ વિપત્તિઓમાં ફેરવાઈ જાય છે. એ વિશ્વાસ રાખવો જોઈએ કે એકવીસમી સદીમાં ભાવસંવેદનાઓ જાગશે અને વિવેકની પ્રખરતા પ્રસ્તુત સમસ્યાઓનું યોગ્ય સમાધાન શોધી કાઢશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સતયુગનો સૂર્યોદય થઈ ગયો,
# હવે પ્રકાશ ફેલાવવાનો બાકી છે

સૂર્યોદય પૂર્વ દિશામાં થાય છે. પ્રાતઃકાળની લાલિમા તેની પૂર્વ સૂચના લઈને આવે છે. એ પુણ્ય વેળાની અગ્રિમ સૂચના કૂકડાં આપવા લાગે છે. તારાઓની ચમક અને રાત્રિના અંધારાની સઘનતા ઓછી થઈ જાય છે. આ લક્ષણોથી જ જણાવવામાં આવે છે કે પ્રભાતકાળ નજીક આવી ગયો અને હવે સૂર્યોદય થવાનો જ છે.

વિશ્વ જડ અને ચેતન બે ભાગોમાં વહેંચાયેલું છે. જડ પ્રકૃતિ સાથે સંબંધિત પ્રગતિને સંપદાના રૂપમાં જોઈ શકાય છે અને ચેતન પ્રકૃતિના વિકાસને વિચારણા અને ભાવનાના રૂપમાં સમજી શકાય છે. સુવિધા અને સંપદાની અભિવૃદ્ધિને ભૌતિક પ્રગતિ કહેવાય છે અને ચેતનાની ઉત્કૃષ્ટતાને આત્મિક ઉત્કર્ષ કહેવામાં આવે છે. ભૌતિક પ્રગતિનો સંબંધ છે ત્યાં સુધી તેને માટે રાજ્યતંત્ર, અર્થતંત્ર, વિજ્ઞાનતંત્ર અને શિક્ષણતંત્રની જવાબદારી છે કે તેઓ વધુ ને વધુ સુવિધા સંપદા ઉત્પન્ન કરીને સુખસગવડો વધારે.

આત્મિક પ્રગતિ માટે જ્ઞાનતંત્ર જવાબદાર છે, આને બીજા શબ્દોમાં દર્શન, ધર્મ, અધ્યાત્મ અને કલાના નામે જાણી શકાય છે. એમની મદદથી જ ચેતનાની ભૂખ શમે છે અને દિશા તથા પ્રેરણા મળે છે. આ આધારોથી જ પરિવર્તન અને ઉત્કર્ષ પણ શક્ય બને છે. તેથી, જો ચેતનાત્મક પ્રગતિ આવશ્યક હોય તો જ્ઞાનતંત્રને પ્રખર બનાવવું અનિવાર્ય છે. સાચું તો એ છે કે જ્યારે પણ જ્ઞાનતંત્ર ઢીલું પડે છે, વિકૃત બને છે ત્યારે જ વ્યક્તિનો સ્તર નીચે આવે છે અને આ અસ્તવ્યસ્તતામાં ભૌતિક જગતની બધી ગતિવિધિઓ ગૂંચવાઈ જાય છે. તત્ત્વદર્શી હંમેશા એ કહેતા આવ્યા છે કે સંપદા નહીં, વિચારણા મુખ્ય છે. જો વિચારણા સાચી હશે તો સંપદા છાયાની જેમ પાછળ-પાછળ ફરશે, પરંતુ જો સંપદાને જ સર્વસ્વ માની લેવામાં આવે અને ચેતના સ્તરની ઉત્કૃષ્ટતાની ઉપેક્ષા કરવામાં આવે તો વધી ગયેલી સંપદા દૂધ પીને પરિપુષ્ટ થયેલા સર્પની જેમ સર્વનાશ કરવા માટે તત્પર થઈ જશે. એ શાશ્વત તથ્ય છે, ઇતિહાસે એને લાખ વખત અજમાવ્યું છે અને કરોડો વખત અજમાવી શકાય છે.

યુગ પરિવર્તનના જે અભિયાનમાં અમને રસ છે તે ચેતનાત્મક ઉત્કર્ષ જ છે. આને માટે જ્ઞાનતંત્રને સક્ષમ અને પરિષ્કૃત કરવું પડશે. આનો અર્થ એ નથી કે ભૌતિક પ્રગતિ વ્યર્થ છે. એ પણ જરૂરી છે, પરંતુ એ બીજા લોકોનું કામ છે જેને તેઓ શક્તિ સાથે પૂરું કરી પણ રહ્યા છે. સરકારો પંચવર્ષીય યોજનાઓ બનાવે છે. વૈજ્ઞાનિકો શોધ કાર્યોમાં લાગેલા છે, અર્થશાસ્ત્રીઓ વ્યવસાય, ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા કરી રહ્યા છે. સૈન્યતંત્ર શસ્ત્રોના નિર્માણ અને યોદ્ધાઓના પ્રશિક્ષણમાં લાગેલું છે. શિક્ષણશાસ્ત્રીઓ બૌદ્ધિક ક્ષમતાના અભિવર્ધનમાં લાગેલા છે. ઉપેક્ષિત તો જ્ઞાનતંત્ર જ પડેલું છે. તેના નામે જે થયું છે તેને તો વિદૂષકો જેવી વિડંબના જ કહી શકાય છે. ધર્મના નામે જે કહેવામાં અને કરવામાં આવી રહ્યું છે એવી આસ્તિકતા કરતા નાસ્તિકતા સારી લાગે છે. **જ્ઞાનતંત્ર જો માનવી સદ્ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓના અભિવર્ધનના સ્થાને કર્મકાંડમાં જ ફસાયેલું રહે અને સાતમા આસમાનના સપનાં બતાવતું રહે તેમજ કર્મને વ્યર્થ તથા ભક્તિને મુખ્ય કહેતું રહે તો તેનાથી માનવ સમાજનું, વિશ્વનું કોઈ હિત નહિ સધાય. ધર્મના વ્યાપારીઓની આજીવિકા ભલે ચાલતી રહે.**

નવનિર્માણના અવતરણના કિરણો આગામી દિવસોમાં બુદ્ધિશાળી અને જીવંત આત્માઓ પર વરસશે અને તેઓ વ્યક્તિગત લાભ સાથે જોડાયેલા રહેવાની લાલચને છોડી દઈ લોકમંગલ માટે ત્યાગ કરવાનો આંતરિક પોકાર સંભળાશે. આ પોકાર એટલો તીવ્ર હશે કે તેઓ ઇચ્છતા હોવા છતાં સંકુચિત સ્વાર્થથી ભરેલું વ્યક્તિવાદી જીવન જીવી જ નહિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શકે. જેમ કૃષ્ણના જન્મ વખતે બંદીગૃહના તાળાં આપમેળે ખુલી ગયાં હતાં તેમ લોભ અને મોહની બેડીઓ તૂટી જતી દેખાશે. જોકે માયાથી લપટાયેલા નરકીટકો માટે વાસના અને તૃષ્ણાનાં બંધનો તોડીને પરમાર્થ ક્ષેત્રે પદાર્પણ કરવાનું લગભગ અશક્ય જેવું જ લાગે છે. શું તેઓ પેટ અને પ્રજનની વિડંબનાઓ સિવાય આગળનું કશું વિચારી અને કરી શકશે ? પરંતુ એ તો સમય જ બતાવેશે કે આવી માયાજાળમાં જકડાયેલા વર્ગોમાંથી કેટલા બુદ્ધિશાળી આત્માઓ ઉછળીને આગળ આવશે અને સામાન્ય સ્થિતિમાં રહેતા હોવા છતાં કેટલાક એવા અદ્દભુત કાર્યો પૂરાં કરશે કે જે જોઈને આશ્ચર્યચકિત થઈ જવું પડશે. જન્મથી જ તુચ્છ સ્થિતિમાં જકડાયેલા વ્યક્તિઓ આગામી દિવસોમાં જ્યારે મહામાનવોની ભૂમિકા પ્રસ્તુત કરતા નજરે પડશે ત્યારે સમજવું જોઈએ કે યુગ પરિવર્તનનો પ્રકાશ અને ચમત્કાર સર્વસામાન્ય લોકોને સ્પષ્ટ થઈ ગયો.

**નિઃસંદેહ યુગ પરિવર્તનનો મુખ્ય આધાર ભાવનાત્મક નવનિર્માણ જ હશે.** આજકાલ જનમાનસમાં ખોટી માન્યતાઓ ખૂબ વધારે છે. વિચારવાની એક પદ્ધતિ એક રીતે વિસરાઈ જ ગઈ છે. સ્થિતિનું સાચું મૂલ્યાંકન કરતો દષ્ટિકોણ હાથથી જતો રહ્યો છે. તેના સ્થાને ભ્રાંતિઓના ચામાચીડિયા વિચારભવનના ગુંબજોમાં ઊંધા લટકાયેલા પડ્યા છે. આ બધા કચરાને એકવાર બરાબર સાફ કરવો પડશે અને ચિંતનની આ પરિષ્કૃત પ્રક્રિયાને જનમાનસમાં સ્થાપવી પડશે, જે માનવી ગરિમાને અનુરૂપ છે. દરેકના મનમાં બુદ્ધિ વેચીને કોઈ ધર્મ, સંપ્રદાય, સંત કે ગ્રંથનું આંધળું અનુકરણ ન કરવાની વાત મનમાં પ્રવેશતી જશે અને જે ન્યાય, વિવેક, સત્ય અને તથ્યની કસોટીએ ખરું સિદ્ધ થશે તેને જ સ્વીકારવાની પ્રવૃત્તિ વધશે. આ આધાર પ્રબળ થતાં જ ખોટી માન્યતા કે અનૈતિકતાઓ માટે કોઈ સ્થાન નહિ રહે. નિર્મળ અને નિષ્પક્ષ ચિંતન કોઈપણ દેશ, ધર્મ કે વર્ગની વ્યક્તિને જેને માટે ભારતીય અધ્યાત્મ અનાદિકાળથી અંગુલિનિર્દેશ કરતો આવ્યો છે. તે જ સ્થળે પહોંચાડી દેશે.

આ ઊથલપાથલો જન-જનમાં જોવા મળશે. આત્માઓ સાચે જ અંગત સુખસગવડોને તિલાંજલિ આપી વિશ્વના ભાવનાત્મક નવનિર્માણને આ યુગની સર્વોત્તમ સાધના, ઉપાસના, તપસ્યા અને જરૂરિયાત સમજી એમાં જ બધી રીતે સામેલ થશે. સાથે જ સામાન્ય સ્તરના લોકોમાં એટલો વિવેક આપમેળે જ જાગૃત થશે કે તેઓ અંધકાર અને પ્રકાશનો ફરક સમજી શકે. અયોગ્ય માટેનો દુરાગ્રહ છોડીને ન્યાય અને વિવેકના આધારે સમર્થિત યોગ્યતાને સ્વીકાર કરી શકે.

આજની સ્થિતિને જોતાં આ બન્ને કાર્યો મુશ્કેલ દેખાય છે. ધર્મ વિડંબનાના સસ્તા પ્રલોભનોનો તિરસ્કાર કરીને ધર્મપ્રેમી લોકો કષ્ટસાધ્ય પરમાર્થમાં પ્રવેશ કરશે, એ કઠિન છે. બુદ્ધિજીવીઓ તેમની સારી એવી સુવિધાઓનો પરિત્યાગ કરી લોકમંગલ માટે ગલીએ ગલીએ ઠોકરો ખાશે, એ પણ મુશ્કેલ દેખાય છે, પરંતુ સમય એ પણ કરીને જ રહેશે. રીંછ-વાનર તેમના પ્રાણ હથેળી પર મૂકીને મોત સાથે લડવા ગયા હતા. બુદ્ધના અઢી લાખ અનુયાયીઓ યૌવનની ઉમંગોને કચડીને ભિક્ષુ, ભિક્ષુણી બનવાની જટિલ પ્રક્રિયા સ્વીકારવા સહમત થયા હતા. ગાંધીના પોકાર પર લાખોએ પોતાની બરબાદી સ્વીકારી લીધી હતી. એ જ પ્રકરણને ઇતિહાસ ફરીથી દોહરાવે તો એમાં ન મુશ્કેલ માનવું જોઈએ કે ન અસંભવ. ભૂતકાળમાં જે થતું આવ્યું છે તેની પુનરાવૃત્તિને કઠિન કે જટિલ માનવાનું કોઈ કારણ નથી. સમયનો પોકાર એની સાધ્ય પ્રક્રિયાને પણ પૂરી કરીને જ રહેશે. જીવંત અને જાગૃત આત્માઓનો એક મોટો વર્ગ નિકટના ભવિષ્યમાં આગળ વધશે અને જ્ઞાનતંત્રનો એવો વિશાળકાય શસ્ત્રભંડાર ઊભો કરશે કે જેની મદદથી અત્યાચારની લંકાનો નાશ કરી શકાય.

આજનું જનમાનસ મૂઢતા અને દુષ્ટતાની આસુરી પ્રવૃત્તિઓમાં ખૂબ જ ફસાયેલું દેખાય છે. નૈતિકતાને ઉપહાસપાત્ર મૂર્ખતા માનવામાં આવે છે. સ્વેચ્છાચાર અને અત્યાચારની પ્રસિદ્ધિ છે. નીતિ અને ન્યાયની, ધર્મ અને ઈશ્વરની વાતો તો ઘણી સાંભળવામાં આવે છે, પરંતુ એમને વ્યવહારમાં ઉતારવી અશક્ય માનવામાં આવે છે. આજની આ કઠોરતા કાલે બદલાશે અને સામાન્ય લોકોને યોગ્ય તે વિચારવા અને અપનાવવાની ઈચ્છા જાગશે. આવો ઉત્સાહ લોકમાનસમાં જાગવાનો છે. એ સ્થિતિમાં ભાવનાત્મક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નવનિર્માણ આજે દેખાય છે તેટલો મુશ્કેલ નહિ રહે. જ્ઞાનતંત્રનો ઉપહાસ કરવામાં નહિ આવે, પરંતુ કલ્પી ન શકાય તેટલું તેનું સ્વાગત અને સમર્થન થતું જોવા મળશે.

પ્રાકૃતિક સંપદાઓ પર સૌનો અધિકાર હશે. મૂડી સમાજની હશે. વ્યક્તિ તેની આવશ્યકતા મુજબ કામ કરશે. ન કોઈ સંપત્તિવાન હશે કે ન નિર્ધન. મૃતકના વારસામાં કેવળ કુટુંબના અસમર્થ સભ્યો જ ગુજારો પ્રાપ્ત કરી શકશે. તંદુરસ્ત અને કમાતા પુત્રો બાપની કમાણીના હકદાર નિહ બની શકે, એ બચત રાષ્ટ્રની સંપત્તિ બનશે. આ રીતે ધની અને નિર્ધન વચ્ચેનો ભેદભાવ ખતમ કરતી સમાજવાદી વ્યવસ્થા સમગ્ર વિશ્વમાં લાગુ થશે. હરામખોરી કરતા રહેવા છતાં મોજમજા કરવાની કોઈને સુવિધા નહિ મળે. સહકારી સમિતિઓના હાથમાં વ્યાપાર રહેશે. મમતા ફક્ત કુટુંબ સુધી જ મર્યાદિત ન રહેતા તે માનવમાત્રની સીમા પાર કરીને પ્રાણીમાત્ર સુધી વિકસિત થશે. પોતાનું અને બીજાઓનું સુખ-દુઃખ એકસરખું લાગશે, ત્યારે નહિ માંસાહારની છૂટ હોય કે ન પશુપક્ષીઓ સાથે નિર્દયતા વર્તવાની. મમતા અને આત્મીયતાનાં બંધનોમાં બંધાયેલા બધા લોકો એકબીજાને પ્રેમ અને સહયોગ પ્રદાન કરશે.

**સંસારમાં બે શક્તિઓ જ મુખ્ય છે — એક રાજ્યતંત્ર અને બીજી ધર્મતંત્ર.** રાજસત્તામાં ભૌતિક પરિસ્થિતિઓને પ્રભાવિત કરવાની ક્ષમતા છે અને ધર્મસત્તામાં અંત ચેતનાને પ્રભાવિત કરવાની. બન્નેને સાથે કદમ મિલાવીને એકબીજાના પૂરક બનીને રહેવું પડશે. રાજનીતિ સાથે ધર્મનો કોઈ સંબંધ નથી એ સૂત્ર નકામું છે. સાચી વાત એ છે કે એક વિના બીજો અપૂર્ણ છે. કર્તવ્યનિષ્ઠ અને સદાચારી નાગરિકો વિના કોઈ રાજ્ય સમર્થ અને સમૃદ્ધિ થઈ શકતું નથી અને રાજ્યસત્તા જો ધર્મસત્તાને ઉખાડવાનો નિશ્ચય કરી લે તો પછી તેને માટે વધુ કશું કરવાનું મુશ્કેલ છે. રામરાજ્ય પર વરિષ્ઠોનું નિયંત્રણ હતું ત્યારે જ તે સફળ બની શક્યું. ચંદ્રગુપ્તની શાસન ગરિમાનું શ્રેય ચાણક્યના માર્ગદર્શનને જ આપી શકાય છે. પ્રાચીનકાળની આ પરંપરા આગળ પણ ચાલશે. ધર્મસત્તાનું સ્થાન પહેલું છે, તેથી રાજ્યસત્તાને તેના સમર્થક અને સહાયક બનીને જ રહેવું જોઈએ.

ધર્મોના વર્તમાન સ્વરૂપ, પ્રભાવ અને કલેવરની મદદ લઈને આપણે વર્તમાન જનમાનસને પરિષ્કૃત કરતા રહેવું જોઈએ. બનાવવામાં આવેલી વ્યવસ્થાને ઉખાડવાની કે તેની ઉપેક્ષા કરવાની જરૂર નથી. **જોકે આધાર તો આગળ પણ ધર્મનો જ રહેવાનો છે, તેથી ઉચિત એ જ છે કે યુગનિર્માણ આંદોલનની સર્જન સેના ધર્મતંત્રમાં પ્રવેશ કરે અને પરંપરાગત શ્રદ્ધાને, એ મૂળભૂત આદર્શોને કાર્યાન્વિત કરવામાં પ્રયોજે કે જેમને માટે તત્ત્વદર્શીઓએ આ ધર્મનું માળખું ઊભું કર્યું હતું.** આ રીતે ધર્મતંત્રનાં સાધનોને સર્જનાત્મક પ્રયોજનોમાં લગાડીને તેને લોકશ્રદ્ધાનો વિષય બનાવી શકાય છે.

નવનિર્માણની પૃષ્ઠભૂમિ ધર્મના પાયારૂપ જ્ઞાનયજ્ઞનું મહાન અભિયાન ચલાવવામાં આવ્યું છે. અલ્પ સાધનો દ્વારા પણ તે જે તીવ્ર ગતિથી વધી રહ્યું છે એ જોતાં પૂર્વમાંથી સૂર્યોદય થવાની અને તેનો પ્રકાશ સર્વત્ર ફેલાવવાની વાત પર સહજ રીતે વિશ્વાસ રાખી શકાય છે.

બીજાઓને વિનાશ દેખાય છે તે ઠીક છે, પરંતુ પરિસ્થિતિઓનો અંદાજ લઈને નિષ્કર્ષ કાઢતી બુદ્ધિને પણ ખોટી પાડી શકાતી નથી. વિનાશની ભવિષ્યવાણીઓમાં સત્ય પણ છે અને તથ્ય પણ છે, પરંતુ અમે આભાસ અને વિશ્વાસને શું કહીએ ? જે કહે છે કે સમય બદલાશે. ઘટાની જેમ ઉમટી આવતા કાળાં મેઘ કોઈ પ્રચંડ તોફાનની ઝપેટમાં આવીને ક્યાંય ઉડીને જતા રહેશે.

સઘન તમિસ્રોનો અંત થશે. પ્રાતઃકાળ સાથે ઊગતો અરુણોદય તેની પ્રખરતાનો પરિચય આપશે. જેમને તમિસ્રા ચિરસ્થાયી લાગતી હોય તેઓ તેમની રીતે વિચારે, પરંતુ અમારું દિવ્ય દર્શન, ઉજ્જ્વળ ભવિષ્યની ઝાંખી કરાવે છે, લાગે છે કે આ પુણ્યવેળામાં સર્જનની પક્ષધર દેવશક્તિઓ દૃઢ નિશ્ચય સાથે જોડાઈ ગઈ છે. આ સુયોગ સૌભાગ્ય પર અમને અત્યંત સંતોષ છે અને અસામાન્ય આનંદ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આગામી લક્ષ્ય કયું હશે ?

મનુષ્યજાતિ એક પછી એક પ્રગતિનાં શિખરો સર કરતી આવી રહી છે. આદિમાનવ જ્યારે ઊભો થઈને ચાલવાનું શીખ્યો હતો અને આંગળીઓની મદદથી અનેક કાર્યો કરી પોતાની સૂઝબૂઝનો પરિચય આપ્યો તે એની ભારે પ્રગતિ હતી. જે દિવસે એ બે પથ્થરનું ઘર્ષણ કરી આગ પ્રગટાવવાનું અને તેના અનેક ઉપયોગ કરવાનું શીખ્યો તે દિવસથી જ એ પશુવર્ગથી જુદો થઈ ગયો. જે દિવસે તે કેટલાક ઉચ્ચારોની મદદથી પોતાના મનોભાવો પ્રગટ કરવાનું શીખ્યો એ દિવસે પ્રગતિનું અભિનવ સૂત્ર તેના હાથમાં આવ્યું. કુટુંબ બનાવીને, ઝૂંપડાં બનાવીને રહેવું એ આદિયુગની જ પ્રગતિ છે.

બીજો અધ્યાય પણ એ વખતે જોડાયો. જ્યારે તેણે ખેતી અને પશુપાલનને પોતાની વિશિષ્ટતામાં સામેલ કરી લીધાં. ધાતુઓનો ઉપયોગ, શસ્ત્રઅને વાસણો બનાવવાં કપડાં બનાવવાં અને રાંધણકળાની જાણકારી માનવી ઉત્કર્ષનું બીજું સોપાન છે. ચિકિત્સા, વાહન, શિક્ષણ અને સંચાર તે પછીની સ્થિતિ છે. આ બધાંને પુરાતનયુગ કહી શકાય છે.

વહાણોએ પૃથ્વીના છુટા છવાયા ખંડોનાં અંતરો ઓછાં કરીને એમને પરસ્પર સહયોગની શૃંખલામાં જોડી દીધા. કાગળ પર લખવું એ મધ્યયુગની દેન છે. યુદ્ધકળામાં અનેક કુશળતાઓ પ્રાપ્ત થઈ અને મોટા કબીલાઓએ નાના સમુદાયોને પોતાના વશમાં કરીને રાજા-પ્રજાની પ્રથા શરૂ કરી. સિક્કાઓને વસ્તુ વિનિમયના રૂપમાં પ્રયોજીને ગણિતનો વિકસિત આધાર અપનાવી અર્થશાસ્ત્રનું નવું રૂપ સામે આવ્યું. આ પ્રગતિમાં હજારો લાખો વરસો લાગી ગયાં. આ પ્રગતિની ગતિ ધીમી હતી, છતાં માનવી સંતુષ્ટ હતો.

બીજી લહેર વિજ્ઞાનના વિકાસની આવી. એમાં પાંચ વર્ષ પણ ન થયાં કે શોધો પર શોધો થતી ગઈ. તેને કારણે સુખસગવડનાં સાધનો ખૂબ જ વધી ગયાં અને મનુષ્ય એટલી સમૃદ્ધિ અનુભવવા લાગ્યો કે જેની પૂર્વજોએ કલ્પના પણ નહિ કરી હોય.

એની સાથે જ ઔદ્યોગિક યુગ આવી ગયો. મનુષ્ય જે કામ કરવામાં અતિશય શ્રમ અને સમય ખર્ચતો હતો તે ઓછા સમયમાં જ મોટાં મોટાં યંત્રોથી થવાં લાગ્યાં. જેમણે આ ઉદ્યોગો અને કારખાનાંઓ સ્થાપ્યાં તેઓ ધનકુબેર થતા ગયા. એમાં કામ કરતા શ્રમિકોને વેતન મળવા લાગ્યું અને તેઓ કારીગર કહેવાય. એમાં એક મુશ્કેલી એ આવી કે થોડા લોકો દ્વારા યંત્રોની મદદથી ઉત્પાદન કરી લેવાથી બાકીના અસંખ્ય લોકોને બેકાર થવું પડ્યું. બેકાર માણસ પેટ તો કોઈ પણ રીતે ભરવાનો જ. તે યોગ્ય નહિ તો અયોગ્ય રસ્તો અપનાવશે. ઔદ્યોગિક પ્રગતિ કહો કે મશીનયુગ કહો, એમાં વિજ્ઞાનની વિજય દુંદુભી તો વાગી, પરંતુ સાથે જ કેટલીય સમસ્યાઓ વિકરાળ રૂપમાં સામે આવી ગઈ. જેમ કે બેકારી, અપરાધ, ધનિકોની ધીંગામસ્તી. એનાથી સામાજિક કલહ અતિશય વધવા લાગ્યો.

ત્રીજી લહેર જે આજકાલ ચાલી રહી છે તેને પ્રગતિની ચરમસીમાની સાથે સાથે અધઃપતન પણ કહી શકાય. ઉદ્યોગધંધા અને કારખાનાંઓ તથા ઝડપી વાહનો માટે કોલસા, તેલ અને લાકડાંની અત્યંત જરૂર પડી. એના ધુમાડાએ વાતાવરણને વિષમય બનાવ્યું. કારખાનાંઓનો કચરો નદીનાળાઓમાં છોડવામાં આવતાં તે પણ દૂષિત થતાં ગયાં. અણુયુગનું યુદ્ધ વધુ ઈંધન નિમિત્તે શરૂ થયું. તેણે વિકરણ પેદા કરી સંપૂર્ણ વાતાવરણ જ એવું બનાવી દીધું કે જેની વિષમયતાથી મનુષ્યનું જીવન મુશ્કેલ બનતું ગયું.

આ દુર્ભાગ્યમાં એક બીજી કડી અતિ વસ્તી વધારાના રૂપમાં જોડાઈ. તેના કારણે પાણી અને વનસ્પતિની જરૂરિયાતો વધી. ધરતીએ પણ જવાબ આપવાનું શરૂ કરી દીધું કે લાખો વર્ષોનો સંચય હવે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખતમ થવા આવ્યો છે. પૃથ્વીની ઊર્જા, પીવાના પાણીની આવશ્યકતા, ખનિજ પદાર્થોમાં ધાતુઓ, તેલ તથા કોલસો - આ બધાનો ભંડાર પણ હવે ખતમ થઈ રહ્યો છે. મહામહેનતે બાકીનાં પચાસ વર્ષો એમની મદદથી કાપી શકાશે. તે ઉપરાંત માનવીની જરૂરિયાતની દરેક વસ્તુનો દુકાળ સ્પષ્ટપણે નજરે પડતો દેખાય છે.

ઔદ્યોગિકરણની લહેર ચાલુ થયે ત્રણસો વર્ષ પણ પૂરાં નથી થયાં ત્યાં તે તેણે એટલી સમસ્યાઓ પેદા કરી દીધી છે કે જેટલી પાછલાં ત્રણહજાર વર્ષોમાં પણ પેદા થઈ નહોતી. શહેરોમાં હેરફેર અને પરિવહનની દષ્ટિએ કારખાનાંઓ ઊભા થયાં. ત્યાં કામ અને રોજગારની સુવિધાઓ વધી. સાથે સાથે મનોરંજનનાં અનેક માધ્યમો વધ્યાં. આ કારણે ગામડાંઓની પ્રજા તેમના પરંપરાગત સ્થળો છોડીને શહેરો તરફ દોડવા લાગી. જગ્યાની ઊણપ અને આગંતુકોના વધારાથી પેદા થયેલી ગીચતાએ ગંદકી, બીમારી અને ગુનાખોરીમાં વધારો કરી મૂક્યો. શહેરો વાસ્તવમાં સંત વિનોબા ભાવેના શબ્દોમાં ''ભારત માતાના શરીર પર થયેલા કેન્સરના ફોલ્લા'' બની ગયાં.

વિલાસી ઉત્પાદન ખૂબ જ વધી જવાથી તેમના વેચાણ માટેનાં બજારોની જરૂર પડી. ઉત્પાદક દેશો તેમને ત્યાં તો દૈનિક જરૂરિયાતની વસ્તુઓ જ ખપાવી શકતા હતા. એમની માત્રા પણ સીમિત જ રાખવામાં આવી. નિરર્થક અને આકર્ષક વસ્તુઓમાં લાભ પણ વધુ છે અને સમૃદ્ધ લોકો તેમને અંધાધુંધ ખરીદી પણ શકે છે. આ એક નવી જરૂરિયાતે આર્થિક સંસ્થાનવાદને જન્મ આપ્યો અને એમાં દેશોની હરીફાઈ થવા લાગતાં યુદ્ધોની હારમાળા શરૂ થઈ. બે મહાયુદ્ધો થઈ ચૂક્યાં છે અને ત્રીજાની તૈયારી છે. એ જ્યારે થશે અને અસ્ત્રોનું સ્થાન અણુશસ્ત્રો લેશે ત્યારે તેનું પરિણામ વિશ્વના વિનાશના રૂપમાં સામે આવશે.

આ ત્રીજા યુદ્ધમાં મુશ્કેલી એક જ છે કે આ શસ્ત્રો માત્ર અમેરિકા પાસે જ હતાં. એમના પ્રયોગ જાપાન પર થયો અને વિરોધના અભાવમાં એકપક્ષીય વિજયનું શ્રેય મળી ગયું. હવે એવું રહ્યું નથી. હવે લગભગ એક ડઝન દેશો એવા છે કે જેમણે અણુશસ્ત્રો બનાવી દીધાં છે. એમાં એવી ગણતરીની જરૂર નથી કે કોની પાસે એટમ બોમ્બ વધારે છે અને કોની પાસે ઓછાં છે. ઓછાં શસ્ત્રો ધરાવનાર પણ જો પ્રથમ પ્રહાર કરે તો જેની પાસે ભંડાર ભરેલો છે તેને પણ હાર માનવી પડે એમ છે. સાથે જ વિરોધનું ઝોખમ પણ સ્પષ્ટ છે. આજની પરિસ્થિતિઓમાં જો અણુયુદ્ધ નાના રૂપમાં પણ કોઈ પક્ષ શરૂ કરી દે તો પ્રતિહિંસા અને વિરોધના વાતાવરણમાં એવી પહેલ કરનારની પણ ખેર નહિ રહે. કઈ ભૂમિ પર આ યુદ્ધ લડવામાં આવે એ માટે અંતરિક્ષને વધુ યોગ્ય માનવામાં આવી રહ્યું છે અને તે જ ક્ષેત્રમાં માનવામાં આવી રહ્યું છે અને તે જ ક્ષેત્રમાં હુમલો કરતાં અથવા બચાવ કરતાં માધ્યમોની શોધ અને વિસ્તાર કરવામાં આવી રહ્યો છે.

સમગ્ર સંસારમાં આજે એ ભય ખૂબ જ વ્યાપી ગયો છે કે આવું યુદ્ધ શરૂ થઈ જાય તો આપણી પણ ખેર નથી. આપણી સુરક્ષા થઈ શકે તો જ યુદ્ધ શરૂ કરવામાં બુદ્ધિમત્તા છે. એનો કોઈ માર્ગ દેખાતો નથી. તેથી તૈયારીઓ ચરમસીમાએ પહોંચી હોવા છતાં યુદ્ધ શરૂ કરવાની કોઈથી હિંમત થતી નથી. હરીફ દેશને ભયભીત કરવા માટે જ એકથી એક શક્તિશાળી હથિયારો બની રહ્યાં છે.

ભૂતકાળથી માંડીને અત્યાર સુધીની આ પ્રગતિ છે. આજે ચારેતરફ ભયનું સામ્રાજ્ય વ્યાપેલું છે. જેમની પાસે શસ્ત્રોના ગંજ છે તે પણ જાણે છે કે આગામી યુદ્ધમાં સંખ્યાબળની જરૂર નથી. એકનો પ્રયોગ કરવાથી તેની એક હળવી પ્રતિક્રિયા માત્રથી પોતાનો, પ્રતિદ્વંદ્વીનો તથા નિષ્પક્ષ લોકોનો પણ સફાયો થઈ શકે છે. આવી દશામાં પહેલ કરતાં બધાં ડરી રહ્યા છે.

આ ખૂબ ખરાબ અને ભયાનક સ્થિતિ છે. એનો અંદાજ કાઢનારાઓ એવા જ નિષ્કર્ષ પર પહોંચે છે કે વિનાશની વેળા નિકટ છે અને માનવીની દુર્બુદ્ધિનું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નગ્ન નૃત્ય થવામાં હવે થોડો સમય જ રહ્યો છે. આ નિષ્કર્ષથી આ ધરતી પર રહેતા દરેક માનવીને ભયથી આતંકિત જોઈ શકાય છે, પછી ભલે તેનો યુદ્ધ સાથે સીધો સંબંધ હોય કે ન હોય.

આગામી લહેર કઈ આવવાની છે ? ભાવી પ્રગતિ કે પ્રચલન કેવાં હશે એ સંદર્ભમાં તથ્યોના ઊંડાણ સુધી પહોંચતા વાતાવરણની પ્રતિક્રિયાને સમજનારાઓ મનમાં ને મનમાં સમજે છે કે મનુષ્યની બુદ્ધિમાની હવે એ હદ સુધી પહોંચી ગઈ છે કે તે વિનાશ કરવા તૈયાર થાય તેના કરતાં ચેનથી રહેવાનું અને રહેવા દેવાનું વધુ પસંદ કરશે. મહામરણ કોઈને પસંદ નથી. એક સમય હતો, જ્યારે મનુષ્ય દુરાગ્રહને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી ગમે તે કરી બેસતો હતો, પરંતુ હવે એવી સ્થિતિ રહી નથી. આજે નહિ તો આવતી કાલે બધાં સશક્તો અને બુદ્ધિશાળીઓ એ વાત પર સહમત થશે કે વિનાશનં ધમકીઓને ફગાવી દઈને એવો રસ્તો શોધી કાઢવામા આવે કે જેથી આજની સભ્યતાને ગુમાવી આદિકાળના પછાતપણા તરફ પાછા ન જવું પડે. એવો વિશ્વાસ રાખવો જોઈએ કે સદ્‌વિવેક જાગશે અને આવના દસકાઓ મનુષ્ય આત્મઘાતી પગલાં ભરવાનાં બદલે સર્જન તરફ અગ્રેસર થશે. અત્યાર સુધીની સ્થિતિ તો એ જ બતાવે છે કે વિનાશની તૈયારીઓ કરી લેવા છતાં માનવીય પ્રગતિનું આગામી લક્ષ્ય નવનિર્માણની દિશામાં ચાલવાનું હશે. નિયંતાની પણ એવી જ ઈચ્છા છે અને એ માટે પરોક્ષ જગતમાં અનુકૂળ વાતાવરણ પણ બની રહ્યું છે. ચોથી લહેર આ જ હશે.

### "ગાયત્રી મંત્ર અદ્‌ભુત જડીબુટ્ટી"

*ગાયત્રી મંત્રની સાધનાથી માનવીના શરીરમાં રૂધિરાભિસરણ (બ્લડ સરક્યુલેશન)ની પ્રક્રિયા એકદમ સરળ બને છે. રક્તનો સંચાર શરીરના પ્રત્યેક અંગ સુધી પહોંચે છે. સાથે સાથે લોહીની શુદ્ધિ પણ થાય છે. સૌથી મોટો અને મહત્ત્વનો લાભ માનસિક શાંતિ જાળવવાનો છે. 'જેનું મન હળવું એનું જીવન હળવું.' મનના અફાટ સાગરમાં ઉછળતાં ઇર્ષ્યા, રાગદ્વેષ, ક્રોધ, ભય અને ચિંતાનાં મોજા શાંત પડે છે, શાંતિનો સાચો સાક્ષાત્કાર થાય છે, સંયમ વધે છે, શરીરમાં તાજગી, સ્ફૂર્તિનો અનુભવ થાય છે, કાર્યશક્તિ વધે છે. મનમાં સાત્વિક વિચારોનું બળ વધવાથી શારીરિક-માનસિક સમસ્યાઓ તથા રોગ નાબૂદ થાય છે. સમગ્ર જીવન હકારાત્મક બને છે. માનવી લીલોછમ તથા તાજોમાજો લાગે છે. ગાયત્રી સાધનાની જડીબુટ્ટી ગાયત્રી મંત્ર જ છે.*

*આજે વિશ્વભરના તબીબી નિષ્ણાતો કબૂલ કરે છે કે મોટાભાગના શારીરિક-માનસિક રોગોનું મૂળ કારણ મન છે. સારાં માઠાં કર્મોનું મૂળ પણ મન જ છે. મન એ જ ઇશ્વર અને મન એ જ દેવતા છે. મનથી કોઈપણ વાત છુપાવી ન શકાય. મનને આપણા ઋષિમુનિઓએ મર્કટ એટલે કે માંકડાની સાથે સરખાવ્યું છે. તે સતત ઠેકડા માર્યા કરે, પરંતુ તેની પ્રચંડ શક્તિની આપણને જાણ નથી. એક વખત મન નામના શક્તિશાળી મર્કટ પર સંયમ નામની લગામ આવી જાય તો આખું જગત જીતી શકાય. ગાયત્રી મંત્ર સતત જપવાથી જીવનમાં સંયમ આવી જાય છે. ગાયત્રી મંત્ર જે વિવેક, સદ્‌વિચાર, સદ્‌ભાવના, પ્રેરણા, શાલીનતા, ઉજ્જવળ ભવિષ્ય તથા નવાયુગનો મંત્ર છે તે આખા વિશ્વમાં ફેલાઈ જવાનો છે. ગાયત્રી મંત્રને એક જાતની જડીબુટ્ટી કહી છે. તેના દ્વારા માનવીને શાંતિ, આનંદ, ઉલ્લાસ અને આત્મસંતોષ મળે છે.*

**– શ્રીરામ શર્મા આચાર્ય**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(યુગગીતા-૧૮)

# જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્

'આત્માભિમાન છોડીને જ કર્મયોગી બની શકાય છે' શીર્ષકથી યુગગીતના ૧૭મા લેખમાં ગીતના ત્રીજા અધ્યાયના કર્મયોગની વ્યાખ્યા અંતર્ગત સત્યાવીસથી તેત્રીસમા શ્લોક સુધીની વ્યાખ્યા કરવામાં આવી હતી. એમાં 'કર્તાપણા'નું અભિમાન મનુષ્યની પોતાની અજ્ઞાની સ્થિતિને કારણે ઉત્પન્ન થાય છે તથા આ રહસ્યને સમજી પોતાના 'હું' સાથેની આસક્તિ તોડી નાખે છે તે બંધનમુક્ત થઈ જાય છે, તે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યોગેશ્વર કૃષ્ણ કહે છે કે ''પ્રકૃતિ જ બધી પ્રવૃત્તિઓનું સંચાલન કરી રહી છે. અહંભાવનો ક્ષય જ જીવનસાધના છે અને તે માટે પ્રકૃતિને ક્રમશઃ રજોગુણી તથા તમોગુણી બનાવવાની હોય છે.'' પરમપૂજ્ય ગુરુદેવે પણ જીવનસાધના અને લોકસેવાના માર્ગમાં સૌથી મોટી બાધા 'અહંકાર'ને જ બતાવી છે. આત્મજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધનારાઓ સૌ પ્રથમ પોતાના અહંને મિટાવે છે, એ શાશ્વત સત્ય બન્ને ગુરુસત્તાઓ શ્રીકૃષ્ણ અને પરમપૂજ્ય ગુરુદેવના માધ્યમથી આપણને બતાવવામાં આવી રહ્યું છે.

આ ક્રમમાં જ આગળ બતાવવામાં આવ્યું કે આપણએ આશારહિત, મમતારહિત અને શોકશૂન્ય થઈને (નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ) કર્મ કરવું જોઈએ. આ વાત ભલે યુદ્ધના સંદર્ભમાં કહેવામાં આવી રહી હોય, પરંતુ આપણા માટે તે પ્રતિક્ષણ દરેક કર્મ માટે લાગુ થાય છે. સાથે જ એ પણ કહેવામાં આવ્યું છે કે જ્ઞાની પુરુષોએ સતત કર્મમાં લાગ્યા રહેવું જોઈએ અને બીજાઓને ક્યારે પણ કર્તવ્યપાલનથી વિમુખ ન કરવાં જોઈએ. આ બધાં કર્મો ઈશ્વરને સમર્પિત કરવામાં આવે, તેનું ધ્યાન રાખવું જોઈએ. વિચારક્રાંતિને પરમપૂજ્ય ગુરુદેવે આજનો યુગધર્મ કહ્યો અને બતાવ્યું છે કે યુગધર્મ પર ચાલનારાઓ શ્રેષ્ઠતાથી કર્મ પૂરાં કરે, એમાં જ જીવનનો આનંદ છે. તેત્રીસમા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે કે ''વાસનાઓ જ બધા પ્રાણીઓની ક્રિયાઓનું નિયંત્રણ કરી રહી છે. આવી સ્થિતિમાં બાહ્ય દબાણ નહીં, પરંતુ આત્માનું અનુશાસન જ પ્રભાવી ભૂમિકા નિભાવી શકશે.'' 'નિગ્રહઃ કિં કરિષ્યતિ'નો તાત્પર્ય એ જ છે કે કોઈનો હઠ કે બળજબરીથી કરવામાં આવેલો પ્રયાસ એમાં કશું જ કરી નહીં શકે. તો પછી શું યોગ્ય છે અને શું અયોગ્ય છે એનો વિવેક કેવી રીતે જાગે. એ માત્ર સાધનાથી જ, યુગશક્તિ ગાયત્રીની ઉપાસનાથી જ વિકસિત થઈ શકે છે. હવે આગળના શ્લોકોની સાથે આ અંકમાં કર્મયોગનું વિવેચન રજૂ કરવામાં આવ્યું છે.

આગળના બે શ્લોક જે ભગવાને અર્જુનની જિજ્ઞાસા ઉઠતા પહેલા કહ્યાં છે, તે આ પ્રમાણે છે -

**ઇન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ ।**
**તયોર્ન વશમાગચ્છેતૌ હ્યસ્ય પરિપન્થિનૌ ॥ ૩/૩૪**
**શ્રેયાન્સ્વધર્મો વિગુણ : પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વધર્મે નિધનં શ્રેય : પરધર્મો ભયાવહ : ॥ ૩/૩૫**

''ઇન્દ્રિયોનો ઇન્દ્રિયો પ્રત્યેનો રાગદ્વેષ સ્વાભાવિક જ છે. મનુષ્ય પાસે એવી જ અપેક્ષા રાખવામાં આવે છે કે તે એમના વશમાં ન થઈ જાય, કેમ કે એ બન્ને તેની સફળતાના માર્ગના શત્રુ છે.'' (૩૪) ''સારી રીતે આચરણમાં લાવેલા બીજાના ધર્મ કરતા ગુણરહિત લાગતો પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ છે. બીજાનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધર્મ ભયજનક છે.'' (૩૫)

આ આખા પ્રકરણમાં આત્મસંયમનો મહિમા બતાવવામાં આવ્યો છે. ગીતા માનવનિર્માણની પ્રક્રિયાનું શિક્ષણ આપતો એક વૈજ્ઞાનિક ગ્રંથ છે. તેથી અહીં શ્રીકૃષ્ણ અર્જુન સમક્ષ જીવનમાં મનુષ્યની નિષ્ફળતાના કારણોનું રહસ્યોદ્‌ઘાટન કરી રહ્યા છે. પહેલા શ્લોકમાં તેઓ કહે છે કે આ વૈવિધ્યપૂર્ણ સંસારમાં સૌના અંગત રાગદ્વેષ હોઈ શકે છે. અમુક વ્યક્તિ જેમને પસંદ કરે છે તેમને બીજી વ્યક્તિ પસંદ ન કરે એમ બની શકે છે. રાગ એ આકર્ષણનો ભાવ છે, જેની અનુભૂતિ દરેક વ્યક્તિને અનુકૂળ પદાર્થ કે વાતાવરણની પ્રાપ્તિ થવાથી થાય છે. દારુડીયાને દારુ પ્રિય લાગી શકે છે અને સાધકને ફળાહાર. જે પદાર્થ આપણી વાસનાઓને અનુકૂળ નથી હોતાં તેમનો આપણે દ્વેષ કરીએ છીએ. આપણા મનના રાગ અને દ્વેષની તીવ્રતાનો નિશ્ચય આપણી વાસનાઓના સ્વરૂપ દ્વારા જ થાય છે. પોતપોતાના વિષયમાં અનુરાગ કે દ્વેષ હોવો તે ઇંન્દ્રિયો માટે સ્વાભાવિક છે, પરંતુ મોક્ષાર્થી જ્ઞાની વ્યક્તિમાં રાગદ્વેષ ન હોવાં જોઈએ. રાગ અને દ્વેષ આપણને ખરાબ કર્મો કરવા માટે વિવશ ન કરી દે તેનું આપણે બધાંએ ધ્યાન રાખવું જોઇએ. ભગવાન કહે છે કે, જો વાસનાની આ બે વૃત્તિઓને અભિવ્યક્તિ કરવી જ હોય તો એમનામાં આપણો સ્વાર્થી અહંભાવ તો ન જ હોય એટલે કે એવી રીતે અભિવ્યક્ત થાય કે આપણી મનોભૂમિમાં એવો કોઈ ઊંડો સંસ્કાર ન છોડી શકે, જે ભવિષ્યના કર્મોમાં બળપૂર્વક આપણી પ્રવૃત્તિનું કારણ બની શકે.

શ્રીકૃષ્ણ કહે છે કે, મનુષ્યે આ હલકી પ્રવૃત્તિઓને તો અવશ્ય જીતવી જોઇએ, પરંતુ પોતાની પ્રકૃતિ કે સ્વભાવથી વિરુદ્ધ ન ચાલે. કેમ ? કારણ કે અપૂર્ણ રૂપથી પણ પાળવામાં આવતા સ્વધર્મ પર પોતાની પ્રકૃતિ અને સ્વભાવ અનુસાર ચાલવું તે પરધર્મ પર બીજાની પ્રકૃતિ અને સ્વભાવ અનુસાર ગમે તેટલી સારી રીતે ચાલીએ તેના કરતા સારું છે. આ વાત પાત્રીસમા શ્લોકમાં કહેવામાં આવી છે. ભગવાન કહે છે કે, મનુષ્યે 'સ્વધર્મ' પર અવિચળ રહેવું જોઇએ. દરેક વ્યક્તિની તેની પ્રકૃતિ અને તેના ગુણધર્મ મુજબ તેનો ધર્મ નક્કી થાય છે. પોતપોતાના સ્વધર્મ-સ્વકર્મને આધ્યાત્મિક કર્મ બનાવી લે, પરંતુ બીજાઓની વાસનાઓ અને પ્રકૃતિની નકલ ન કરે.

કોઇને આ કથન રૂઢિવાદી લાગી શકે છે કે ભગવાન કૃષ્ણ વર્ણાશ્રમ ધર્મની વાત કહી રહ્યા છે. એમ પણ લાગી શકે છે કે તત્કાલીન સમાજ વર્ગાધિકાર અને જાતીય ભેદભાવોને જાળવી રાખતો હતો. જે વ્યક્તિ ક્ષત્રિય કુળમાં જન્મી હોય તેણે યુદ્ધ જ કરવું જોઇએ અને બ્રાહ્મણના મનશીલ જીવનનું અનુકરણ ન કરવું જોઇએ. એવો ભાવ પણ કોઈ ઇચ્છે તો કાઢી શકે છે. પરંતુ સૂક્ષ્મ વિવેચનથી જાણવા મળે છે કે આ શ્લોકમાં ખૂબ જ ગૂઢ અર્થ છુપાયેલો છે.

'સ્વધર્મ'ની જે વાત કહેવામાં આવી તે આપણી પોતાની અંતરની કામનાઓ અને પ્રવૃત્તિઓ સિવાય કશું જ નથી. આપણી વાસનાઓ જ તેમનું માર્ગદર્શન કરતી રહે છે. આપણો સ્વભાવ જ આપણું ચરિત્ર છે, જે સમાજમાં એક વ્યક્તિના રૂપમાં આપણી અભિવ્યક્તિનું માધ્યમ બને છે. આપણે બીજાની નકલ કરવા કરતાં જે વાસનાઓ લઇને જન્મ્યાં છીએ તેમનો જ નિઃસ્વાર્થ કર્મો દ્વારા ક્ષય કરીએ તે જ ભગવાનને પ્રિય છે.

અહીં પરમપૂજ્ય ગુરુદેવે સ્વધર્મ-પરધર્મ શબ્દની વ્યાખ્યા કર્તવ્ય-કર્મો સાથે કરી છે. આપણે જે કર્મમાં લાગેલા છીએ તેમાં જ સતત લાગેલા રહી ભગવાનના કાર્યો માટે જ પોતાનું સર્વસ્વ કામે લગાડીને કાર્ય કરવું એ જ આપણા માટે ઉચિત છે. પ્રલોભન જોઇને પોતાનો માર્ગ બદલી નાખવો મનુષ્ય માટે યોગ્ય નથી. પરમપૂજ્ય ગુરુદેવ તેમની ઓજસ્વી વાણીમાં 'ગુરુદેવની થાપણ ભાગ-૧' (અમૃતવાણી)માં કહે છે, ''સિદ્ધાંતોનું પાલન કરવા માટે અમે સામેના વિરોધીઓ, મહામંડલેશ્વરો, શંકરાચાર્યો બધાનો સામનો કર્યો છે. સોનાની બેડીઓ સામે બાથ ભીડી છે. જીવનભર પોતાની માટે, આપના માટે, સમાજ માટે, સંપૂર્ણ વિશ્વ માટે અને સ્ત્રીઓના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અધિકારો માટે હું એકલો જ સંઘર્ષ કરતો રહ્યો. અનિતિનો સામનો કરવા માટે યુગનિર્માણ અને વિચારક્રાંતિ અમલમાં મૂકી. આ બાબતમાં અમે રાજપૂત છીએ. અમારી અંદર પરશુરામ જેવું શૌર્ય અને સાહસ રોમેરોમમાં ભરવામાં આવ્યું છે. અમે મહામાનવી છીએ.'' બ્રાહ્મણત્વની ધરી પર જીવતા પરમપૂજ્ય ગુરુદેવ તેમના આ શબ્દો દ્વારા આપણું પ્રત્યક્ષ માર્ગદર્શન કરી રહ્યા છે કે આપણો જીવનધર્મ કેવો હોવો જોઇએ. ધર્મના ખૂબ જ વ્યાપક અર્થો સાથે એમણે સ્વધર્મ સમજાવ્યો છે. આજે આપણા સૌનો ધર્મ છે કે ગુરુએ બતાવેલાં કાર્યોમાં લાગી જઈ પોતાને ધન્ય બનાવી લેવું. યુગનિર્માણની વિચારધારાનો વ્યાપક પ્રસાર અને વિસ્તાર કરવો તથા દરેક વ્યક્તિના ચિંતનનો મૂળગામી પરિષ્કાર કરવા માટે તત્પર રહેવું. આ જ યુગધર્મ છે, સ્વધર્મ છે. આપણા સ્વભાવને અનુરૂપ એ જ કરવા માટે આપણે પ્રવૃત્ત થયાં છીએ તથા તેનાથી આપણે વિપરીત નહીં જવું જોઇએ.

આટલી વ્યાખ્યા બાદ અર્જુન પ્રશ્ન પૂછે છે. આટલા વખતથી ગૂઢ વિવેચન સાંભળ્યા પછી તેનું જિજ્ઞાસુ મન કહે છે :

**અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પુરુષઃ ।**
**અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિત : ॥ ૩/૩૬**

''હે કૃષ્ણ ! તો પછી મનુષ્ય સ્વયં ન ઈચ્છતો હોવા છતાં બળજબરીથી પાપનું આચરણ કેમ કરવા લાગે છે ? તે કોનાથી પ્રેરિત થઈને આવો વ્યવહાર કરે છે ?''

યુગોયુગોથી આ શાશ્વત પ્રશ્ન ઉપસ્થિત થતો આવ્યો છે. અર્જુન જાણવા ઈચ્છે છે કે મનુષ્યમાં એવી કઈ બુરાઈ કે શેતાન કામ કરે છે, જે તેને પાપ કરવા માટે અને તેના જ્ઞાનનું ઉલ્લંઘન કરવા માટે પ્રેરિત કરતો રહે છે ? આ પ્રશ્નનો ઉત્તર ભગવાને વેદાંતના પ્રકાશમાં ખૂબ જ સુંદર રીતે આપ્યો છે. તેઓ કહે છે :

**કામ એષ, ક્રોધ એષ, રજોગુણ સમુદ્‌ભવઃ ।**
**મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ ॥ ૩/૩૭**

''રજોગુણથી પેદા થતો એ કામ કે ક્રોધ જ છે, એ અગ્નિસમાન ક્યારેય પણ તૃપ્ત થવાનો નથી તથા બધા પાપોનું મૂળ છે. આ સંસારમાં કોઈપણ વ્યક્તિનો એ જ સૌથી મોટો શત્રુ છે.''

કોઈ પદાર્થના પ્રાપ્તિની કામના જ્યારે મર્યાદા પાર કરી લે છે ત્યારે તે એના ઉપભોગ માટે 'કામુકતા'નું રૂપ લે છે. આ 'કામ'માં જ્યારે બાધા આવે છે ત્યારે એ જ વિકૃત થઈને ક્રોધનું રૂપ લઈ લે છે. આપણા જીવનના આદર્શો એક તરફ રહી જાય છે અને આપણે તેમનું ઉલ્લંઘન કરી ક્રોધથી પોતાને અસ્તવ્યસ્ત કરી લઈએ છીએ. સદ્‌ગુણો તેમની અભિવ્યક્તિ કરી શકતા નથી.

કામ અને ક્રોધની ઉત્પત્તિ રજોગુણ એટલે કે માનસિક ઉથલપાથલથી થાય છે. અંદરની અપૂર્ણતા આપણને સાંસારિક પદાર્થોનો સંગ્રહ કરી તેમના પર હક્ક જમાવવા માટે તથા ઉપભોગ કરવા માટે આપણને પાગલ બનાવી દે છે. એનાથી પેદા થતી અધીરતા તેને સતત પજવતી રહે છે. આ કામ અથવા ક્રોધ જ છે, જે મનુષ્યો, જાતિઓ, સમુદાયો અને રાષ્ટ્રોને એકબીજા ઉપર આક્રમણ અને અત્યાચાર કરવા માટે ઉત્તેજિત કરતો રહે છે તથા આ કારણથી જ ઈતિહાસ મનુષ્યના સંગઠિત વિનાશની નિરર્થક લોહીથી ખરડાયેલી ગાથા બનીને રહી ગયો છે.

પરમપૂજ્ય ગુરુદેવ કહેતા કે, આપણે આપણા કામાગ્નિમાં જ બળીને ભસ્મ થઈએ છીએ. આપણો કામાગ્નિ પ્રાણાગ્નિ કેમ બની શકતો નથી ? પ્રાણબીજ કેમ બની શકતો નથી ? કામ અને ક્રોધ મનુષ્યજીવનના મહાન શત્રુઓ છે. આ એક પ્રકારનો અગ્નિ છે જે શરીરને પણ નષ્ટ કરે છે અને ચિત્તને પણ. એમાં જેટલી આહુતિઓ આપવામાં આવે છે તેટલો જ એ અગ્નિ વધતો જાય છે. જો આપણે ભગવાન માટે કર્મ કરવાનું શીખી લઈએ તો આપણી ભાવનાઓની તૃપ્તિ આપમેળે થતી જશે. કોઈપણ લોકસેવી અને પોતાનું વ્યક્તિત્વ નિર્માણ કરતા સાધકે પોતાને માટે સૌથી મોટા શત્રુના રૂપમાં (વિદ્ધિ એનમિહ વૈરિણમ્) કામ અને ક્રોધ આ બે મૂળ પ્રવૃત્તિઓને માનવી જોઇએ, જે એક જ વૃત્તિના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બે પ્રગટીકરણ છે. કામમાં બાધા આવે ત્યારે તે ક્રોધના જ રૂપમાં ફેરવાઈ જાય છે.

આગળ શ્રીકૃષ્ણ કહે છે :

**ધૂમેનાવ્રિયતે વહ્નિર્યથાદર્શો મલેન ચ ।**
**યથોલ્બેનાવૃતો ગર્ભસ્તથા તેનેદમાવૃતમ્ ॥ ૩/૩૮**
**આવૃતં જ્ઞાનમેતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।**
**કામરૂપેણ કૌન્તેય દુષ્પૂરેણાનલેન ચ ॥ ૩/૩૯**

'જેવી રીતે અગ્નિ ધુમાડાથી, દર્પણ ધૂળથી તથા પેટમાં રહેલો ગર્ભ ગર્ભની કોથળીમાં ઢંકાયેલો રહે છે તેવી જ રીતે આ 'જ્ઞાન' કામથી ઢંકાયેલું છે. હે કુંતીપુત્ર ! આ ક્યારેય તૃપ્ત ન થતા અગ્નિસમાન જ્ઞાનીઓના નિત્યશત્રુ કામથી વિવેકરૂપી જ્ઞાન ઢંકાયેલું છે.' (૩૮/૩૯)

આપણી આર્ષ સંસ્કૃતિ ઓછામાં ઓછા શબ્દોમાં જટિલ દર્શનની વ્યાખ્યા કરતી આવી છે. વિવેકરૂપી જ્ઞાનને કામનાઓ કેવી રીતે ઢાંકી દે છે તેના ત્રણ પ્રત્યક્ષ ઉદાહરણો અહીં આપવામાં આવ્યા છે. જ્ઞાનને ઢાંકી દેતા આ ત્રણ પ્રકારના પડદાઓ છે. વિષયવાસનાનો નાશ થાય ત્યારે જ તત્ત્વજ્ઞાનનો ઉદય થાય છે, એ નક્કી માનવું જોઈએ. મહાભારતના આદિપર્વમાં રાજા યયાતિની કથા આવે છે. તેઓ પોતાના પુત્રોનું યૌવન પ્રાપ્ત કરીને સહસ્ત્ર વર્ષો સુધી વિવિધ વિષયો ભોગીને પણ તૃપ્ત ન થઈ શક્યા. પુત્ર પુરુને યૌવન અને રાજ્ય પાછું આપી તેઓ વનવાસી બની ગયા. ભોગની કોઈ સીમા નથી કે નથી એમાં શાંતિ મળતી. વાસ્તવમાં ત્યાગમાં જ શાંતિ છે. ત્યાગમાં જ મોક્ષની પ્રતિષ્ઠા છે.

કામના જ્યારે કોઈ મહાન કે શુભ સંકલ્પથી કે ઈચ્છાથી ઉત્પન્ન થાય છે અને સમાજના સભ્યોની સેવારૂપી પ્રભુભક્તિના રૂપમાં પ્રગટ થાય તો એ સાત્ત્વિક ઈચ્છા છે. જો કે એણે પણ જ્ઞાનને ઢાંકી રાખ્યું છે, છતાં એ અગ્નિને ઢાંકી દેતા ધુમાડા જેવું (ધૂમેન્ આવ્રિયતેવહ્નિઃ) છે, પરંતુ પ્રબળ આકાંક્ષા, ગુરુની કૃપા તથા સંસ્કારોરૂપી પવનની એક લહેર પણ આ ધુમાડાને હટાવવા અને અગ્નિને તેના દેદીપ્યમાન મહિમામયી રૂપમાં પ્રગટ કરી દેવા માટે પર્યાપ્ત હોય છે. જ્યાં સુધી આપણી કામનાઓ તામસિક છે ત્યાં સુધી આપણે કઠારો તપ કરવું પડશે કે જેથી આપણો વિવેક હલકી કામનાઓ અને પશુ જેવી પ્રવૃત્તિઓના આવરણમાંથી બહાર આવી જાય.

કામાગ્નિ કે કામના આવેશને ભગવાને ક્યારેય તૃપ્ત ન થતો અગ્નિ કહ્યો છે. જ્ઞાનનો સૌથી પ્રબળ શત્રુ આ કામ જ છે. આ વાતને ઊંડાણથી અર્જુનના મનમાં બેસાડવા માટે શ્રીકૃષ્ણ કહે છે :

**ઈન્દ્રિયાણિ મનો બુદ્ધિરસ્યાધિષ્ઠાનમુચ્યતે ।**
**એતૈર્વિમોહયત્યેષ જ્ઞાનમાવૃત્ય દેહિનમ્ ॥ ૩/૪૦**
**તસ્માત્ત્વમિન્દ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ ।**
**પાપ્માનં પ્રજહિ હ્યેનં જ્ઞાનવિજ્ઞાનનાશનમ્ ॥ ૩/૪૧**

"ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ એના (કામરૂપી જ્ઞાનના) ત્રણ કેન્દ્રો છે, જેમના દ્વારા એ જીવનની બુદ્ધિને આચ્છાદિત કરી તેને મોહિત કરે છે. હે અર્જુન ! તું શરૂઆતથી જ ઈન્દ્રિયોને વશમાં કરીને આ જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર મહાન પાપી કામને મારી નાખ."

ભગવાને અર્જુનને જે સમજાવ્યું છે એ સંપૂર્ણ અધ્યાત્મદર્શન અને સાધનાવિજ્ઞાનનું મૂળ છે. કામના તરંગો બુદ્ધિમાનને પણ સાવ મૂર્ખ બનાવી દે છે. મિથ્યા આકર્ષણો અને પ્રલોભનોથી મનુષ્ય કેવી રીતે નષ્ટભ્રષ્ટ થઈ જાય છે તેનું અહીં સ્પષ્ટ ચિત્રણ છે.

કામ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને ભ્રમિત કરી મનુષ્યની દુર્ગતિ કરાવે છે, તે ખૂબ જ સ્પષ્ટ રીતે બતાવ્યું છે. વિવેકનો નાશ કરી દે છે અને નરપશુ કે નરપિશાચ જેવા વ્યવહાર કરવા માટે પ્રેરિત કરે છે. કામ આપણા જ્ઞાનના પ્રકાશને ઢાંકી દે છે ત્યારે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ ઘોર અંધકારમાં હિંસક અને ધૃણિત કાર્યો કરવા લાગી જાય છે. શ્રીકૃષ્ણ સ્પષ્ટ કહે છે કે, અર્જુન જેવા વિવેકશીલ અને સાંસ્કૃતિક સૌંદર્યમય જીવન જીવવા ઈચ્છુક લોકોનો સૌથી પ્રબળ શત્રુ કામ છે અને આવા કામ પર એણે વિજય પ્રાપ્ત કરવો જ જોઈએ. એ માટે શરૂઆતથી જ ઈન્દ્રિયોને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વશમાં કરી લેવી જોઈએ કે જેથી જાણકારીયુક્ત જ્ઞાન અને વિશિષ્ટ જ્ઞાનવિજ્ઞાન પરોક્ષનું જ્ઞાન નષ્ટ થઈ ન શકે.

જ્યારે પણ આપણી કામના ઉઠે છે ત્યારે સૌ પ્રથમ ઈન્દ્રિયો તેની તરફ લલચાય છે. ઈચ્છા ઉત્પન્ન થતાં જ આપણે તેનું ચિંતન કરવા લાગીએ છીએ અને બુદ્ધિમાં તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા પેદા થઈ જાય છે. ત્રણેયમાં ઈન્દ્રિયો સ્થૂળતમ અને પ્રત્યક્ષ છે. બૌદ્ધિક સ્તરે કામ ક્ષેત્ર પર વિજય પ્રાપ્ત કરવા કરતા ઈન્દ્રિયોને શરૂઆતથી જ વશમાં કરી લેવી વધુ સહેલું છે. ઈન્દ્રિયસ્તરે કામનાઓને વશમાં કરી લેવામાં આવે તો મનોભાવનાઓ અને જીવનના બૌદ્ધિક મૂલ્યો તથા સંપદાઓ પણ સ્વાભાવિક રીતે આપમેળે અનુશાસિત થવા લાગશે.

પરમપૂજ્ય ગુરુદેવે કોઈપણ લોકસેવી સાધક માટે ઈન્દ્રિનિગ્રહ, મનોનિગ્રહ (વિચારસંયમ) સમયનિગ્રહ અને અર્થનિગ્રહ અનિવાર્ય બતાવ્યો છે. ઈન્દ્રિયનિગ્રહમાં તેઓ જીભ અને કામેન્દ્રિયોના સંયમને મુખ્ય માને છે. જેમણે આ બંને સાધી લીધા તેમનો સમગ્ર સંયમ સધાઈ જાય છે, એવી ગુરુદેવની સ્પષ્ટ માન્યતા છે. માત્ર લોકસેવી જ કેમ, કોઈ સામાન્ય ગૃહસ્થ માટે પણ આ અનિવાર્ય છે. પૂજ્ય ગુરુદેવે એમણે લખેલા સાહિત્યમાં અસ્વાદ વ્રત, બ્રહ્મચર્ય અને મૌનનો અભ્યાસ સંયમસાધનાના રૂપમાં સારી રીતે સમજાવ્યો છે. પૂજ્ય ગુરુદેવના મતે વિવેક જ્યારે કામરૂપી આવરણમાંથી બહાર નીકળીને પ્રકાશિત થાય છે ત્યારે જ ગાયત્રી સાધના ફલિત થાય છે.

આપણે પ્રમાદની અવસ્થામાં કામુક પ્રવૃત્તિઓ અને કામનાઓના ભોગ બની જઈએ છીએ. તેથી જ શ્રીકૃષ્ણ કહે છે કે, જાગૃત રહો, સાવધ રહીને જીવો. જીવનના સ્ટીયરીંગ વ્હીલ પર સૂઈ ન જાવ. વિવેકશક્તિનને મૂર્ચ્છિત થવા ન દો. એ માટે ભગવાન ફરીથી અંતિમ બે શ્લોકમાં સૂત્ર આપે છે :

**ઈન્દ્રિયાણિ પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ ।**
**મનસસ્તુ પરા બુદ્ધિર્યો લુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥ ૩/૪૨**

**એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમાત્મના ।**
**જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્ ॥ ૩/૪૩**

"ઈન્દ્રિયો સ્થૂળ શરીર કરતા બળવાન, શ્રેષ્ઠ અને સૂક્ષ્મ છે. મન ઈન્દ્રિયોથી શ્રેષ્ઠ છે, બુદ્ધિ મનથી શ્રેષ્ઠ છે અને જે બુદ્ધિથી શ્રેષ્ઠ છે, તે આત્મા છે. (૪૨) આ રીતે બુદ્ધિથી શ્રેષ્ઠ, સૂક્ષ્મ અને બળવાન આત્માને જાણી તથા બુદ્ધિ દ્વારા મનને વશ કરી હે મહાબાહો ! તું આ કામરૂપી દુર્જય શત્રુને મારી નાખ." (૪૩)

કર્મયોગનું સમાપન કરતી વખતે ધ્યાનયોગનો મર્મ લાવવો અને જીવનનું સૂત્ર આપવું તે શ્રીમદ્‌ભગવત્ ગીતાકારના કાવ્યનો સૌથી સુંદર પક્ષ છે. અહીં 'શ્રેષ્ઠ'ની વાત કહેતા ભગવાને સ્થૂળશરીર કરતા ઈન્દ્રિયોને, ઈન્દ્રિયો કરતા મનને, મન કરતા બુદ્ધિને તથા બુદ્ધિ કરતા શ્રેષ્ઠ આત્મા છે એમ બતાવી એક રાજમાર્ગ બતાવી દીધો છે. તત્ત્વને જાણીને જ અંતે ઈન્દ્રિયો પર વિજય મેળવી શકાય છે, એવું સાધનાવિજ્ઞાન કહે છે. આ બંને અંતિમ શ્લોકમાં ભગવાને માનવીય વ્યક્તિત્વનું અંદરથી પૂર્ણરૂપથી દિગ્દર્શન કરાવી દીધું છે. જ્યાં સુધી આપણે ઊંડા ઊતરીશું નહીં ત્યાં સુધી આપણે ઈન્દ્રિયો પર કેવી રીતે નિયંત્રણ કરીશું તે સમજાશે નહીં. જેવી રીતે ધનવાન થવું એ જ નિર્ધનતાનું સમાધાન છે, શાંતિ સ્થાપિત થવી એ જ યુદ્ધની સમસ્યાનું સમાધાન છે તેવી જ રીતે બુદ્ધિથી પર અને શ્રેષ્ઠ આત્મતત્ત્વને જાણીને તેની સાથે એકરૂપ થઈને જ તથા એ સ્થિતિમાં સદૈવ ટકી રહેવાથી જ દુર્જય કામરૂપી શત્રુનો સામનો કરી શકાય છે.

ઉચ્ચતમ ચૈતન્યાવસ્થાનું જાગરણ થાય અને અર્જુન આ સંબંધમાં સ્થિતિને સમજી શકે એ હેતુથી ક્રમશઃ વિવેચનના ક્રમનો ઉતારચઢાવ કરવામાં આવ્યો છે તથા તેને સિદ્ધપુરુષના રૂપમાં સ્થાપવા માટેની ચાવી બતાવવાના રૂપમાં સમાપન કરવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ કેવા કુશળ શિક્ષક હતા તે કર્મયોગના અંતિમ દસ શ્લોકોને આત્મસાત કરી સમજી શકાય છે. એ જ માનવીનો ક્રમિક વિકાસ છે. એક સીડી પરથી બીજી પર કેવી રીતે પહોંચવું તે સમજી શકાય છે. કામનાઓને આત્માના સ્તરે લાવીને તદ્‌રૂપ કરી લેવી એ જાણે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમને મારીને નિષ્કામ બનવા જેવું છે. ઈન્દ્રિય, મન તથા બુદ્ધિનું નિયંત્રણ અંતે આત્મા દ્વારા જ થાય છે અને જ્યારે આ નિયંત્રણ સ્થપાઈ જાય છે ત્યારે કામનારૂપી દુર્જય શત્રુનો નાશ થઇ જાય છે. મનુષ્ય નિષ્કામ બની જાય છે. આવી નિષ્કામ સ્થિતિને પ્રાપ્ત કરવાનું બધાના જીવનયજ્ઞનું લક્ષ્ય હોવું જોઇએ, એ સંપૂર્ણ તૃતીય અધ્યાયનો સાર છે. બીજાને માટે જીવવું-મરવું અને ત્યાગ તથા નિઃસ્વાર્થ ભાવે જીવવું એ જ યજ્ઞ છે. આ નિષ્કામ જીવન જ્યારે વિરાટ સમૂહમાં થવા લાગે છે ત્યારે યુગ બદલવા જેવી પ્રક્રિયા પણ થવા લાગે છે. આવું જ મૂળ દર્શન આપણે પરમપૂજ્ય ગુરુદેવના ચિંતનમાં પણ જોઇએ છીએ.

એક કથા સાથે આ અધ્યાયનું સમાપન કરીશું. તૈલંગ સ્વામી એક વૈરાગી સાધુ થયા છે. લાહિડી મહોદય સામાન્ય ગૃહસ્થ હતા, પરંતુ ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા સાધક હતા. તેઓ એકવાર બનારસ આવ્યા, બન્ને મળ્યા તો તૈલંગ સ્વામીએ સાહિડી મહોદયને પ્રણામ કર્યા. લાહિડી મહોદય એમને ભેંટી પડ્યા. સંન્યાસીના શિષ્યો કહેવા લાગ્યા કે, આપ અવધૂત છો, સિદ્ધ છો, આપ એમને શા માટે પ્રણામ કરો છો ? તો તૈલંગ સ્વામીએ કહ્યું, જે તત્ત્વને પામવા માટે મારે લંગોટી છોડવી પડી, તેને આ ધોતીવાળો અનાસક્ત કર્મયોગ કરતા રહી આપોઆપ મેળવી ચૂક્યો છે. સામાન્ય કર્મ કરતા રહીને પણ આત્માને પ્રાપ્ત કરી શકાય છે. શરત એટલી જ છે કે મુક્ત સંગ જીવન હોય, ઈશ્વરને અર્પિત જીવન હોય. પરમપૂજ્ય ગુરુદેવ તથા મહાત્મા આનંદસ્વામીના પ્રસંગો પણ ઉપર્યુક્ત સામ્યતા ધરાવે છે અને સાચા અર્થોમાં કર્મયોગથી સાધનાના ઉચ્ચતમ શિખર સુધી પહોંચવાની વાત કહે છે. આ સાથે તૃતીય અધ્યાય પૂરો થયો. આવતા અંકથી જ્ઞાન-કર્મ-સંન્યાસયોગ નામનો ચોથો અધ્યાય શરૂ કરીશું.

**ભગવાને દરેક મનુષ્યને સુખ, શાંતિ અને સુવ્યવસ્થાની જવાબદારી સોંપેલી છે. પોતે અપરાધ ન કરવો એટલું જ પૂરતું નથી, પરંતુ બીજાઓને અપરાધ કરતા રોકવા એ પણ કર્તવ્ય છે. પોતે પ્રગતિ કરવી અને સદાચારી બનવું એટલું જ પૂરતું નથી, બીજાઓને પણ એવી જ સુવિધા મળે એ માટે પ્રયત્નશીલ રહેવું એ પણ જરૂરી છે. જેઓ આ બાબત પ્રત્યે દુર્લક્ષ સેવે છે તેઓ વાસ્તવમાં અપરાધી ન હોવા છતાં પણ અપરાધી છે. ચોરીની જેમ જ બેદરકારી પણ દંડનીય છે.**

**પરમેશ્વરને નવસર્જન જ ગમે છે. તેને સંતુલન બનાવવું જ પ્રિય છે. જોકે મનુષ્યજાત અત્યારે પણ અનિતિનો માર્ગ ન છોડવાના તેના દુરાગ્રહને વળગી રહી છે તેથી મને પ્રત્યક્ષ દેખાય છે કે આગામી દિવસોમાં જ ફરી મહાકાલના કોપ અને ભયાનક વિપત્તિઓમાંથી પસાર થવું પડશે. શક્ય છે કે આ દંડનો નિયમ આપણને દુર્જનતાનો પંથ છોડીને સજ્જનતા અપનાવવા માટે પ્રેરિત કરે. આવું થઇ શકે તો આ ભાવિ વિપત્તિઓને પણ નવયુગના નિર્માણના પ્રસવપીડા માનીને મંગલમય જ કહેવામાં આવશે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સર્જનાત્મક જીવનના કેટલાક સારગર્ભિત સૂત્રો

'ક્રિએટીવ લિવિંગ ફૉર ટુડે' એટલે કે 'સર્જનાત્મક જીવન'ના લેખક મહામનીષિ અને પ્રખ્યાત દાર્શનિક મેકસવેલ માલ્ટ્ જે પોતાના નિષ્કર્ષોને આ રીતે પ્રતિપાદિત કર્યા છે - પ્રથમ અધ્યાય, 'નિર્ણયાત્મક શક્તિની શોધ'માં તેઓ કહે છે - (૧) આપણે પોતાના જીવનમાં સદા સર્જનાત્મક અને વિધેયાત્મક વિચારોને જ સ્થાન આપવું જોઈએ. આ એ જ રાજમાર્ગ છે, જેની મદદથી આપણે પોતાના જીવનને સુખમય બનાવી શકીએ છીએ. નકારાત્મક વિચાર માનવજીવનને બરબાદ કરી નાખે છે. તેથી એવા વિચારોને નજીક પણ આવવા દેવા ન જોઈએ. જો કોઈ વ્યક્તિ આવા વિચારો કરે છે તો તે પોતાની ઉપર વર્ણવી ન શકાય એવા અત્યાચાર કરે છે. (૨) આપણે આપણા જીવનને જાતે જ દુઃખમાં નાખીએ છીએ. તેથી જ્યારે દુઃખોની પસંદગી કરીએ ત્યારે ન ગભરાતા પોતાનું કર્તવ્ય જવાબદારીપૂર્વક નિભાવીએ. કષ્ટદાયક માર્ગ પર ચાલીને જ સફળતા પ્રાપ્ત થાય છે. (૩) મનુષ્યના વ્યક્તિત્વનો આધાર એ વાત પર છે કે તે સંસારને કઈ રીતે જુએ છે અને તેની સાથે સમાયોજન કરે છે. (૪) આપણા વિચારો અને માન્યતાઓ અમૂલ્ય સંપદા છે. (૫) કોઈ કાર્ય કરતા પહેલાં એ વિચાર અવશ્ય કરવો જોઈએ કે તે આપણી ગરિમાને અનુકૂળ છે અથવા નહીં.

એમણે બીજા અધ્યાય 'અનિશ્ચિત સંસારમાં સુરક્ષા'માં બતાવ્યું છે - (૧) જેવી રીતે બાળક જન્મ લેતી વખતે રડયા પછી હસે છે, તેવી જ રીતે આપણે પણ પોતાના જીવનની કઠણાઈઓ વચ્ચે હસતા રહેવું જોઈએ. (૨) પોતાની ધારણાઓ મનુષ્યની સૌથી સારી મિત્ર છે. ધારણાઓ સારી હોય તો આપણે સારા માર્ગ પર અને ખરાબ હોય તો ખરાબ માર્ગ પર ચાલવા લાગીએ છીએ. (૩) આપણે અનિશ્ચિતતા અને દુર્ભાગ્યને ત્યજી દઈ નિર્માણના કાર્યમાં લાગી જવું જોઈએ. (૪) સ્વસ્થ શરીર અને સ્વચ્છ મનમાં જ સ્વસ્થ વિચાર આવે છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારું હોય તો આંતરિક વિચાર સ્વસ્થ રહે છે. વિચારોથી જ મનુષ્ય સારો છે કે ખરાબ તે જાણી શકાય છે. (૫) જીવનમાં નિશ્ચિતપણે સફળતા મેળવવા માટે દરરોજ થોડો સમય અરીસાની સામે ઊભા થઈને એ દોહરાવું જોઈએ કે અમે આગળ અવશ્ય પ્રગતિ કરીશું. એનાથી જીવનમાં અવશ્ય સફળતા મળશે. (૬) આપણને પોતાના જીવનમાં નિર્ધારિતે માત્રામાં સમય મળ્યો છે, એટલે કે શ્વાસોની સંખ્યા નક્કી થયેલી છે. તેથી એમનો સદુપયોગ કરવામાં જ શાણપણ છે.

ગ્રંથના ત્રીજા અધ્યાય 'જીવનના ક્રિયાકલાપોમાં શક્તિ'માં એમણે કહ્યું છે - (૧) રચનાત્મક કાર્યો જીવનના સૌથી ઉત્તમ કાર્યો છે. એ ધનસંપત્તિ કે રૂપિયા કરતા પણ વધુ કિંમતી છે. (૨) સમયનું મૂલ્ય સમજી એકાગ્રતા સાથે નિર્માણના કાર્યોમાં લાગી જવું તે અડધી સફળતા પ્રાપ્ત કર્યા બરાબર છે. ઉદ્દેશપૂર્ણ કાર્યની પસંદગી કરી લીધા બાદ એમાં વિશેષ યોગ્યતા હાંસલ કરી લેવી તે જ સફળતાની નિશાની છે. અનેક કામો એકી સાથે હાથમાં લેવા તે નિરર્થક શક્તિનો અપવ્યય કરવા જેવું છે. (૩) પ્રત્યેક દિવસ માટે કાર્ય તથા આરામનો સમય નક્કી કરી લેવો તે લક્ષ્યપ્રાપ્તિની સર્વોત્તમ રીત છે. (૪) મિત્રતા કરવી એ પણ જીવનની એક કલા છે. નિષ્ફળતા કે તિરસ્કાર મળે તો પણ દુઃખી થવા કરતાં પોતાની ખામીઓ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શોધી કાઢવામાં આવે તથા નવા ઉત્સાહ સાથે આગળ વધવામાં આવે. (૫) જીવનમાં સતત પ્રગતિ કરવા માટે બે વાતો જરૂરી છે, પહેલી એ કે જીવનના પ્રત્યેક દિવસ માટે લક્ષ્યનું નિર્ધારણ તથા બીજી, જીવનથી ક્યારેય ન ભાગવું. (૬) મનુષ્ય જેવું વિચારે અને કરે છે તેવો બની જાય છે, તેથી પોતાના પતન અને ઉત્થાન માટે આપણે પોતે જ જવાબદાર છીએ. (૭) વધુ ઉંમર હોવાથી કાર્યમાં બાધા આવતી નથી, જરૂર ફક્ત કામ કરવાની ભાવના ટકાવી રાખવાની છે. (૮) પોતાની ધારણા કમજોર થવાથી બીજાની સત્યતા પર વિશ્વાસ બેસતો નથી અને ત્યારે જીવન નિરર્થક લાગવા માંડે છે. (૯) જ્યોર્જ બર્નાર્ડ શૉએ તેમની કૃતિમાં તેમના પાઠકોને પોતાનો આત્મા સ્વચ્છ રાખવા માટે કહ્યું હતું. તેમના મતે, આત્મા મનુષ્યજીવનની બારી જેવો છે, જેમાં સંપૂર્ણ જીવનને જોઈ શકાય છે. (૧૦) મોટાભાગના લોકો આત્મચિંતનની પરવાહ કર્યા વિના ભૌતિક વસ્તુઓના ચિંતનમાં લાગેલા રહે છે, જે નાશવંત છે. (૧૧) સતત ચાલતા અને જીવનનો આનંદ લેતા લોકો ઓછા સમયમાં જ વધુ દિવસો જીવે છે. જીવો ત્યાં સુધી જીવ ટકાવી રાખો. (૧૨) પોતાના હૃદયમાંથી ભય અને નકારાત્મક વિચારોને બહાર કાઢી ફેંકનારાઓ જ સાચાં શૂરવીર કહેવાય છે. જે મિત્રો જીવનને નિરસ અને નરકમય બનાવવાનો પ્રયત્ન કરે છે તેમનો વિષની જેમ ત્યાગ કરવો જ શ્રેષ્ઠ છે. (૧૩) પૂર્ણતા કયાંય નથી. અપૂર્ણતા હોવાથી શરમાશો નહીં. ભૂલ થાય, પરંતુ તેને સુધારી આગળ વધવું એમાં જ મનુષ્યતા છે.

ચોથા અને પાંચમાં અધ્યાયમાં એમણે લખ્યું છે - (૧) આપણે એ વિચાર કરવો જોઈએ કે આજનો દિવસ મારો છે. ગઈકાલની ભૂલોને ભુલાવી દેવી જોઈએ. જેમકે પહેલા બાળક પેદા થાય છે, પરંતુ સમય જતા એ જ જવાન થાય છે અને વૃદ્ધ થઈ જાય છે. (૨) પોતાને તુચ્છ સમજી જીવનથી ભાગવું જોઈએ નહીં. પૂર્ણતા ન મળે તો પણ કર્મશીલ રહેવું જોઈએ. (૩) વિઘ્નબાધાઓથી ભયભીત ન થતાં પોતાનો જીવ ટકાવી રાખવો તથા પોતાને અને પોતાની શક્તિને ઓળખી આગળ વધતા રહેવું એ જ સાચો પુરુષાર્થ છે. (૪) યુવાવસ્થામાં જીવનની તૈયારી કરી લેવાથી જીવનભર કાર્ય કરવાની લગન ટકી રહે છે. (૫) સુખમય જીવન માટે આજથી અને અત્યારથી જ પોતાના કુવિચારો સાથે લડવાનો સમય છે. (૬) મનુષ્ય ઈશ્વરનો રાજકુમાર છે. તેને જીવવા, હસવા અને પ્રેમ કરવાની પૂરી સ્વતંત્રતા છે. (૭) આત્મધારણાનો અભ્યાસ પ્રવીણતાની પરીક્ષા કરતા શ્રેષ્ઠ છે, કારણ કે પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરવાનો આધાર બીજા ઉપર હોય છે, પરંતુ આત્મધારણાથી જીવનભર સુખી રહી શકાય છે.

છઠ્ઠો અધ્યાય 'નિર્માણાત્મક જીવન માટે સફળતાના લક્ષ્યો'માં એમણે બતાવ્યું છે - (૧) પોતાના ભાગ્યને બદલવાનો સાચો ઉપાય છે, નકારાત્મક ભાવનાઓનો ત્યાગ અને ભૂતકાળમાં મળેલી સફળતાઓને યાદ રાખવી. (૨) જ્યારે લક્ષ્ય જ જીવન અને તેની પૂર્તિ દિનચર્યા બને ત્યારે જ સફળતા મળે છે. (૩) બીજા લોકો પોતાની નિષ્ફળતાઓને ભૂલી શકતા નથી, પરંતુ આપ અવશ્ય ભૂલી શકો છો એવો વિશ્વાસ રાખવો જોઈએ. (૪) રચનાત્મક કે નિર્માણાત્મક જીવનનો અર્થ છે ઉત્પાદક લક્ષ્ય પર ધ્યાન આપવું, જેમ કે દિશાજ્ઞાન, સમજદારી, આત્મવિશ્વાસ વગેરે. (૫) સફળતા અને આત્મપ્રતાપના બન્ને મિત્ર નથી, પરંતુ શત્રુ છે. બન્ને એકસાથે કયારેય ચાલી શકતા નથી. (૬) વધુ જીવન, વધુ આનંદ, અને વધુ નિર્માણ એ જ આપણું લક્ષ્ય હોવું જોઈએ.

એમણે સાતમા અધ્યાય 'નકારાત્મક ભાવનાઓ સાથેની લડાઈમાં કેવી રીતે જીતી શકાય?' માં લખ્યું છે - (૧) નકારાત્મક વિશ્વાસ આપણને માનવતામાંથી નીચે ધકેલે છે અને ધૃણા આત્મનિર્ધારણને બગાડે છે. (૨) નિરાશા, કુમાગ-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગામિતા, અસુરક્ષાની ભાવના, એકાકીપણું, અનિશ્ચિતતા, અપ્રસન્નતા, ખાલીપણું વગેરે જેવા પોતાના આંતરિક શત્રુઓથી બચવું અનિવાર્ય છે. (૩) કોઈ એક સ્થળે નિષ્ફળ થઈ જવાનો અર્થ એ નથી કે આપ યોગ્ય નથી. અસફળતા તો મનુષ્યનો સ્વભાવ છે. રોમન દાર્શનિક સિનેકા એ કહ્યું છે કે, ''જો આપ માનવી છો તો મહાનતાનું વરણ કરો, પછી ભલે સફળતા ન મળે. શોધનો જન્મ તો નિષ્ફળતામાંથી જ થયો છે. નિષ્ફળ પ્રયોગ વિના કોઇ નિર્માણ થતું જ નથી.''

આઠમા અધ્યાય 'પ્રસન્નતાની વરણી કેવી રીતે કરશો'માં એમણે બતાવ્યું છે - (૧) જીવનમાં અસંતોષ આવવા ન દેવો જોઈએ. પ્રસન્નતાના સિદ્ધાંતને ભુલાવી દેવાથી એક ક્ષણ પણ રચનાત્મક બની શકતી નથી. પોતાના કાર્યમાં પ્રસન્નતા અનુભવવાનું વિરલાઓને જ આવડે છે. (૨) કષ્ટ, કઠણાઈઓ અને દુઃખો બધાંને જ મળે છે, પરંતુ હસમુખા લોકો પોતાના કષ્ટો અને દુઃખોને પાછળ ધકેલીને પ્રસન્નતાનું જ વરણ કરે છે. (૩) નકરાત્મક ટેવો જીવનની પરમ શત્રુ છે. એમનો ત્યાગ જ કરવો જોઈએ. (૪) પ્રસન્નતાપૂર્ણ કાર્ય સમયને ઓછો બનાવી દે છે. (૫) પોતાના સશક્ત વિચારો મૂકવાની જગ્યાએ બીજાના વિચારોથી તત્કાળ પ્રભાવિત થઈ જવું, મોટું કાર્ય હાથમાં લેવાથી ગભરાવું કે નિષ્ફળ થવું, સંભાવનાઓ પર વિચાર કર્યા વિના મેદાનમાં સર્વેક્ષણ માટે ઊતરી જવું જેવી ખરાબ આદતો શોધી કાઢવી અને તેમનો ત્યાગ કરવો જ બહેતર છે.

નવમા અધ્યાય 'આત્મવિશ્વાસ અંતઃનિર્માત્રી સૈન્યશક્તિ'માં તેઓ લખે છે - (૧) મહાનતા તરફ અગ્રેસર થવાની પહેલી શરત આત્મવિશ્વાસ છે. (૨) પોતાના મનમાંથી નિષ્ફળતાનો ભય કાઢી નાખવાથી સફળતા અવશ્ય મળે છે. (૩) વર્તમાન સમયમાં સફળતા પ્રાપ્ત કરવા માટે ભૂતકાળની નાની સફળતા પણ યાદ રાખવી, આત્મસાત કરવી અને તેની મદદ લેવી જરૂરી છે. વિશ્વાસને દોહરાવવાથી વધુ લાભ થાય છે. (૪) ક્ષમા આત્મવિશ્વાસની પ્રતિકૃતિ છે. જેમ બીજાને ક્ષમા આપીએ છીએ તેમ પોતાને પણ એવી જ રીતે ક્ષમા આપવી જોઇએ.

દસમા અધ્યાય 'નિરાશા-આંતરિક નાશક સેના'માં એમણે કહ્યું છે - (૧) 'હું આ કામ નહિ કરી શકું', 'આ ઉંમર અમુક કાર્ય કરવા માટેની નથી.' જેવી નકારાત્મક ભાવનાઓને ત્યજી દેવી એ જ પ્રગતિના પંથે આગળ વધવાની નિશાની છે. (૨) પોતાને કોઈ રીતે નીચા માનશો નહીં, પરંતુ બધાની જેમ સમજો. (૩) પોતાની વિશેષતાઓને સમજી આજના સમયનો શ્રેષ્ઠતમ સદુપયોગ કરો.

મહાપુરુષોના વિચાર પશ્ચિમમાંથી આવે કે પૂર્વમાંથી આવે, તે શાશ્વત અને સનાતન હોય છે. ઉપર્યુક્ત દસ અધ્યાય તથા એમાં આપવામાં આવેલ સૂત્રો આપણી વૈદિક સંપદા આર્ષ વાઙ્મયના શાશ્વત સૂત્રોનું જ પ્રતિનિધિત્વ કરે છે. રચનાત્મક અને વિધેયાત્મક જીવન જીવવાનું આપણા હાથમાં જ છે. આ કલાનું કૌશલ શીખી એમાં પ્રવીણ થઈ જવું એ જ જીવનસાધના છે.

**રામકૃષ્ણ પરમહંસની માતા વૃદ્ધાવસ્થામાં ગંગાતીર્થ પર રાસમણિના કાલીઘાટ પર રહેવા લાગ્યાં. રાણી રાસમણિના જમાઈએ એમના નિર્વાહ માટેની વ્યવસ્થા કરવાની ઈચ્છા દર્શાવી, તો માતાએ કહ્યું, ''ના, મારે કશું જોઈતું નથી. હું મજામાં છું. રોજ સવારે ગંગાસ્નાન કરું છું અને કાલીમાનો પ્રસાદ લઉં છું. મારે માટે આજ ઘણું છે.'' એમના ઘણા આગ્રહથી એમણે ફક્ત બે પૈસાનું પાન મંગાવી એમનો આગ્રહ પૂરો કર્યો. આ સાંભળી તેઓ બોલી ઉઠ્યા, ''હા મા, જો આવો ત્યાગ ન હોત તો પરમહંસદેવ કેવી રીતે જન્મ્યા હોત ?''**

**માતાપિતાના સ્વભાવનો પ્રભાવ સંતાન પર અવશ્ય પડે જ છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બલિહારી ગુરુ આપને, ગોવિંદ દિયો બતાય

ગુરુ ના હોય તો ગોવિન્દનો, પરમાત્માનો પરિચય કોણ કરાવે ? પરમાત્મા આપણી ચારેબાજુ વ્યાપેલા છે. અંદર અને બહાર પણ. બધી દિશાઓને ઢાંકીને રહેલા છે, પરંતુ એમની અનુભૂતિ થતી નથી, કારણ કે અનુભવ કરનારી ચેતના વિકાસ પામી નથી. જે સત્તાના સાનિધ્ય, સંસર્ગ અને અનુગ્રહ વડે તે ચેતના જાગે છે, એનું નામ 'ગુરુ' છે. આપણામાં રહેલી બ્રહ્મસત્તાનું જ્ઞાન કરાવવાને લીધે જ ગુરુને પરમાત્માથી મહાન મનાય છે. કબીર જ્યારે એમની સમસ્યા ગાય છે કે 'ગુરુ ગોવિંદ દોઉ ખડે કાકે લાગું પાય.' તો તે માત્ર છંદનો વિષય નથી, સમસ્યા વ્યાવહારિક પણ છે. કોનો અનુગ્રહ વધારે છે, ગુરુનો કે પરમસત્તાનો ? કબીર પોતે જ જવાબ આપે છે કે ગુરુ વધારે મહત્ત્વપૂર્ણ છે. એમની પર ન્યોછાવર થવું જોઇએ, કારણ કે પરબ્રહ્મને બતાવવાનું શ્રેય એમને જ મળે છે. સમાધાન કરતાં તે ગાય છે કે, 'બલિહારી ગુરુ આપને ગોવિંદ દિયો બતાય.'

ભારતીય પરંપરા ગુરુને બ્રહ્મથી પણ શ્રેષ્ઠ અને મહાન માને છે. વ્યાસપૂજા વખતે આષાઢી પૂનમના દિવસે નર્મદાના કિનારે ૐકારેશ્વર ક્ષેત્રમાં આદ્ય શંકરાચાર્યે ગુરુની વંદના કરી હતી. 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ.' સંન્યાસ-દીક્ષા આપતા ગુરુ આદ્ય શંકરના ગુરુ શ્રી ગોવિંદ પાદાચાર્યે શિષ્ય પાસે દક્ષિણા માંગી હતી કે વૈદિક ધર્મનો પુનરુદ્ધાર કરજે. દક્ષિણા ચૂકવવાથી લૌકિક-અલૌકિક સગાઓ સહયોગ કરશે, અનુયાયી બનશે.

ગુરુને પરબ્રહ્મ શ્રદ્ધાવશ કે અનુગ્રહ માનીને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે નથી દર્શાવ્યા. ગુરુ પરબ્રહ્મની વંદનામાં લખેલા આ શ્લોકની વ્યાખ્યા કરતાં સ્વામી અખંડાનંદ સરસ્વતીએ વેદાંત પર એક પ્રવચનમાં કહ્યું છે ગુરુ એક આદર્શ છે, જેને શિષ્ય મેળવવાના છે. વાસ્તવમાં મૂળ ગુરુ અને ભગવાન આપણામાં જ છે. એને જોઇ અને સમજીને મેળવવા કઠિન છે, માટે આપણી બહાર એની સત્તા સ્વીકારવી પડે છે. નહીં તો તે આપણી અંદર જ રહેલા છે. આપણી અંદર રહેલી પૂર્ણતાને એક સ્થૂળ સ્વરૂપે જોવી - અપનાવવી હોય તો તે ગુરુ જ છે.

અધ્યાત્મ માર્ગે ખૂબ આગળ ગયા, પરમ સમાધિ કે પૂર્ણતા સુધી પહોંચેલા સંતો, આચાર્યો અને સિદ્ધોએ પોતાની દરેક હિલચાલનો આરંભ ગુરુને પ્રણામ કરીને કર્યો. એમનો ઉપદેશ શિક્ષણ અને પ્રેરણાઓને હૃદયમાં ધારણ કરી અને પૂર્ણતા સુધી પહોંચ્યા. ગુરુને લાંબા સમય સુધી આપણા સાનિધ્યમાં રાખવા એ જરૂરી નથી. થોડાક ક્ષણોનો સાથ પણ કાયાકલ્પ કરી ગયો. સંત કબીરે પોતાના ગુરુ સ્વામી રામાનંદની એક ઝલક ભરી હતી.

એમના વિશે પ્રસિદ્ધ છે કે, કાશીના એક ઘાટ પર કબીરને થોડી ક્ષણ માટે ગુરુનો સંપર્ક મળ્યો. એ ક્ષણોમાં સ્વામી રામાનંદે ફક્ત રામ-રામ જ કહ્યું હતું. રામ નામનું બે વાર ઉચ્ચારણ કબીરની ચેતનામાં ગુરુસત્તાને પ્રગટાવી ગયું. કબીર જીવનભર રામ નામનો મહિમા ગાતા રહ્યા. એમના રામ 'પરબ્રહ્મ'ના નાયક જ હતા. દશરથનંદન અવતારી રામ એમના ઈષ્ટ-આરાધ્ય નહોતા, સ્વામી રામાનંદ અવતારી રામની આરાધના કરતા હતા, પરંતુ એમના આશીવદિ કબીરની અંદર નિર્ગુણ રામની ભક્તિ જગાવી. કબીરમાં વિકાસની જે સંભાવના હતી તે પ્રગટી. કબીરે તો ગુરુને પરમાત્માથી મહાન માન્યા છે. પોતાના ગુરુનું સ્મરણ કરતા કરતા એમણે ગાયું - ''કાશીમાં હમ પ્રગટ ભયે, રામાનંદ ચેતાયો.''

ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશથી પણ ઊંચા સ્થાને પ્રતિષ્ઠિત માનનારા આદ્ય શંકરાચાર્યે પણ પોતાના ગુરુનું સાનિધ્ય થોડા સમય માટે જ મળ્યું હતું. એ સાનિધ્યને શિષ્યે પૂરી રીતે સ્વીકાર્યા અને યુગાંતરકારી સામર્થ્ય મેળવ્યું. એ સામર્થ્યની સાથે પોતાનામાં પરબ્રહ્મ પ્રગટ કર્યું. તે કહી શક્યો કે હું જ બ્રહ્મ છું. 'અહં બ્રહ્માસ્મિ.' ગુરુનું પ્રત્યક્ષ સાનિધ્ય એટલું જરૂરી નથી, જેટલું એ ગ્રહણશીલ હોય. ગુરુસત્તા પ્રત્યે જેટલી ખેલદીલી, વિનય અને સમર્પણનો ભાવ હશે, એનો વૈભવ એટલો જ વધારે અને પૂર્ણતામાં વ્યક્ત હશે.

પરમપૂજ્ય ગુરુદેવનો પોતાની માર્ગદર્શક સત્તાનું પ્રત્યક્ષ સાનિધ્ય નવ દિવસથી વધુ મળ્યું નથી, તે પણ થોડું જ. તે દર્શાવતા હતા કે પાંસઠ વર્ષના સાધક અને સિદ્ધ જીવનમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જુદા - જુદા પ્રસંગે મળેલું સાનિધ્ય જોડી દેવામાં આવે તો તે નવ દિવસની બરાબર જ બેસે છે. પરંતુ ગુરુનો અનુગ્રહ મેળવવા માટે જે સમર્પણની જરૂરિયાત હતી તે પહેલા દર્શને જ સિદ્ધ થઈ ગઈ હતી. ગુરુદેવની માર્ગદર્શક સત્તા જેને અખંડ જ્યોતિ પત્રિકાના સભ્યે દાદા ગુરુ' ના રૂપમાં યાદ કરે છે. પાછલા કેટલાય જન્મોથી એમનું ધ્યાન રાખેલું. પોતાના વર્તમાન લીલારૂપનો ઉલ્લેખ કરતાં ગુરુદેવે પોતાની માર્ગદર્શક સત્તા વિશે જાતે જ લખ્યું છે કે, ઘટનાક્રમ પંદર વર્ષની ઉંમરથી શરૂ થાય છે. જે હવે સાઈઠ વર્ષથી વધુ થઈ ગયા. આના પહેલાંની અપરિપક્વ બુદ્ધિ કંઇક કઠોર દઢતા અપનાવવાની સ્થિતિમાં પણ નહોતી અને મનમાં પણ એટલી તીવ્ર ઉત્કંઠા નહોતી. શરૂઆતના દિવસોમાં ઉઠતી જિજ્ઞાસાએ તે વિષયના અનેક પુસ્તકો વાંચવામાં, અને આ ક્ષેત્રના અનેક પ્રતિષ્ઠિત લોકોને પૂછપરછ કરવાની પ્રક્રિયા પૂરી સાહસિકતાથી અપનાવી. એથી પણ સમાધાન થયું નહીં, તો ઉત્કંઠા આકાશમાં ભ્રમણ કરવા લાગી અને એક પારંગત સમાધાન મદદ માટે શોધી લાવી.

અખંડ જ્યોતિના ફેબ્રુઆરી ૧૯૮૫ના અંકમાં પૂજ્ય ગુરુદેવ એ પંક્તિઓમાં માર્ગદર્શક સત્તાનો અનુગ્રહ મેળવવા માટે પ્રાથમિક તૈયારનું વિવેચન કર્યું છે. ઉત્કંઠા હોય તો ગુરુ પ્રગટ થાય છે, તરસ હોય તો પાણી પણ પ્રગટ થાય છે, ધરતી સૂકાઈ રહી હોય અને વર્ષાની ઝડી પડે તો વાદળો ઘેરાઈને નદી-નાળાં સહિતા ખાઈ-ખાડા સુધી તમામને ભરી દે છે. પોકાર હોય તો પરમાત્મા પણ દોડી આવે છે. ગુરુ સત્તા પણ પોતાના શિષ્યને એ જ રીતે શોધતી, પસંદગી કરતી અને ઉપર્યુક્ત સ્થિતિ સુધી પહોંચવા માટે પ્રતીક્ષા કરે છે.

પંદર વર્ષની ઉંમરે ગુરુદેવની સામે એની માર્ગદર્શક સત્તા પ્રગટ થઇ. પૂજ્યવર લખે છે કે, તેનું પ્રગટ થવું એ પણ એક અવસર હતો. એના પ્રગટ થવાથી મનમાં જે સવાલ ઊઠે, એ વિશે માર્ગદર્શક સત્તાએ શું કહ્યું, એ પૂજ્યવરના જ શબ્દોમાં - ‘‘દેવાત્મા જેની સાથે સંબંધ જોડે છે, એને ઓળખે પણ છે. પોતાની શક્તિ અને સમય બગાડતાં પહેલાં કંઇક તપાસ પણ કરવી પડે છે. જે કોઈ ઇચ્છે, એની આગળ પ્રગટ થાય અને એનું ઇચ્છિત પ્રયોજન પૂરું કરે એવું હોતું નથી. પાત્ર-કુપાત્રનું અંતર જાણ્યા વિના કોઈની સાથે સંબંધ જોડવો એ કોઈ બુદ્ધિમાન અને સામર્થ્યવાન માટે ક્યારેય પણ સંભવિત નથી હોતું.''

‘હમારી વસીયત ઔર વિરાસત' પુસ્તકમાં પૂજ્ય ગુરુદેવની એ પંક્તિઓ ગુરુ દ્વારા શિષ્ય માટે અપનાવેલી કસોટીઓ છે. એની માર્ગદર્શક સત્તા ગુરુદેવને પસંદ કરવા અને એમની સંપૂર્ણ શક્તિ-વિભૂતિઓ હસ્તાંતરિત કરે છે. એ હસ્તાંતરણનો ઉદ્દેશ દર્શાવતા ગુરુદેવ પોતાની આત્મકથામાં લખે છે - ‘‘અમે સૂક્ષ્મ દૃષ્ટિથી એવા સત્પાત્રની શોધ કરતા રહ્યા, જેને સામયિક લોક કલ્યાણનું નિમિત્ત બનાવવા માટે પ્રત્યક્ષ કારણ દર્શાવે. અમારું આ સૂક્ષ્મ શરીર છે. સૂક્ષ્મ શરીર વડે સ્થૂળ કાર્ય થતાં નથી. એ માટે કોઈ સ્થૂળ શરીર ધારીને જ માધ્યમ બનાવી અને શસ્ત્રની જેમ પ્રયુક્ત કરવો પડે છે. આ સમય વિષમ છે. આમાં મનુષ્યનું અહિત થવાની વધુ સંભાવના છે. એનું સમાધાન કરવા તમારે માધ્યમ બનાવવાનું છે. જે નથી એને દૂર કરવું છે. પોતાનું માર્ગદર્શન અને સહયોગ આપવાનું છે. હજી સુધી તમે પોતાના સામાન્ય જીવનથી જ પરિચિત હતા. પોતાને સાધારણ વ્યક્તિના રૂપમાં જ જોતા હતા. તમારા અસમંજસનું એક કારણ આ પણ છે. તમારી યોગ્યતાનું વર્ણન કરો, તો પણ ક્યારેક તમારા સંદેહનું નિવારણ નહીં થાય. માટે તમને તમારા પાછલા ત્રણ જન્મોની જાણકારી આપવામાં આવી.

‘‘આ તમારો દિવ્ય જન્મ છે, તમારા આ જન્મમાં જ અમે તમારા સહાયક રહીશું અને આ શરીરથી એ કરાવીશું જે સમયની દૃષ્ટિએ જરૂરી છે.'' પરમપૂજ્ય ગુરુદેવના આ કથનને શ્રદ્ધાળુ પરિજન એમની લીલાપ્રસંગના રૂપમાં જુવે છે, નહીં તો પાછળના ત્રણ જન્મોમાં સિદ્ધ સંત અને યુગને બદલવાની ભૂમિકામાં રહેલા ગુરુદેવને આ જન્મમાં આરંભથી શરૂ કરવાની કે કઠોર તપ કરવાની શી જરૂરત હતી ? પરિજનો મુજબ ગુરુદેવના લીલાપ્રસંગ પોતાના માધ્યમથી સાધકોની સામે એક દૃષ્ટાંત રાખવા માટે જ હતું.

પ્રવચનો, લેખો અને વ્યક્તિગત ચર્ચાઓમાં ગુરુદેવ પોતાની માર્ગદર્શક સત્તા વિશે બતાવતા હતા. પરિજનોએ સ્વાભાવિક રીતે જ પોતાના ગુરુમહ-દાદાગુરુના વિશે વધુ જાણવા તથા બની શકે તો એમનો સંપર્ક પણ કર્યો કે ગુરુવર ! સ્વામી સર્વેશ્વરાનંદજીના દર્શન કરાવો. ગુરુદેવ એમને પોતાના જ રૂપમાં જોવા માટે કહ્યું. કેટલાક સાધકોને સંતોષ થયો નહીં. બાલહઠ અથવા તીવ્ર ઉત્કંઠા જોઇને ગુરુદેવ એમને અનુભૂતિનો અવસર આપ્યો. ગુજરાતના એક પરિજન મગનભાઈ પણ આ સાધકોમાં હતા. વારંવાર જીદ કરીને એમણે ગુરુદેવને સ્વામી સર્વેશ્વરાનંદજીના દર્શનનો ઉપાય પૂછી લીધો. રસ્તો દર્શાવ્યો અને એ પણ અમુક દિવસે ઉત્તરકાશીમાં અમુક સ્થળે અમારા ગુરુદેવ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મળશે. મગનભાઈ નક્કી તિથિ અને સમયે નક્કી સ્થળે ગયા. ત્યાં ક્ષણવાર માટે દાદા-ગુરુના દર્શન થયા. મગનભાઈ કંઈક સમજે, એ પહેલાં જ તે ઝડપથી ચાલતા પહાડી ચઢી ગયા. મગનભાઈ પણ એમનો પીછો કરતા ગયા. એક જગ્યાએ એવી જ આકૃતિને બેસતાં જોઈ. દિગંબર અને અવધૂત દાદા-ગુરુની ઝલક દૂરથી જોઈ અને નજીક પહોંચ્યા તો અચરજ પામી ગયા. હવે ત્યાં દિગંબર અવધૂતની આકૃતિ નહોતી, પરંતુ પરમપૂજ્ય ગુરુદેવ પોતે જ બિરાજેલા હતા. મગનભાઈએ વિચાર્યું કે સપનું તો નથી જોતો ને ? એમણે આંખો મસળી અને બીજીવાર જોયું તો દાદાગુરુ જ બેઠેલા હતા. થોડીક ક્ષણ પછી એ પણ લોપ થઈ ગયા. મગનભાઈ તરત શાંતિકુંજ પાછા ફર્યા અને ગુરુદેવની વાત નહીં માનવા બદલ ક્ષમા માંગવા લાગ્યા. ક્ષમાની ઔપચારિકતા પર ગુરુદેવે એકવાર ફરી મીઠો ઠપકો આપ્યો. હવે જેટલું દર્શાવાય એથી વધારે હઠ કરશો નહીં. મગનભાઈ લખે છે કે, એ પછી એમને એમના ગુરુની સામે આગ્રહ કરવાનું સાહસ પણ ના થયું. હઠ કરવાની વાત તો દૂર રહી.

સંપૂર્ણ ભાવથી ગુરુની શરણમાં ગયા પછી શિષ્યને એના લક્ષ્ય સુધી પહોંચાડવાની જવાબદારી ગુરુની જ હોય છે. શિષ્યની પાત્રતા જોઇને તે નક્કી કરે છે કે ક્યારે અનુગ્રહ કરવો. મુખ્ય શરત એ છે કે શિષ્યનું સમર્પણ હોવું જોઈએ. પોતાની તરફથી કોઈ માંગ ના હોય. માંગ ઊઠતા જ સમર્પણ ખંડિત થાય છે. શિષ્યના સમર્પણને નાના જળાશય અને સાગર સંબંધના દૃષ્ટાંત વડે સમજાવી શકાય છે. સૂકું તળાવ એ શર્ત રાખે કે સાગર મને પૂરતા પાણીથી ભરી દે, પછી રસ્તો બનાવું, તો એ ક્યારેય શક્ય નહીં બને. પોતાનું ખાલીપણું ભરવા માટે જળાશયને સમુદ્ર તરફ જવું જ પડશે, આંતરિક પ્રવાહ યા નહેર-નાળાના રસ્તે પણ સંબંધ સ્થાપિત કરવો જ પડશે. સાથે સાથે પોતાના પ્રલયના ભયથી પણ મુક્ત થવું પડશે. જળાશય ત્યારે જ સાગરનો અંશ બની શકે છે. માત્ર સંબંધ જોડવો એ પૂરતું નથી. ગુરુ પ્રત્યે પોતાની તમામ આકાંક્ષાઓ, સીમાઓ અને ઇચ્છાઓને તિલાંજલિ આપી સમર્પિત થવું પડશે. ગુરુમાં પ્રગટેલી રોશની આ બેશર્ત સમર્પણ પછી જ શિષ્યના જીવનમાં પ્રકાશ પેદા કરે છે.

સ્વામી વિવેકાનંદે લખ્યું છે કે ઈશ્વરને જાણ્યા પછી સાધક ઈશ્વર બને છે કે નહીં, કંઇ કહી શકાતું નથી. પરંતુ એ ચોક્કસ છે કે ગુરુને જાણ્યા પછી, એમના પ્રત્યે સમર્પણ કર્યા પછી શિષ્ય પણ ગુરુની જેમ સમર્થ બની જાય છે. ઈશ્વરની કૃપા સાધકને સિદ્ધ બનાવે કે મોક્ષ આપે, ઈશ્વર નહીં બનાવે, પરંતુ ગુરુની કૃપા શિષ્યને પોતાના જેવો બનાવી દે છે. વધુમાં ગુરુ પોતે જ એમના રૂપમાં દેખાવા લાગે છે, માટે ગુરુ સત્તા ઈશ્વરથી પણ મહાન પરબ્રહ્મ છે.

સ્વામી રામકૃષ્ણ પરમહંસના વિશે પ્રસિદ્ધ છે કે એમણે સ્વામી વિવેકાનંદને સમય પહેલાં જ આત્મસાક્ષાત્કાર કરાવ્યો હતો. નરેન્દ્રનાથમાં પાત્રતા વિકસિત થઈ રહી હતી, પરંતુ તે આત્મસિદ્ધને લાયક નહોતા ! ગુરુસત્તાએ થોડી ક્ષણના ચરણસ્પર્શથી એમને સિદ્ધિના દ્વાર સુધી પહોંચાડ્યા હતા. આત્મસિદ્ધિની ઝલક મળ્યા પછી ગુરુએ પાછા અસલ સ્થિતિમાં પહોંચાડ્યા કે સિદ્ધિ પર હવે તાળું લાગી ગયું, ચાવી મારી પાસે જ રહેશે. યોગ્ય સમયે તમને મળશે. ત્યાં સુધી મારું સોંપેલું કામ કરો. સ્વામી વિવેકાનંદે ગુરુની આજ્ઞા શિરોધાર્ય કરી અને જીવનભર ગુરુ શિક્ષાનો પ્રચાર કર્યો અને એમના સંદેશને દશેદિશામાં ગુંજતો કર્યો. કહેવાય છે કે જ્યારે જ્યારે સ્વામી વિવેકાનંદને પોતાની એ અનુભૂતિનું સ્મરણ થતું, એ બેચેન બનતાં હતા. પરંતુ ગુરુએ યોગ્ય સમયે જ સમાધિ પરત કરવાનું નક્કી કર્યું હતું. તે સમય સ્વામી વિવેકાનંદના મહાપ્રયાણના થોડા સમય પહેલાં જ આવ્યો. એમણે સમાધિ લાભ થયો અને એ જ્ઞાન પણ થયું કે ગુરુએ કેમ રોકી લીધા હતા ? પરંતુ જ્ઞાનની પહેલાં જ એમને પોતાની માર્ગદર્શક સત્તા પ્રત્યે કોઈ ફરિયાદ નહોતી.

આનો હેતું એ છે કે મહાન સંન્યાસીઓ અને ઉચ્ચકોટિની આધ્યાત્મિક વિભૂતિઓ પણ ઈશ્વરની સત્તા, આત્મસિદ્ધિ અને ભગવત્-પ્રાપ્તિને ગુરુ પછી જ મહત્ત્વ આપ્યું છે. એ વિશે એક સાવધાની જરૂર રાખવી જોઇએ. આજની વિષમ પરિસ્થિતિઓમાં સાધુ અને સંતનો વેશ ધારણ કરી કેટલાય લોક શ્રદ્ધા-સમર્પણની માંગ કરતા ફરે છે. એમના માટે અધ્યાત્મ આંતરિક ઉત્કર્ષનો નહીં, લાભ મેળવવાનો વ્યવસાય છે. પ્રચાર અને વૈભવથી પ્રભાવિત થયા વિના ગુરુની શરણમાં જવું જોઈએ. નિર્ધારણમાં કોઈ મુશ્કેલી હોય તો પોતાના હૃદયમાં રહેલી શ્રદ્ધા અને મસ્તકમાં રહેલા વિવેકને શરણે જવું જોઈએ. ત્યાંથી જે પ્રેરણાઓ મળે, એનું જ અનુસરણ કરવું જોઈએ, તે સાધના પણ યોગ્ય સમય પર ગુરુને મેળવી આપે છે. વિવેક અને શ્રદ્ધાળુ ચિત્ત માટે તે ક્ષણ જલ્દી સામે આવે છે, જેમાં શિષ્યને શોધતાં શોધતાં ગુરુ પોતે જ ત્યાં પહોંચે છે. સાક્ષાત્ પરબ્રહ્માએ કહેલી ગુરુસત્તાને શોધવાની જરૂરત નથી, પાત્રતા વિકસાવવાની જ જરૂરત છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શબ્દતરંગોની પ્રભાવોત્પાદકતા

તરંગ શબ્દનો હોય કે સંગીતનો, સાંભળનાર પર તેની અસર પડ્યા વિના રહેતી નથી. તે તેની પ્રકૃતિ મુજબ સારો કે ખરાબ પ્રભાવ પાડે છે અને એ સિદ્ધ કરે છે કે તે અસામાન્ય શક્તિ ધરાવે છે.

રોજિંદા જીવનમાં શબ્દની પ્રચંડ શક્તિનો ખ્યાલ જ્યારે કોઈ વ્યક્તિ કોઈને ગાળ આપે છે ત્યારે આવે છે. તેની અસરથી એ એવો હચમચી જાય છે કે મરવા-મારવા માટે તૈયાર થઈ જાય છે. આવેશ ઠંડો ન થાય અને સામેની વ્યક્તિ આગમાં ઘી રેડવાનું કામ કરતી રહે તો સ્થિતિ વણસી જાય છે અને શરીરના ભાગોને નુકસાન પહોંચાડવાથી માંડીને હત્યા સુધીની નોબત પેદા થઈ જાય છે. આવા કિસ્સાઓમાં મોટેભાગે એવું જોવા મળે છે કે આ હિંસા પછીથી વર્ગસંઘર્ષનું રૂપ લઈ લે છે. સ્કૂલ અને કોલેજોમાં જ નહીં, ચારરસ્તાઓ અને જાહેર સ્થળોએ પણ થતા જોવા મળે છે. કારણની શોધ કરવાથી જાણવા મળે છે કે કેટલાક ખરાબ શબ્દોના પ્રયોગથી જ સંઘર્ષ થયો. વિશાળ મહાભારત જેવું યુદ્ધ પણ કેટલાક અપ્રિય અને અનુચિત શબ્દોનું જ પરિણામ હતું. દ્રૌપદીએ તેનો પ્રયોગ ન કર્યો હોત તો કદાચ એ ઈતિહાસ પ્રસિદ્ધ સંગ્રામ ટળી શક્યો હોત. એ વાત જુદી છે કે ત્યારે કૌરવદળ જેવા ન્યાયવિરોધી તત્ત્વથી સમાજ મુક્ત થઈ શક્યો ન હોત, પરંતુ શબ્દના સંઘર્ષની વાત છે ત્યાં સુધી તેનાથી બચી શકાયું હોત.

કડવા શબ્દોના પ્રયોગથી એવા તરંગો પેદા થાય છે, જે વ્યક્તિના અંતઃકરણને હચમચાવી મૂકે છે. સંવેદનાઓનું નિવાસસ્થાન એ જ છે. અહીં જ ભાવનાઓ રહે છે, જે સારી અને ખરાબ બન્ને પ્રકારની હોઈ શકે છે. પૂર્ણરૂપથી શુદ્ધ અંતઃકરણને જો છોડી દઈએ તો દરેકમાં સારી અને ખરાબ ભાવનાઓ હોય છે. શબ્દો તેની પ્રકૃતિ અનુસાર એમને જ ઉત્તેજિત કરે છે. આ ક્રમમાં જ્યારે દુર્ભાવનાઓ ભડકે છે ત્યારે વેર, વિરોધ, બદલો, ઘૃણા વગેરે જન્મ લે છે. જો આ બધું જલદી ખતમ ન થાય તો એમનો અંતહીન સિલસિલો શરૂ થઈ જાય છે, જે વિદ્રૂપતાની સાથે સાથે સમાજને અસહિષ્ણુ અને ઉદ્દંડ બનાવી દે છે.

પરંતુ આ જ શબ્દોમાંથી એવા તરંગો પણ નીકળે છે, જે મનુષ્યના મનને મોહી લે છે. મીઠી વાણી જ્યારે માનવીય સંવેદનાને સ્પર્શે છે ત્યારે એ સ્નેહ મેળવીને માનવી ગદ્ગદ્ અને અભિભૂત થઈ જાય છે કે જાણે તેને કોઈ અનુપમ ઉપલબ્ધિ મળી ગઈ હોય. માતા જ્યારે પુત્ર સાથે મધુર વ્યવહાર કરે છે અને મીઠા વચનો બોલે છે ત્યારે તે એના હૃદયમાં જ વાસ કરવા લાગે છે. એના અભાવમાં સંબંધો ભૌતિક સગાઈ સુધી જ સીમિત બનીને રહી જાત અને જેને ગહન આત્મીય તાદાત્મ્ય કહી શકાય એવું કશું વિકસિત થઈ શક્યું ન હોત. પરિણામ મતભેદ, અણબનાવ ફરિયાદ વગેરેના રૂપમાં સામે આવે છે. શિષ્ય પ્રત્યેનું ગુરુનું આ વાત્સલ્ય જ તેને શ્રદ્ધાનું તેના પર આરોપણ કરે છે ત્યારે એકલવ્યની જેમ તેની બધી આત્મિક વિભૂતિઓ ધીરે-ધીરે શિષ્યની અંદર પ્રગટ થવા લાગે છે. કારણની શોધ કરવાથી જાણવા મળે છે કે એ ફળશ્રુતિ પ્રગાઢ સંબંધ અને મધુર આચરણની જ છે, નહિ તો આ સંસારમાં સિદ્ધ પુરુષો તો ઘણા અવતર્યા છે, પરંતુ પોતાના જેવા સમર્થ શિષ્ય, એમાંથી કોઈક જ પેદા કરી શક્યા છે. આવું કેમ થયું ? તેની ઊંડી તપાસ કરવાથી એ નિષ્કર્ષ પર પહોંચવું પડે છે કે બન્ને વચ્ચે ઇચ્છિત ઉચ્ચસ્તરીય સંબંધ સ્થાપી શકાયો નથી, પરિણામે ગુરુ સામર્થ્યવાન હોવા છતાં તે શિષ્યને સુયોગ્ય અને સક્ષમ બનાવી ન શક્યા તથા એ જેવો હતો તેવો જ રહી ગયો. તેથી એમ કહેવું ખોટું ન થાય કે આ વિકાસમાં વચનોની મધુરતા, શિષ્યની શ્રદ્ધા અને ગુરુની આત્મીયતા ત્રણેયનો ફાળો છે.

આ જ વાત સંગીતને પણ લાગુ પડે છે. તેના તરંગોના સારા અને ખરાબ બન્ને પરિણામ જોવા મળે છે. એમાં રોગનિવારક ક્ષમતા પણ છે અને સ્વાસ્થ્યવર્ધક શક્તિ પણ. તે મનને તરંગિત કરે છે, તો એનામાં જોશ પેદા કરવાની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શક્તિ પણ છે. મનોરંજનના રૂપમાં આજે જે સંગીતનું પ્રચલન છે એ મનને ખુશ કરવાનું સાધન જ નહીં, પરંતુ તેના સૂક્ષ્મ સ્પંદનો નિરાશાને મિટાવીને ઉલ્લાસ પણ પેદા કરે છે. કહેવાય છે કે મુસોલિની એકવાર ગંભીર અનિદ્રાનો ભોગ બની ગયા તો એમને તત્કાલીન ભારતીય સંગીતજ્ઞ ઓંકારનાથ ઠાકુરે એમાંથી બચાવ્યા હતા. તેઓ થોડા દિવસો સુધી એમને કેટલીક એવી સંગીતની ધુનો સંભળાવતા રહ્યા કે જેથી તેઓ અંતે સ્વસ્થ બની ગયા. જૂના જમાનામાં યુદ્ધના મેદાનમાં રણભેરીઓ વગાડવામાં આવતી, જે સાંભળીને સૈનિકોમાં જોશનો સંચાર થતો હતો. આ સિવાય સંગીતની સ્વરલહરીઓની પશુઓથી માંડીને વનસ્પતિ સુધીના જીવોમાં સકારાત્મક અસર જોવા મળી છે. ગાયોમાં એનાથી દૂધની માત્રા વધતી જોવા મળી છે તો પાકમાં તેની અસર પેદાશમાં વધારાના રૂપમાં જોવા મળે છે.

પરંતુ તેની નિષેધાત્મક અસરો પણ ઓછી નથી. સંગીતનો મુખ્ય રસ 'શ્રૃંગાર રસ' કહેવાય છે. એને 'રસરાજ' પણ કહેવાય છે. એની બે શ્રેણીઓ છે : સંયોગ શ્રૃંગાર અને વિયોગ શ્રૃંગાર. વિયોગ શ્રૃંગાર વેદના, નિરાશા અને હતાશાના ભાવોને કુશળ કલાકાર જ્યારે તલ્લીનતામાં ડૂબીને રજૂ કરે છે ત્યારે તેનાથી પેદા થતા કંપનો એટલા હતાશાજનક હોય છે કે સાંભળનાર પણ ગહન નિરાશાની સ્થિતિમાં પહોંચી જાય છે, જેમાંથી બહાર આવવું તેને માટે લગભગ અશક્ય હોય છે. પરિણામ આત્મહત્યાના રૂપમાં સામે આવે છે.

'સૅડ સન્ડે' નામનું આવું જ એક ગીત પાછલા દિવસોમાં બહુ ચર્ચિત થયું. છ દાયકાઓથી પણ વધુ સમય સુધી પ્રતિબંધિત રહેલા આ ગીત પરથી ગયા વર્ષે અમેરિકાએ પ્રતિબંધ ઉઠાવી લીધો કે જેથી એના પર કોઈ શોધ કે અધ્યયન કરી શકાય. જાણવાયોગ્ય તથ્ય એ છે કે આ ગીત તેના જન્મકાળથી માંડીને પ્રતિબંધ લાગવા સુધી સૌથી વધુ લોકોના જાન લઈ ચૂક્યો છે, તેમ છતાં તેની લોકપ્રિયતા ઓછી નથી થઈ. વિશ્વના લગભગ બધા પોપ ગાયકો એને પોતાના કાર્યક્રમોમાં સામેલ કરતા રહ્યાં, પરંતુ જ્યારે મૃત્યુની ઘટનાઓ વધવા લાગી તો છેવટે હારી જઈને ઘણા દેશોએ એના પર પ્રતિબંધ મૂકી દીધો. છતાં લોકો ચોરીછુપીથી સાંભળતા રહ્યા અને દંડ ભોગવતા રહ્યા; પરંતુ કાયદો અને સજાના ભયથી ધીરે-ધીરે એનો પ્રસાર બંધ થઈ ગયો. હવે ફરી એકવાર પ્રતિબંધ હટવાથી એ જોવાનું છે કે શ્રોતાઓ પર તેની અસર કયા રૂપમાં સામે આવે છે અને લોકો એના વિશે કેવા પ્રકારની પ્રતિક્રિયા પ્રગટ કરે છે !

ઉપરના ગીતમાં પીડા, નિરાશા અને દુઃખના એટલા ઊંડા ભાવો છે કે શરૂઆતમાં કોઈપણ કંપની એની રેકોર્ડ બનાવવા માટે રાજી ન થઈ, પરંતુ એના રચનાકાર સેરેશના પ્રયાસોથી જ્યારે તે બનીને તૈયાર થઈ, તો સંપૂર્ણ યુરોપ અને અમેરિકામાં એણે ધૂમ મચાવી દીધી. લોકો પાગલપણાની હદ સુધી એના ભક્ત બની ગયાં. યત્ર-તત્ર-સર્વત્ર એની જ સ્વરલહરીઓ ગૂંજવા લાગી, પરંતુ જ્યારે યુરોપથી માંડીને અમેરિકા સુધી આત્મહત્યાઓનો લાંબો દોર ચાલ્યો, તો લોકોને જલદી એના નિષેધાત્મક પ્રભાવની જાણ થઈ ગઈ.

આત્મઘાતની પહેલી ઘટના બુડાપેસ્ટમાં ઘટી, જ્યારે એક યુવકે "સૅડ સન્ડે" સાંભળ્યા બાદ પોતાને ગોળી મારી દીધી. તે પછી બર્લિનમાં એક યુવતીએ આને સાંભળી જીવન ટૂંકાવી લીધું. આ રીતે ન્યૂયોર્કમાં એક ઘટના ઘટી. આત્મહત્યાની નોંધમાં મરનાર મહિલાએ આગ્રહ કર્યો હતો કે તેની અંતિમ ક્રિયા વખતે એ ધુન વગાડવામાં આવે. બ્રિટેનમાં એક યુવકે તો એક બહુમાળી મકાન પરથી કૂદીને આત્મહત્યા કરી. તેના ખમીસમાંથી એક કાગળ નીકળ્યો, જેમાં લખ્યું હતું કે એ ગીત મનુષ્યોને સાંભળવા યોગ્ય નથી, કારણ કે તેના સ્પંદનો એમને એટલા ઊંડા વિષાદમાં ધકેલી દે છે કે મૃત્યુ સિવાય તેનાથી મુક્ત થવાનો બીજો કોઈ ઉપાય બાકી રહેતો નથી. સેરેશની પ્રેમિકાએ જ્યારે ગીતના ઘાતક પ્રભાવમાં આવીને પોતાની જીવનલીલા સમાપ્ત કરી લીધી ત્યારે તે વિચલિત થઈ ઉઠચો અને જે રીતે વ્યક્તિગત પ્રયાસોથી એ ગીતને એણે પ્રાસારિત કરાવ્યું હતું તે જ રીતે પોતાના પ્રયત્નોથી બંધ પણ કરાવી દીધું.

શબ્દ અને સંગીતની શક્તિ એટલી પ્રભાવશાળી હોય છે કે જો તેનો યોગ્ય રીતે સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તે મનુષ્યને ફક્ત સ્વસ્થતા અને પ્રસન્નતા જ નહી પણ એક એવી ઊર્જાથી ઓતપ્રોત બનાવે છે કે જે અન્ય માધ્યમોથી ભાગ્યે જ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે.

❈ ❈ ❈



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# ત્યાગ અને બલિદાનની સંસ્કૃતિ-દેવસંસ્કૃતિ

## (ભાગ-૨)

**પાછલા અંકમાં આ સ્થાયી સ્તંભ અંતર્ગત પાઠકજનો વાંચી ચૂક્યા છે કે ભારતીય સંસ્કૃતિ-દેવસંસ્કૃતિ પણ છે, હંમેશાં દેવત્વના આદર્શો પર ચાલતી આવી છે. મર્યાદા પુરુષોત્તમ રામના જીવનનાં ઉદાહરણો રજૂ કરી પરમ પૂજ્ય ગુરુદેવ આપણને બતાવે છે કે એ આદર્શો જ આપણો વારસો છે. ભગવાન શ્રીરામના વનવાસનો પ્રસંગ પાછલા અંકમાં ચાલતો હતો. ગુરુદેવે કહ્યું હતું કે શ્રીરામનું જીવન આપણા સૌને માટે આચરણ કરવા યોગ્ય છે. જ્યારે તેઓ વનવાસ જાય છે ત્યારે પિતાની આજ્ઞાપાલનનો એક આદર્શ સ્થાપિત કરી જાય છે. એમનું જ અનુકરણ લક્ષ્મણ અને સીતાજી પણ કરે છે. એ જ પ્રસંગ આ અંકમાં આગળ વાંચશો.**

લક્ષ્મણે કહ્યું, સિદ્ધાંતો માટે ભાઈએ ભાઈ માટે શું કરવું જોઈએ અને સુખો કરતાં દુઃખોની પસંદગી કેવી રીતે કરવી જોઈએ તે માટે મેં ફેંસલો કર્યો છે કે હું આપની સાથે જ રહીશ અને આપની સેવા કરીશ. સીતાએ પણ કહ્યું કે તપ અને ત્યાગની બાબતમાં હું પાછળ રહી શકું નહીં. આપને વનવાસ મળ્યો છે, પરંતુ દીયરજીને મળ્યો નથી, છતાં તેઓ રાજપાટના વિલાસી જીવન કરતાં વનવાસી જીવનને શ્રેષ્ઠ સમજે છે તેથી મને પણ વિલાસી જીવન સ્વીકાર નથી. હું પણ વનવાસી જીવન સ્વીકારીશ. સીતાજી તૈયાર થયાં અને તેઓ પણ ચાલવા લાગ્યા. બેટા, હું જોઉં છું કે અયોધ્યામાં એવાં બીજ વાવવામાં આવ્યાં કે જે કલ્પવૃક્ષની જેમ ઉગ્યાં. કૌશલ્યાજીએ પોતાના પુત્રના માથે હાથ ફેરવ્યો અને કહ્યું કે જ્યારે તમને તમારી માતાએ આજ્ઞા આપી છે તો તમે વનવાસ જઈ શકો છો. એમણે પણ છાતી પર પથ્થર મૂકીને એમને આજ્ઞા આપી દીધી. કોના માટે ? દૈવી સંસ્કૃતિના, દૈવી સભ્યતાના વિકાસ માટે, ત્યાગ અને બલિદાન કરવા માટે.

મિત્રો ! દૈવી સંસ્કૃતિ એ છે, જે ત્યાગ અને બલિદાન માટે પ્રોત્સાહન આપે છે અને આગળ વધારે છે તથા દૈત્યો અને રાક્ષસોની સભ્યતા એ છે કે તેઓ નથી પોતે શ્રેષ્ઠ કાર્યો કરતા કે નથી કોઈને કરવા દેતા નથી ચાલતા કે નથી ચાલવા દેતા અને પથ્થર તથા બેડીઓની જેમ જકડાઈને બેસી જાય છે. એ રાક્ષસ, દુષ્ટ અને પિશાચ છે, જેઓ સિદ્ધાંત, ત્યાગ અને બલિદાનના માર્ગમાં વિઘ્ન પેદા કરે છે અને તેઓ કહે છે કે એશઆરામ સારી વસ્તુ છે, પૈસાદાર થવું સારી વાત છે, સંગ્રહખોરી સારી વસ્તુ છે. આપ પણ વિલાસી બનો અને અમને પણ વિલાસી થવા દો. મિત્રો ! તેઓ આપણા ખાનદાનના નથી. તેઓ આપણા દુશ્મન છે.

મિત્રો ! કૌશલ્યાજીએ કહ્યું કે આપ વનવાસ જઈ શકો છો. અમે આજ્ઞા આપીએ છીએ કે આપ ખુશીથી જાવ. આ મામલામાં કોઈ પણ પાછળ ન રહ્યું. સુમિત્રાએ પોતાના પુત્ર લક્ષ્મણને કહ્યું કે બેટા, જો તમારા મોટાભાઈ વનવાસ જઈ રહ્યા છે તો હું તમને ત્યાગના માર્ગે, બલિદાનના માર્ગે ચાલતા રોકી નહિ શકું. સમિત્રાએ કહ્યું, ''જો પૈ સીય રામુ વન જાહીં ! અવધ તુમ્હાર કાજુ કછુ નાહીં !'' અયોધ્યામાં તમારું કામ નથી. અહીંના વિલાસી જીવનમાં, એશઆરામના જીવનમાં તમારું કોઈ કામ નથી. માતાએ છાતી પર પથ્થર મૂકીને માથે હાથ ફેરવ્યો,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આશીર્વાદ આપ્યો અને કહ્યું કે તમે વનવાસ જાવ. માતાએ જ નહીં, પરંતુ તેમની પત્ની ઉર્મિલાએ પણ કહ્યું કે ઠીક છે, આપ શ્રેષ્ઠ કાર્ય માટે જઈ રહ્યા છો તો હું એવી હલકી નથી કે આપના ભાવિ જીવનને રોકી શકું. આપ ચૌદ વર્ષ માટે વનવાસ જાવ. આપ ચૌદ વર્ષ બ્રહ્મચર્ય પાળી શકો છો તો હું પણ બ્રહ્મચર્ય પાળી શકું છું. આપ એક આદર્શ સ્થાપવા માટે અવશ્ય જાવ.

બેટા ! આ શું થયું ? સભ્યતાની શરૂઆત થઈ ગઈ. આ કઈ સભ્યતા હતી ? એ દૈવી સભ્યતા હતી, જેણે રાક્ષસોનો પરાભવ કર્યો. તો શું રામચંદ્રજીએ રાવણને મારી નાખ્યો હતો ? બેટા, રાવણને મારવા માત્રથી કોઈનો પરાજય થઈ શકે એમ નહોતું. નવા લોકો ફરી પેદા થઈ શકતા હતા. અમે યુદ્ધનાં પરિણામો જોયાં છે. પહેલું વિશ્વયુદ્ધ જ્યારે થયું હતું તે જ દિવસે તેના પેટમાં બીજા વિશ્વયુદ્ધનું બીજીરોપણ થઈ ગયું હતું. એમાંથી જે બીજો રાક્ષસ નીકળ્યો તે પહેલા કરતાં પણ વધુ ભયંકર હતો અને જ્યારે બીજું વિશ્વયુદ્ધ થયું તો એણે પણ બહુ મોટો વિનાશ કર્યો અને લોકોને કહ્યું કે જે કોઈ ખરાબ માણસો છે, દુશ્મન છે તેમને અમે મારી નાખીશું અને બધાની હત્યા કરી દઈશું. અમે તોપ ચલાવીશું, બૉમ્બ ફોડીશું અને સફાયો કરી દઈશું.

મિત્રો ! આપણે જોઈએ છીએ કે બીજું વિશ્વયુદ્ધ હજી પૂરું થયું નથી. ત્રીજા વિશ્વયુદ્ધ માટે એવું સર્વનાશી વાતાવરણ અત્યારથી જ તૈયાર થઈ રહ્યું છે. બેટા, બાળક પેટમાં બેઠું છે અને પ્રકાશિત થઈ રહ્યું છે. એ વારંવાર કંઈને કંઈ ખાતું રહે છે અને ફરી કાંગારુની જેમ પેટમાં ઘૂસી જાય છે. કાંગારું એક જાતનું પ્રાણી છે. તેના પેટમાં એક થેલી હોય છે, જેમાં બચ્ચાં બેઠાં હોય છે, એમાં જ ખાતાં રહે છે અને ફરી પેટમાં ઘૂસી જાય છે. ત્રીજું વિશ્વયુદ્ધ અત્યારે તેની માતાના પેટમાં બેઠું છે, પરંતુ જ્યારે એ માતાના પેટમાંથી નીકળશે ત્યારે સફાયો કરશે. કોનો સફાયો કરશે ? પછી દુનિયામાં સરસ્વતી રહેશે નહીં અને મનુષ્યજાતિનું અસ્તિત્વ પણ દુનિયામાં નહિ રહે. દુનિયામાં અક્કલ નહિ રહે કે જેના બળે અત્યારે મનુષ્ય મરવા-મારવા અને લડવા માટે તૈયાર થયો છે. આ સભ્યતા પછી જીવિત રહી નહીં શકે, કેમ કે ત્રીજું બાળક, જે પેટમાં બેઠું છે તે બધાને મારી નાખશે.

મિત્રો ! બર્ટ્રાન્ડ રસેલે સાચું જ કહ્યું હતું કે થર્ડ વર્લ્ડ વૉર પછી બીજું એક યુદ્ધ થશે એટલે કે ચોથી લડાઈ પણ થશે, પરંતુ એ લડાઈમાં શું થશે ? ચોથી લડાઈમાં મનુષ્ય ઈંટ અને પથ્થરોનો ઉપયોગ કરશે, પછી ટેંકોનો ઉપયોગ થઈ શકશે નહીં. ઈંટ અને પથ્થરોનો ઉપયોગ શા માટે થશે ? કારણ કે ત્યારે લોકો બુદ્ધિહીન બની જશે. ત્યારે જે પ્રાણી બચશે તે એટલાં બુદ્ધિહીન, સાધનહીન અને એટલાં અસહાય બની જશે કે ઢેફું ફેંકવા સિવાય લાઠી ચલાવવા લાયક પણ નહિ રહે. ત્યારે એમની પાસે ન આટલી અક્કલ રહેશે, ન સાધન રહેશે કે ન સંપદા રહેશે. બધું સાફ થઈ જશે.

બેટા, મને ખબર છે કે સંસારમાં જે કાંઈ મારક પ્રક્રિયાઓ છે તે માણસને ખતમ કરી શકતી નથી. એમના દ્વારા કોઈ સમાધાન થઈ શકશે નહીં. ના, અમે તો મારીશું. સારું તો પછી મારો. હું તો મારવાનો હિમાયતી છું, કેમ કે ઓપરેશનમાં મારક તત્ત્વ જ કામ કરે છે. આંખમાં મોતિયો હોય તો વધુમાં વધુ પાંચ સેકંડમાં ઓપરેશન કરી મોતિયો ઉતારીને ફેંકી દેવાય અને તરત બંધ કરી દેવાય. કેટલા દિવસમાં આંખ દુરસ્ત થઈ ? બેટા, આંખ તો પંદર દિવસમાં સારી થઈ. પંદર દિવસ શું થતું રહ્યું ? મલમ લગાડવામાં આવ્યો, પટ્ટી લગાડવામાં આવી અને ડ્રેસિંગ થતું રહ્યું. જખમ સારો કરવાનો પ્રયત્ન થતો રહ્યો. મારક તત્ત્વોની ક્યારેક જરૂર પડી શકે છે, પરંતુ વધુ જરૂર નથી અને ક્યારેય જરૂર પડશે નહીં. ક્યારેક જરૂર પડી શકે છે, પરંતુ વધુ નહીં. દાનવી સભ્યતા કે જેણે આપણા સંપૂર્ણ માનવસમાજને ખૂબ જકડી રાખ્યો છે તેને મારવા માટે એ તત્ત્વ પૂરતું નથી, જેને રાજનેતાઓ હથિયારના રૂપમાં ઉપયોગમાં લેવા માગે છે અને આપણે કઈ રીતે તેનો ઉપયોગ કરવા ઈચ્છીએ છીએ ? આપણે સંઘર્ષ દ્વારા કરવા માગીએ છીએ, ઘેરાવ દ્વારા ઈચ્છીએ છીએ, સત્યાગ્રહ દ્વારા લડવા માગીએ છીએ. શું એનાથી એ દૂર થઈ જશે ? ના, એનાથી એ દૂર ન થઈ શકે.

તો પછી કેવી રીતે દૂર થઈ શકશે ? મિત્રો ! દૈત્યોને મારવા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટે દેવતાનું પેદા થવું જરૂરી છે. દૈત્યને દૈત્ય પણ મારી શકે છે. બે રાક્ષસ હતા. બંને આપસમાં લડ્યા. મર્યા તો બંને, પરંતુ બંને મરી ગયા પછી નવા રાક્ષસો પેદા થઈ ગયા. નવો ફાલ તૈયાર થઈ ગયો. દૈત્યોને મારવા માટે દેવતાઓની જરૂર પડી. અયોધ્યામાં દેવતા પેદા કરવામાં આવ્યો. દેવતા કેવી રીતે પેદા કર્યો ? બેટા, દેવપરંપરાઓ પેદા કરી. દેવ પરંપરાઓનું નામ છે, દેવતા. નાનકડા કુટુંબે લોકો સમક્ષ ઉદાહરણો રજૂ કર્યાં, સિદ્ધાંતો માટે, આદર્શો માટે અને લોકહિત માટે. બીજા લોકો કહેતા રહ્યા, એમાં અમને કોઈ લાભ નથી. રાક્ષસોએ અમારા પર હુમલો કર્યો નથી, રાવણે અમને કોઈ નુકસાન પહોંચાડ્યું નથી, પરંતુ અયોધ્યાવાસીઓએ કહ્યું કે અમે દૈવી સભ્યતા સ્થાપવા માટે અમારાં કાર્યો કરીએ છીએ અને અમારી લીલાઓ કરીએ છીએ. એનું પરિણામ શું થયું ? બેટા, પરિણામ એ આવ્યું કે દૈવી સંસ્કૃતિ વિકસવા લાગી, વધવા લાગી.

કેવી રીતે વધી ? આપે જોયું નહીં ? વાનરો અને રીંછોએ કહ્યું કે જો મનુષ્ય દૈવી સભ્યતાને જીવનમાં ઉતારી શકે છે તો અમને પણ એવું જીવન જીવવામાં શું આપત્તિ હોઈ શકે અને અમે પણ એવું જીવન બનાવવામાં શા માટે પાછળ રહીએ ? રીંછ વાનરો જાન હથેળી પર રાખીને તૈયાર થઈ ગયાં.

દૈવી સભ્યતા કેવી હોય છે ? શું એ મીઠાઈ ખાય છે, મહેલ બનાવે છે ? ના બેટા, એવી નથી હોતી દૈવી સભ્યતા. દૈવી સભ્યતા એવી હોય છે કે જેમાં એક જ વૃત્તિ રહે છે, 'અમે આપીશું.' આપવા માટે એ પોતાનો સમય ખર્ચે છે, શ્રમ ખર્ચે છે, સાધન ખર્ચે છે, પોતાની બુદ્ધિ ખર્ચે છે અને બદલામાં મુસીબતો સહન કરવા માટે તૈયાર રહે છે. આ જ છે દૈવી સભ્યતા. દૈવી સભ્યતાનું સ્વરૂપ એક જ છે કે આપણે વ્યક્તિગત જીવનમાં મુશ્કેલીઓ વેઠીએ. કોના માટે ? સંપૂર્ણ સમાજ માટે, ધર્મ માટે અને સંસ્કૃતિ માટે. આપણે તેને વિકસાવવા માટે કષ્ટો ભોગવીએ અને એને આગળ વધારીએ. દૈવી સભ્યતા એનું જ નામ છે. બસ, ન એનાથી વધુ કે ન ઓછું. દેવતાઓનું સ્વરૂપ આ જ છે. જેઓ ભોગવિલાસ કરતા રહે છે, મોજમજા કરે છે અને કલ્પવૃક્ષની નીચે બેસી રહે છે તે દેવતા નથી. દેવતા એ લોકોને કહેવાય છે, જેઓ જીવનભર લોકો માટે મુશ્કેલીઓ ભોગવે છે. ઈન્દ્ર દેવતા છે. દેવતા કેવા હોય છે ? બેટા, વાદળાં સમુદ્રમાંથી મહામહેનતને પાણી લાવે છે. તેઓ કેટલી મુશ્કેલીઓ અને કષ્ટો ભોગવે છે અને આપણને જાણ કર્યા વિના, આપણા ધન્યવાદની અપેક્ષા રાખ્યા વિના ચુપચાપ આપણા ખેતરોમાં પાણી વરસાવે છે. એ દેવતા છે. આનાથી ન વધુ કરવાની જરૂર કે ન ઓછું. જે કોઈ દેવતા બન્યો છે તે આનાથી નથી ઓછો થયો કે ન વધુ. અત્યારે મેં આપને જે વાદળાઓનું ઉદાહરણ બતાવ્યું, ઠીક એવી જ રીતે દેવ બની શકાય.

મિત્રો ! રીંછ અને વાનર કોનાથી પ્રેરિત થયાં ? અયોધ્યાવાસીઓથી પ્રેરિત થયાં. તેમનાથી પ્રેરિત થઈને એમણે કહ્યું કે અમે પણ દેવસેનામાં ભરતી થઈએ છીએ અને દેવત્વના રક્ષણ માટે અમે પણ આગળ વધીએ છીએ. તેઓ ચાલવા લાગ્યાં. શું પરિણામ આવ્યું ? વધુ વિસ્તારથી નહીં બતાવું, પણ એનું નાનકડું સ્વરૂપ-ઝાંખી બતાવીને આપને બતાવી શકું છું મનુષ્યજાતિ માટે જ્યારે મુસીબતો આવી હોય, આજે દેખાય છે તેમ ભવિષ્ય માટે આશંકા ઊભી થઈ હોય કે અમારું ભવિષ્ય અંધકારમય થવાનું છે, તો શું કરવું પડશે ? ઉપાય એક જ છે, બીજો કોઈ ઉપાય નથી. આપણે દૈવી સભ્યતાની યોજના બનાવવી પડશે, ઉદાહરણ રજૂ કરવું પડશે. ના, અમે તો રાક્ષસોને મારીશું. અરે ! બેટા એ મરશે નહીં. આપણે એમને ગાળો આપીશું, વિરોધ કરીશું. બેટા, એનાથી પણ કશું ઉપજવાનું નથી. અસલ વિરોધ એ વાતનો છે કે આપણે તેમનો સામનો કરવા માટે એવી જબરદસ્ત તૈયારી કરીએ, જેથી લોકો પ્રેરણા લઈ પ્રભાવિત થઈને એ માર્ગ પર ચાલવા લાગે. એ માર્ગે ચાલવા માટે મનુષ્ય દૈવી સભ્યતાને અનુરૂપ ત્યાગ અને બલિદાન કરવા માટે તૈયાર થઈ જાય તે જરૂરી છે.

મિત્રો ! આ જ હતો રાવણને મારવાનો ઉપાય. સંપૂર્ણ લંકાકાંડનું જે પરિણામ મેં જોયું તે એ કે દરેક જણ ત્યાગ અને બલિદાન કરવા માટે તૈયાર થઈ ગયો. નાનાંનાનાં પ્રાણીઓ પણ તૈયાર થઈ ગયાં. રીંછવાનર તો તૈયાર થઈ જ ગયાં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એમાંથી એક ખિસકોલી આવી અને કહ્યું કે આપની સહાયતા માટે હું ત્યાગ કરીશ અને મદદ કરીશ. તું શું કરીશ ? હું મહેનત કરીશ અને કષ્ટ વેઠીશ. પછી શું ફાયદો થશે ? હું એ પૂલ માટે રસ્તો ખોલી આપીશ, જે પૂલ પર થઈને આ રીંછવાનરો પાર જઈ શકે અને રાવણને મારી શકે. તેથી હું સમુદ્રને પૂરવા માટે મારા વાળમાં માટી ભરીને લઈ જઈશ અને એમાં નાખીશ.

એ શું હતું ? આ દૈવી સભ્યતા છે, બેટા બીજું કંઈ નહીં. ખિસકોલી કોણ હતી ? મારે ખિસકોલીની વાત કરવાની જરૂર નથી. હું ખિસકોલીની પાછળ પડવા માગતો નથી. હું તો દૈવી સભ્યતાની વાત કહું છું. જ્યાં પણ દૈવી સભ્યતા થઈ છે અને જ્યાં લોકોએ ખિસકોલી જેવાં ઉદાહરણો રજૂ કરવાના પ્રયત્નો કર્યા છે ત્યાં રાવણ મર્યા છે, કુંભકર્ણ મર્યા છે, અત્યાચારી મર્યા છે અને ત્યાં રામરાજ્ય આવ્યું છે, સતયુગ આવ્યો છે, ધર્મયુગ આવ્યો છે. નિઃસ્વાર્થ ભાવે જનહિત માટે અને શ્રેષ્ઠ પરંપરાઓના સંરક્ષણ માટે ત્યાગ તથા બલિદાનનો જ્યાં સવાલ ઊભો થયો ત્યાં ખિસકોલીએ ઉદાહરણ રજૂ કર્યું. બેટા, ખિસકોલીની કથા કહેતાં કહેતાં મારું મન ભરાતું નથી. ખિસકોલીએ શું કર્યું ? પરંપરા કાયમ કરી. ખિસકોલીની જરા જેટલી માટીથી શું થઈ ગયું ? રેતીથી શું થઈ ગયું ? એ તો હું નથી જાણતો, પરંતુ અહીં રેતીની નહીં, ભાવનાની વાત ચાલી રહી છે. ભાવના જરા જેવી હોય, ભલે નાની હોય કે મોટી હોય, છતાં તે ખૂબ જબરદસ્ત હોય છે અને દુનિયામાં ઘણું કામ કરે છે.

મિત્રો ! રામરાજ્ય સ્થપાયું હતું. રામરાજ્ય કોણે સ્થાપ્યું હતું ? રામરાજ્ય ઉપરથી ટપકી પડ્યું કે દેવતાઓ પોટલીમાં બાંધીને મૂકી ગયા હતા ? ગુરુજી રામરાજ્ય કઈ તારીખે આવશે ? યુગનિર્માણ ક્યારે થઈ જશે ? કેમ, તું શું કરવા માગે છે ? મને શું ખબર કે ક્યારે થઈ જશે ? મિત્રો ! જ્યારે પરંપરાઓ આ પ્રકારની દેખાવા લાગે ત્યારે આપ વિશ્વાસ રાખજો કે હવે રામરાજ્ય આવવાનું જ છે. કયા પ્રકારની પરંપરાઓ દેખાશે ત્યારે ? જેમ નાનાં-નાનાં પક્ષીઓએ કરી બતાવ્યું ત્યારે. ગીધરાજ એક ખૂણામાં બેઠા હતા અને ખુશીથી દિવસો પસાર કરી રહ્યા હતા, પરંતુ એને ખુશીના દિવસો પસાર કરવામાં મજા ન આવી. અનીતિ જોઈને એ તડપી ઉઠયો અને કહેવા લાગ્યો, અહીંયાં અનીતિ ફેલાઈ રહી છે. કોઈની દીકરીનું આવું અપહરણ થઈ રહ્યું છે ત્યારે હું મારી આંખો વડે જોઈ રહું નહીં. પોતાની દીકરી હોય તો શું અને બીજા કોઈની હોય તો પણ શું ? હું આ અધર્મ જોઈ નહીં રહું. એ ઠીક છે કે હું રાવણને મારી શકતો નથી, પરંતુ હું સ્વયં તો મરી શકું છું. તેને મારવાનું શક્ય નથી તે હું જાણું છું. દરેક વ્યક્તિ પાપ અને અનીતિને મારી શકતી નથી, પરંતુ એ માટે મરી તો શકે છે. મરવું પણ બહુ મોટી વાત છે. બેટા, મરવાની તાકાત મારવાની તાકાતથી પણ બહુ મોટી છે, તું જાણતો નથી. એ ગીધ રાવણને મારી ન શક્યો, હું જાણું છું, પરંતુ એણે પોતે મરીને એ કામ કરી બતાવ્યું કે જે હજાર અંગ્રેજોને મારીને ભગતસિંહ કરી ન શકે દેશમાં ખળભળાટ મચાવી ન શકે.

અરે ગુરુજી ! મરવામાં તો હાર થાય છે, પરાજય થાય છે. મરવામાં નુકસાન થાય છે, ખોટ જાય છે. ના બેટા, કોઈ ઉચ્ચ ધ્યેય માટે મરવું એ મારવાથી પણ વધુ બહાદુરીનું કામ છે. નુકસાન સહન કરવું એ પણ એક બહાદુરીનું કામ હોઈ શકે છે. મિત્રો ! પંખીએ નુકસાન ભોગવ્યું અને રાવણ સાથે લડવા ગયું. એણે કહ્યું, હું જીવતો છું ત્યાં સુધી તું સીતાજીને લઈ જઈ નહિ શકે. રાવણે કહ્યું, "તારી પાસે તાકાત ક્યાં છે ? તલવાર ક્યાં છે ?" ગીધે કહ્યું, "નથી તો શું થયું, પરંતુ મારી પાસે જાન તો છે અને ન્યાય માટે, આદર્શ માટે અને ધર્મ માટે તો હું મરી શકું છું. પક્ષી યુદ્ધ માટે તૈયાર થઈ ગયું. રાવણે તેની પાંખો કાપી નાખી. તો શું પક્ષી હારી ગયું અને રાવણ જીતી ગયો ? ના બેટા, પક્ષી જીતી ગયું. રામચંદ્રજી જ્યારે આવ્યા ત્યારે એમણે પક્ષીને છાતીએ લગાવ્યું, પોતાના હાથે તેની પાંખો સાફ કરી અને પોતાની આંખોનાં અશ્રુથી તેના જખમો ધોયા. એણે કહ્યું, ભગવાન્ ! મેં ત્રણેય લોકોનું રાજ્ય પ્રાપ્ત કરી લીધું અને બધું જ મેળવી લીધું. મેં યશ પ્રાપ્ત કરી લીધો અને આજે અમર થઈ ગયો. હજારો લોકોને યુગોયુગો સુધી પ્રેરણા આપવા માટે તે એક સ્મારક બની ગયો, દીવાદાંડી બની ગયો.

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ગાયત્રીનું વ્યાવહારિક દર્શન

ગાયત્રી મંત્રના તત્વજ્ઞાનને સમજીશું અને તેના અર્થ ચિંતનને જીવનમાં ઉતારીશું તો ઉપાસના સફળ થશે.

ૐ સર્વવ્યાપી પરમાત્માનું પ્રતીક છે. ઈશ્વર આ સૃષ્ટિના કણ-કણમાં વિદ્યમાન છે. 'સિયારામ મય સબ જગ જાની'ની ભાવના સુદૃઢ કરવી જોઈએ. ભૂર્ભુવઃ સ્વઃ ત્રણ લોક છે. સંકુચિતતાને ત્યાગી, વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાનો વિસ્તાર કરો. માતા યશોદાને ભગવાન શ્રી કૃષ્ણે આ બ્રહ્માંડના દર્શન વિરાટ રૂપ બતાવી કરાવ્યા હતા. માતા કૌશલ્યા, કાકભૂસુન્ડિને ભગવાન રામે એ વિરાટ રૂપના દર્શન કરાવ્યા હતા. આજે સર્વત્ર વર્ગવાદ, પ્રાંતવાદ, સંપ્રદાયવાદના ઝઘડા છે. આજે સૌએ વિશાળ દૃષ્ટિકોણ અપનાવવો પડશે. પૂરો સંસાર એક પરિવાર બનીને રહે તો સુરક્ષા પર થતા ખર્ચ વિકાસ તથા સુખ-શાંતિના સાધન માટે નિયોજિત કરી શકાય છે.

આજની સમસ્ત સમસ્યાઓનું સમાધાન પરમ પૂજ્ય ગુરુદેવે પોતાના સાહિત્યમાં લખેલ છે. ગાયત્રી મંત્રનું તત્વજ્ઞાન જેમાં સમસ્ત જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે. તેને જાણવા, સમજવા અને જીવનમાં ઉતારવાની જરૂર છે.

પરમ પૂજ્ય ગુરૂદેવે કહ્યું-બેટા ! જે આને (સ્થૂળ શરીરને) જુએ છે, તે સુખી નથી થઈ શકતા. ભૌતિક સાધન મેળવી શકે છે. પરંતુ આત્મિક પ્રગતિ, આનંદ નથી પામી શકતા. જે તે (આત્માને) જુએ છે, તે વાસ્તવિક પ્રગતિ કરે છે. અમે ગુરૂદેવને પૂછયું કે 'આ' અને 'તે' શું છે ? ગુરુદેવે કહ્યું-બેટા ! આ માને શરીર, ભૌતિક સાધન અને લૌકિક સુખ-સુવિધાઓ, જ્યારે કે તે માને આત્મા અને પરમાત્મા. શરીર નશ્વર છે. પદાર્થ સાધન છે, આ બધું સાથે નથી રહેવાનું જ્યારે આત્મા સદૈવ સાથે છે. આજે લોકો ભૌતિક સુખ સાધન ભેગા કરવામાં પૂરો સમય, શ્રમ નિયોજિત કરી દે છે. શરીરની પૂર્તિ માટે, સુખ માટે સાધન ભેગા કરવામાં લાગ્યા છે. પાંચ વિભૂતિઓ છે. ધર્માચાર્ય, રાજનેતા, કલાકાર, બુધ્ધિજીવી તથા ધનવાન. આ પાંચ શક્તિઓએ પોત-પોતાના કર્તવ્ય પર ચાલવું જોઈએ. આ સમાજની ધરી છે. સાચી દિશામાં સમાજને બાળવામાં આ વિભૂતિઓનું યોગદાન જરૂરી છે. પાંચેય વિભૂતિઓને પ્રત્યક્ષ જગતના દેવતા કહી શકાય. તેઓ પ્રતિભાઓ જ છે. તેમની કૃપા વરસે તો આનંદ અને ઉલ્લાસના રૂપમાં સંપત્તિ અને પ્રગતિના રૂપમાં જોવા મળે છે. તેમનો પ્રકોપ થાય તો સર્વત્ર નરકનું રૂપ દેખાય છે.

સત્તાશાળી (રાજનેતા) જો પોતાની ક્ષમતાને સમાજ અને રાષ્ટ્રની સર્વતોમુખી પ્રગતિમાં ઝોંકી દે તો સ્વર્ગીય વાતાવરણ આપોઆપ બનવા લાગશે. ભ્રષ્ટાચારનો અંત થઈ જશે. સુવ્યવસ્થિત સમાજ તથા રાજતંત્રનું રૂપ નિખરી આવશે. રાજતંત્ર ભૌતિક જગત પર શાસન કરે છે. તો ધર્મ ભાવના, અંતર્જગત પર. ધર્માચાર્ય જન-જનની ભાવના, શ્રધ્ધા, આસ્થાનું નિર્માણ કરે છે. તે સાચી દિશામાં કાર્ય કરે તો વિવેકાનંદ, બુધ્ધ, ગાંધી બની જન-જનના ચિંતનને ઉચ્ચતા તરફ વાળી શકે છે. આજે પાખંડની ભ્રમ જંજાળ જનમાનસને મૂંઝવણમાં મૂકી દે છે. ધર્માચાર્યોનું સ્તર ઊંચું હોય અને તે લોકમંગળને અનુરૂપ કાર્યપધ્ધતિ અપનાવી લે તો ઋષિઓનો આ દેશ સારા વિશ્વને પ્રકાશ આપી ફરી જગત્-ગુરુની પ્રતિષ્ઠા મેળવી શકે છે.

બુધ્ધિજીવી વર્ગ પોતાના પ્રતિપાદનો, રચનાઓ, ઉપદેશોમાં જનમાનસનું સ્તર ઊંચું ઉઠાવનારી પ્રખરતાનો સમાવેશ કરે તો જનતા કર્તવ્ય પથ પર ચાલવા મજબૂર થશે. આજના સમયનો પોકાર સાંભળી દરેક બુધ્ધિજીવીએ જાગવું જોઈએ.

ચોથો વર્ગ કલાકારોનો છે. જે કલાકારોએ ધન કમાવવા માટે અશ્લીલ ચિત્ર, અશ્લીલ સિનેમાનો પતનવાળો માર્ગ અપનાવ્યો છે તે આપણી સંસ્કૃતિ પર ખૂબ મોટો કઠોરઘાત છે. કલાનું કેન્દ્રબિંદુ આજના સમયમાં સિનેમા રહી ગયું છે. લોકરંજન સાથે લોકશિક્ષણ મેળવી મહત્ત્વપૂર્ણ ઢંગથી જનમાનસનું નિર્ધારણ કરવાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જરૂર છે.

જો કલાના સામર્થ્યનો સાચો સદુપયોગ કરી શકાય તો આજે જનસાધારણમાં નીચ ચિંતન અને ધૃણિત કૃત્યનું દશ્ય કયાંય જોવા ન મળતું અને સંસારમાં ઉચ્ચ જીવનની હરિયાળી જ લહેરાતી હોત.

પાંચમી વિભૂતિ ધનની છે. ધનવાન લોક ઠાઠ-માઠ, વૈભવ-વિલાસનું જે સ્વરૂપ બનાવે છે, તેનાથી જન સાધારણની લાલસા ભડકે છે તેથી જલ્દી ધનવાન બનવાની લાલસાને કારણે અનીતિ અને બેઈમાનીનો માર્ગ સૂઝે છે. ધન ઉપાર્જન બુરું નથી, પરંતુ ખોટી રીતે કમાઈ તેનો ઉચ્છૃંખલ ઉપયોગ કરવો ખરાબ છે. વિલાસિતા, વ્યસન, અહંકાર આદિ દુષ્પ્રવૃત્તિઓ ધન વધવાની સાથે વધવા લાગે તો સમજવું જોઈએ ધનનો દુરુપયોગ થઈ રહ્યો છે. જેને ઈશ્વરે ધનની શક્તિ આપી છે તેણે સમાજના પછાતપણાને દૂર કરવા માટે, રાષ્ટ્રની ઉન્નતિ માટે ભામાશાહ જેવો આદર્શ પ્રસ્તુત જોઈએ.

આજે શરીર અને આત્મા બંને પર ધ્યાન આપવાની જરૂર છે. શરીર સાધન છે. શરીર સ્વસ્થ રહે અને આત્મા માટે લોક કલ્યાણ. આત્મ કલ્યાણ નિમિત્તે જેટલો બની શકે તેટલો પુરુષાર્થ કરવો જોઈએ.

ગાયત્રી મંત્રમાં "સવિતુ:" શબ્દ આવે છે. 'સવિતા' પ્રકાશનું પ્રતીક છે. ઈશ્વર કેવો છે, પ્રકાશ સ્વરૂપ વિરાટ સૂર્ય સમાન સવિતા સમાન છે. સૂર્ય નિયમિત ગતિશીલ રહે છે. નિયમિતતા, ગતિશીલતા તેનો સ્વભાવ છે. સૂર્ય પ્રાણનો સંચાર કરે છે. શ્રમશીલતાનો પ્રતીક છે. આજે શ્રમશીલતા પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે.

પૂજ્યવરે બતાવ્યું-શ્રમને દેવતા કહેવામાં આવે છે. જે શ્રમદેવતાની આરાધના કરે છે, તે સાચી સફળતા મેળવે છે. ગાંધીજીએ શ્રમ કર્યો, વિનોબાજીએ શ્રમ કર્યો. અમે નિરંતર શ્રમ કરીએ છીએ. શ્રમ કરવો એટલે ગાયત્રી માતાની પૂજા કરવી. આજની લોકમાન્યતા એવી છે કે ભગવાનને ભોગ લગાવી તેમનાથી પોતાનું કામ કઢાવી લેવાની ઈચ્છા પૂરી કરવા સરળ રસ્તો શોધી લેવાની વાત વિચારે છે. દેવતાઓ આગળ મનોકામના માટે કાલાવાલા કરે છે, પરંતુ શ્રમ કરવા નથી માંગતા. વિદેશોમાં દરેક વ્યક્તિ શ્રમ કરે છે.

પૂજ્ય ગુરુદેવે એક દષ્ટાંત સંભળાવ્યું-સ્વામી રામતીર્થ વેદાંતનો પ્રચાર કરવા માટે જાપાન ગયા. ત્યાં એક જગ્યાએ રોકાયા. સ્વામીજી એક ફેકટરી જોવા ગયા. બધા કર્મચારી પોત-પોતાના કામમાં લાગ્યા રહ્યા. સ્વામીજીને એક નજરે જોયા પછી પોતાના કાર્યમાં જોડાઈ ગયા. દરેક વ્યક્તિ પૂરી નિષ્ઠા સાથે તન્મય થઈ કામમાં લાગી ગયા. સ્વામીજીએ ધ્યાન કર્યું કે ભારત જ્યાં કોઈ ફેકટરીમાં એક વિદેશી પર્યટક આવી જાય તો તેને જોવા માટે લોકોની ભીડ લાગેલી રહે છે, કૌતૂહલવશ પોતાનું કામ પણ ભૂલી જાય છે. એ છે જાપાનની પ્રગતિનું રાજ. જાપાનમાં આજે પણ હડતાલો થતી નથી. રાષ્ટ્રને ભગવાન માની રાષ્ટ્રીય પ્રગતિને પહેલું કર્ત્તવ્ય માને છે. આપણા દેશમાં વર્તમાન દિવસોમાં કોઈને કોઈ વિભાગની હડતાલો થતી રહે છે. રાષ્ટ્રના નુકશાનની કોઈ પરવાહ કરતું જ નથી. સ્વામી રામતીર્થનું જાપાનમાં તે રાત્રીએ ઉદ્‌બોધન હતું. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં એ કહ્યું કે જે અધ્યાત્મની વાત તમને લોકોને બતાવવા માંગું છું તે તો જાપાનની નસે-નસમાં સમાયેલું છે. અધ્યાત્મનો અર્થ માત્ર માળા ફેરવવી જ નથી, અધ્યાત્મ જીવન જીવવાની કળા શીખવે છે. આજે કેટલાય લોકો માત્ર ધર્મના નામે બેઠાડું જીવન જીવે છે પૂજા, ધ્યાન, સાધના તો એક-બે કલાક રોજ કરી શકે છે, પરંતુ પૂરો સમય તેના નામે નિષ્ક્રિય જીવન જીવવું એ કઈ જાતનું અધ્યાત્મ છે ?

પૂજ્યવરે કહ્યું-બેટા ! ગાયત્રી મંત્રનું દર્શન જન-જનને બતાવવું પડશે. ગાયત્રી એટલે શ્રમ, જે શ્રમ કરશે તે તેનું અનુદાન વરદાન પામી નિહાલ થશે. સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ, શંકરાચાર્યજીએ જીવન ભર કાર્ય કર્યું. આપણે દેશને, સમાજને પતન-પરાભવથી મુક્તિ અપાવીએ. ધર્મની સાચી પરિભાષાથી જન-જનને અવગત (જાણકાર) કરાવીએ. સૂર્ય નિરંતર ગતિશીલ છે, ચંદ્રમા ગતિશીલ છે, વાયુ ગતિશીલ છે. આપણે પણ એવી પ્રેરણા લઈ આળસ, અકર્મણ્યતા, પ્રમાદ ભર્યું જીવન ત્યાગી સક્રિય જીવન જીવીએ. જ્યાં સુધી અમારામાં શ્વાસં છે. દરેક શ્વાસ પરોપકારમાં લાગી જાય.

"ચરૈવેતિ ચરૈવેતિ પ્રચલામઃ નિરંતર"

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

આણંદ–ત્રિપદા ગાયત્રી જ્ઞાન મંદિરની બહેનોએ વર્ષ ૨૦૦૧માં યુગ શક્તિ ગાયત્રી પત્રિકા વાર્ષિક ૨૪૦૦ અને આજીવન ૨૪૦ ગ્રાહકો બનાવવાનો ૨૪ બહેન/ભાઈઓએ સામૂહિક સંકલ્પ લીધો છે. આવા સત્ સંકલ્પ ઋષિ સત્તાની કૃપાથી સફળ બનશે જ.

ચરાડા–શ્રીરામ શર્મા આચાર્યજી પ્રેરિત સંસ્કાર લક્ષી પરિક્ષાઓ ગોજારીયા, ચરાડા શાખાના પ્રયાસોથી સંપન્ન થઈ. પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલના ૧૧૩૦ વિદ્યાર્થીઓએ આ સંસ્કારલક્ષી પરિક્ષામાં ભાગ લીધો. આ પરીક્ષાના પુસ્તકો હતા. (૧) જીવનધારા (૨) નૈતિક વિકાસ અને વેદોનો દિવ્ય સંદેશ.

સુરત–અઠવા લાઈન્સના આર. ટી. સરવૈયા મહાપૂર્ણાહુતિ પ્રસંગે હરદ્વારમાં યુગ શક્તિ ગાયત્રીના ૫૧ આજીવન સભ્યો તેમજ વાર્ષિક ૧૫૧ સભ્યોને બ્રહ્મભોજ રૂપે ૫૦ પ્રતિશત રકમમાં જ ગ્રાહકો બનાવવાનો સંકલ્પ કરેલ. પ્રથમ પ્રયાસમાં ૨૫ આજીવન અને ૭૮ વાર્ષિક સભ્યો અડધી કિંમતે થઈ ગયેલ છે.

અમદાવાદ–વીસમી સદીની વિદાય ને એકવીસમી સદીના આગમનના સ્વાગત અર્થે તેમજ વિશ્વ કલ્યાણાર્થે ૩૧-૧૨ ને રવિવારે શ્રી મંગલમૂર્તિ ગાયત્રી પરિવાર શાખાએ ૧૦૮ વેદીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરેલ જેમાં પરિવારના કર્મનિષ્ઠ કાર્યકરો તેમજ અન્ય પરિવારના ભાઈ-બહેનોએ સક્રીય ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો.

"પ. પૂ. ગુરુદેવ તથા પૂ. માતાજી સૂક્ષ્મ રૂપે ઉપસ્થિત હોવાની અનુભૂતિ થઈ." તા. ૩૦-૧૨ ના શનિવારનું વાતાવરણ વાદળોથી છવાઈ ગયું. વરસાદની પણ થોડી થોડી શરૂઆત થઈ. ૧૦૮ વેદીઓ પણ તૈયાર થઈ ગઈ હતી. અમારા આ શુભ કાર્યમાં વિઘ્ન આવી ગયું હોય તેવું થયું. ઋષિ સત્તાને અંતઃકરણપૂર્વક વિનંતી સાથે પ્રાર્થના કરી તો અમારી વિનંતીથી કરેલ પ્રાર્થનાનો સ્વીકાર થયો. ગુરુદેવે સંકેત કર્યો કે આંધી, તોફાન, વરસાદ પ્રાકૃતિક છે. બેટા ! તુમ્હારા કાર્યક્રમ પૂરા હોગા અને ખરેખર રવિવારે વરસાદ પણ ગાયબ અને સૂર્ય ખીલી ઉઠયો. ૧૦૮ વેદીય ગાયત્રી મહાયજ્ઞ આનંદ મંગળ ને ઘણા જ ઉત્સાહથી પૂર્ણ થયો.

અંજાર–ગત તા. ૧ ડીસેમ્બરનાં દિવસે વાઘેશ્વરી સોની યુવક મંડળ દ્વારા સમૂહ વિવાહનું આયોજન કરવામાં આવેલ. યુવક મંડળ દર વર્ષે પોતાનાં સમાજમાં સમૂહ વિવાહનું આયોજન કરે છે. આ વખતે બધાં કાર્યકરોની ઈચ્છા હતી કે સમૂહ વિવાહનું સંચાલન ગાયત્રી પરિવારનાં કાર્યકરો સંભાળે. આ સમાજે ગાયત્રી પ્રજ્ઞા મંડળ, અંજારે આ જવાબદારી સ્વીકારી લીધી. કુલ ૧૩ દંપતિઓએ આ પ્રસંગે પ્રભુતામાં પગલાં માંડીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો.

આ પ્રસંગ પાર પાડવા માટે ખાસ ભૂજ (કચ્છ)થી ગાયત્રી શક્તિપીઠનાં કાર્યકરોએ પધારી વિધિ-વિધાન સંપન્ન કરાવેલ. આદિપુર (કચ્છ)ની મહિલા મંડળની બહેનોએ પણ ખૂબ ઉત્સાહથી હાજર રહીને સહકાર આપેલ.

સમૂહ વિવાહનાં અંતે દરેક નવદંપતિએ સ્ટેજ પર આવી ગાયત્રીમાતા, પ. પૂ. ગુરુદેવ તથા વંદનીય માતાજીનાં ચિત્રો પાસે પ્રણામ કરેલ. આ સમયે ગાયત્રી પ્રજ્ઞા મંડળ તરફથી સાહિત્ય તેમને ભેટ આપવામાં આવેલ.

નરોડા–પૂ. ગુરુદેવના સૂક્ષ્મ આશીર્વાદ તથા પ્રેરણાથી સમગ્ર ગાયત્રી પરિવારના સહકારથી અમદાવાદના જલ્પા રો હાઉસ સોસાયટી નરોડા સ્થળે પ્રજ્ઞા પુરાણ કથા તેમજ નિઃશુલ્ક સ્વાસ્થ્ય શિબિરનો કાર્યક્રમ ૨૨ નવેમ્બરથી ૨૬ નવેમ્બરે સંપન્ન થયો. આ કથાનું અમૃતપાન પ્રજ્ઞાપુત્ર શ્રીકિર્તિભાઈ પંડયા તથા તેમની સંગીત ટોળી દ્વારા કરવામાં આવેલ હતું.

પ્રજ્ઞા પુરાણ કથામાં શ્રી કીર્તિભાઈએ દરેક માણસને સાચા માણસ તરીકે જીવવાની, વ્યસનમુક્તિ, તેમજ ઘર સંસારના રોજીંદા બનાવોમાંથી કઈ રીતે બહાર આવવું તેમજ તેનું સમાધાન કેવી રીતે કરવું વગેરે બાબતો ઉપર વધારે ભાર મૂકીને ઉદાહરણ સહીત રજૂઆત કરીને સમજાવ્યું. તેમની મધુરવાણીથી સમગ્ર જન સમુદાય પ્રભાવિત થઈ ગયેલા હતા. દરેક શ્રોતાઓએ પોતાના સમયમાંથી અમુક સમય જનકલ્યાણ માટે ફાળવવાનો સંકલ્પ લીધો હતો.

વડોદરા–૨૧મી સદીની પૂર્વ સંધ્યાએ તા. ૩૧ ડીસેમ્બરના રોજ ગોત્રી રોડ ઉપર વિશાળ દીપયજ્ઞ (૨૪૦૦), તેમજ અખંડ જપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દીપયજ્ઞ શ્રીમતી રશ્મીબેન ડભોઈવાળાએ સંપન્ન કરાવ્યો. આ આયોજનમાં મહત્ત્વની વાત એ હતી કે, ધનાઢ્ય વ્યક્તિઓ તથા મહાન વિભૂતિઓ જેવી કે સ્કૂલના આચાર્યો, ઉદ્યોગપતિઓ તથા યુવા વર્ગ ભાગીદાર બન્યા અને વડોદરાના મેયર શ્રીમતી ભારતીબેન વ્યાસે પણ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમણે સાત ક્રાંતીકારી આંદોલનો ધર્મતંત્ર તથા રાજતંત્ર સાથે મળીને કરીશું એવા સંકલ્પની સાથે દરેકને આ કાર્યમાં જોડાવવા માટે જાહેર અપીલ કરી. સાથે ગોરવા ગાયત્રી પરિવારના શ્રી એ. સી. પટેલની મદદથી વ્યસન મુક્તિની પ્રદર્શની પણ ગોઠવવામાં આવી હતી અને હજારોની સંખ્યામાં લોકોએ પ્રદર્શની નીહાળી હતી. આવા સફળ આયોજનમાં શાખાના કર્મઠ પરિજનોનો પરિશ્રમ અને ઉત્સાહ અભૂતપૂર્વ રહ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.